॥ હરિ:ૐ ॥

# શ્રીમોટાવાણી

## ૧-૨



પૂજ્ય શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૧

## દીક્ષાદિન ઉત્સવ પ્રવચન

**સુરત તા. ૪-૨-૧૯૭૨**

પ્રેમપૂર્વક સમર્પણ ભક્ત દંપતી સ્વ. શ્રી ભીખુકાકા અને સ્વ. વિદ્યાબહેનને.

જેઓ હરિઃૐ આશ્રમ, સુરતના પાયાના પથ્થર બની જ્યારથી **મોટા**ને મળ્યા ત્યારથી તેમનાં શરીર રહ્યાં ત્યાં સુધી તેમના ભક્ત બની રહ્યાં.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

સંપાદક :

**શ્રી રજનીભાઈ બર્માવાળા**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

॥ હરિઃૐ ॥

પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ**
હરિઃૐ આશ્રમ (સ્થાપના વર્ષ-૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
E-mail : hariommota1@gmail.com
website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત — નડિયાદ

આવૃત્તિ :

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૨ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૭ | ૨૦૦૦ |

પૃષ્ઠ : ૮૪

વેચાણ કિંમત : રૂ. ૧૦/-

પ્રાપ્તિસ્થાન : હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫.
હરિઃૐ આશ્રમ, નડિયાદ. પો. બો. નં. ૭૪

મુદ્રણશુદ્ધિ : શ્રી જયંતીભાઈ જાની, ફોનઃ(૦૭૯)૨૬૬૧૨૭૨૮

ડિઝાઈનર : મયૂર જાની, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪
મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ.
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(ત્રીજી આવૃત્તિ)**

પૂ. શ્રીમોટાના ભક્તિભાવથી
આશ્રમના રસોડાની જરૂરિયાત માટે
મદદરૂપ થનાર સુરત નિવાસી
સ્વજન દંપતી
**શ્રી ભૂપેન્દ્રભાઈ નરસિંહભાઈ પટેલ**
તથા
**શ્રીમતી સુધાબહેન ભૂપેન્દ્રભાઈ પટેલને**
'શ્રીમોટાવાણી ૧-૨' પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ
આદરપૂર્વક સમર્પણ કરતાં
અમો ધન્યતા અનુભવીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

મોટા એમ કહેતા હતા કે ‘‘મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.’’ આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપ રૅકૉર્ડેડ વાણીને **મોટા** જેમ બોલ્યા છે, તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

**ઈંદ્રવદન શૅરદલાલ**

• • •

આ ટેપ રૅકૉર્ડેડ વાણી ગ્રંથસ્થ કરવાની બધી જહેમત પૂ. મોટાના એક સ્વજને કરી છે. જેમના અમે ખૂબ આભારી છીએ...

પૂ. મોટાની અન્ય ટેપ-વાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે.

સાધક-મુમુક્ષુજનો પૂ. મોટાની આ વાણીમાંથી પોતાના જીવન-વિકાસને માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

• • •

**કર્મ તો માત્ર ખોખું છે, ભાવને અવતારવા,**
**કર્મનું પાત્ર તે યોગ્ય, કર્મ પોતે તરાવવા.**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટા ભાગ્યે જ પ્રવચન આપતા. તેમની વાણી એટલે ઉત્સવ પ્રવચન કે ક્યાંક કોઈક સ્વજનના ઘેર અંગત વાતચીત થઈ હોય અને તે સ્વજને ટેપ રૅકૉર્ડ કરી લીધી હોય તે વાણી. આ ટેપવાણીનાં પુસ્તકોનું પ્રથમ પ્રકાશન વર્ષ ૧૯૯૩-૯૪માં સ્વજનોના વ્યક્તિગત આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના શ્રી યશવંતભાઈ એ. પટેલનો ફાળો નોંધપાત્ર છે. ત્યાર બાદ સુરત આશ્રમે વર્ષ ૨૦૧૦માં દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરેલ.

શ્રીમોટા એમ કહેતા કે—''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટા, આ ટેપરૅકૉર્ડેડ વાણીમાં જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે. આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી. શ્રીમોટાની વાણીને એક કૅસેટ દીઠ એક ભાગ એમ કુલ્લે ચૌદભાગને સાત પુસ્તકોમાં પ્રકાશન કરવામાં આવ્યાં છે.

આ પુસ્તકોના પ્રથમ પ્રકાશન અર્થે સહકાર આપનાર શ્રી યશવંતભાઈ એ. પટેલ તથા આદરણીય વડીલ મુ. શ્રી ઇંદ્રવદન શૅરદલાલ (ઇંદુકાકા) તથા અન્ય પ્રકાશક સ્વજનોનો અમો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. શ્રી રજનીભાઈ બર્માવાળાએ દ્વિતીય આવૃત્તિના પ્રકાશન વેળાએ પણ પૂ. શ્રીમોટાની વાણીની તમામ કૅસેટો ફરીથી સાંભળીને આ લખાણ અક્ષરશઃ વાણી મુજબ છે, તે મેળવ્યું છે તથા મુદ્રણશુદ્ધિની ચકાસણી કરી છે. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી તરીકેની તેમની ફરજ તેમણે નિભાવી છે. તેથી તેમનો આભાર માનવો અસ્થાને છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિનું મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

સમાજનો બહોળો વર્ગ પૂ. શ્રીમોટાની આ વાણી થકી પોતાનો જીવનવિકાસ કરી શકે અને શ્રીમોટાના આધ્યાત્મિક વિજ્ઞાનને સરળતાથી સમજી શકે એવી શુભભાવના સાથે આ પુસ્તક સમાજનાં કરકમળોમાં અર્પણ કરીએ છીએ.

॥ હરિઃૐ ॥

તા. ૯-૭-૨૦૧૭
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

## "હું સર્વત્ર વિદ્યમાન છું."

**– શ્રીમોટા**

('જીવનદર્શન', ૧૧મી આવૃત્તિ, પૃષ્ઠ ૪૩૧)

॥ હરિ:ૐ ॥

# વિષય-સૂચિ


૧. શ્રીસદ્‌ગુરુનું ઋણ વાળવા મૌનમંદિરો ....................૯
૨. મોટા સમાજ(ભગવાન)ના મુનીમ ....................૯
૩. તંદુરસ્તી માટે સ્નાનાગારો બાંધો .................... ૧૦
૪. આશ્રમનો વહીવટ તદ્દન કરકસરથી .................... ૧૧
૫. આશ્રમે આપેલ દાનની રકમની કાળજી .................... ૧૨
૬. ઠક્કરબાપાની પ્રસ્તાવના—મોટાની કર્મઠતાનું પ્રમાણપત્ર ... ૧૩
૭. અસહ્ય રોગોમાં પણ સાહિત્યનું સર્જન .................... ૧૪
૮. દીક્ષા એટલે .................... ૧૬
૯. સમાજ—ભગવાનનું વ્યક્ત સ્વરૂપ .................... ૧૯
૧૦. સમાજનાં કર્મો એ ભગવાનની સેવાપૂજા .................... ૨૧
૧૧. શ્રીમદ્ રાજચંદ્રનો ત્યાગ .................... ૨૨
૧૨. શ્રીબાળયોગીની શરતો .................... ૨૩
૧૩. અશક્યનું શક્ય એ જ પ્રભુકૃપા .................... ૨૩
૧૪. આશીર્વાદ, દર્શન, પગે પડવું એ બધું છોડો .................... ૨૫
૧૫. બાધા નહિ—પ્રભુસ્મરણ અને પ્રાર્થના .................... ૨૬
૧૬. **મોટા**નાં પુસ્તકો ખરીદો .................... ૨૮
૧૭. **મોટા**ના પ્રસંગોના સાક્ષીઓ છે .................... ૨૮
૧૮. ભાવવાહી વિષયો પર શાસ્ત્ર .................... ૨૯
૧૯. દીક્ષાવિધિ .................... ૩૦
૨૦. **મોટા**ની ભજન-ભક્તિ .................... ૩૨
૨૧. કર્મની ફિલોસોફી .................... ૩૩

૨૨. **મોટા**નું કામ સૌને ચાહવાનું ............................ ૩૪
૨૩. શ્રીબાળયોગીની આજ્ઞા પ્રમાણે સાધના ................... ૩૫
૨૪. દાન, પરમાર્થની સમજણ ................................ ૩૬
૨૫. વિરોધીઓ પ્રત્યે ગાંધીજીનું વર્તન ........................ ૩૭
૨૬. કાળના એંધાણ ........................................... ૩૯
૨૭. **મોટા**, કુશળ અર્થશાસ્ત્રી ................................ ૩૯
૨૮. જેનું લૂણ ખાધું તેને ચેતવવાની ફરજ .................... ૪૧
૨૯. પૂજ્ય શ્રીમોટા રચિત પ્રાર્થના ........................... ૪૨
૩૦. પૂજ્ય શ્રીમોટા કૃત જીવનવિકાસક પંક્તિઓ .............. ૪૨

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# તા. ૪-૨-૧૯૭૨ના રોજ સુરતમાં દીક્ષાદિનના ૨૯મા ઉત્સવ પ્રસંગે પૂ. શ્રીમોટાએ કરેલું પ્રવચન

## શ્રીસદ્‌ગુરુનું ઋણ વાળવા મૌનમંદિરો

શ્રીસદ્‌ગુરુનું બહુ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું સ્મરણ થાય. એમનો આભાર હું શબ્દોથી માનું તે કોઈ રીતે યોગ્ય નથી. એ તો એવા સદ્‌ગુરુનું ઋણ ત્યારે જ ફીટે, કે એણે જે દીવો મારામાં પેટાવ્યો, એવો સદ્‌ભાવ કોઈ જીવમાં પેટાવી શકાય. ભગવાનની કૃપાથી તો જ એનું ઋણ ફીટી શકે. એવું ઋણ વાળવાને માટે આ મૌનમંદિરો આશ્રમમાં મેં કાઢેલાં છે. અમારે ત્યાં કોઈ ભાષણ, કોઈ પ્રવચન, કંઈ ન મળે. ભલે બીજે શાસ્ત્રો-બાસ્ત્રો વંચાતાં હોય, પણ જાતે ગડમથલ કર્યા સિવાય, જાતે સંગ્રામ માંડ્યા સિવાય, આ જ્ઞાન કોઈ કાળે મળી શકવાનું નથી. એ મારા મનમાં એક નિર્વિવાદ થયેલી હકીકત છે. જાતે પોતે જ મથવું જોઈએ. ઘણા મહાત્માઓની પાસે હું ગયેલો છું. સત્સંગના હેતુથી પણ જાતે મથવાને માટે મને બહુ ઓછાએ મહત્ત્વ આપ્યું છે. આશીર્વાદ અને કૃપા ઉપર તો ઓ.... ભાર. આજે પણ આપણો સમાજ આશીર્વાદ અને કૃપા માગી માગીને લૂલો થઈ ગયો. હું કહું છું કે આશીર્વાદ ને કૃપા એવાં રેઢાં પડ્યાં નથી ભાઈ. બે પૈસાની વરિયાળી ગાંધીને ત્યાંથી મફત મળતી નથી, તો આ આશીર્વાદ ને કૃપા માગવાની ધૃષ્ટતા આ સમાજ કરે છે, એ ઉપરથી એનું આખું મૂલ્યાંકન થઈ જાય છે, પણ એ અંગે હું પછી કહીશ.

## મોટા સમાજ(ભગવાન)ના મુનીમ

શરૂઆતમાં તો આ ઉત્સવ ઊજવવાનું જે ભાઈઓને દિલ થયું તે મેં કંઈ કોઈને કહ્યું નથી, ભાઈ. આ ઉત્સવ એટલા માટે જ ઊજવવા

દઉં છું. હું તો નાનકડો માણસ છું. બહુ બહુ તો લોકો ગમે તેવી ઉપમા આપે. 'સંત મહાત્મા' ગમે તે કહે પણ ખોટી વાત છે. હું તો આમાંનું કંઈ જ કશું નથી. હું બહુ બહુ તો આ સમાજનો એક નાનકડો, અદનામાં અદનો એક નોકર છું. એ મને લાગ્યું છે, મારા દિલમાં લાગેલું છે કે આ સમાજ બેઠો નહિ થાય ત્યાં સુધી અમારું આ સ્વરાજ મળેલું હોવા છતાં ખપનું નથી. આ આપણા સમાજના જીવનમાં એટલી બધી ઊણપો છે, એ ઊણપો મારા એકલાથી કંઈ ટળી શકે એવી નથી, પણ જે મારાથી થાય તે હું કરું છું, પણ હું કોણ માત્ર ? હું એટલે તો સમાજ. અને સમાજ મને આપે છે. માટે હું કરું છું. સમાજ ન આપી શકતો હોત તો હું કેવી રીતે કરી શકત ? સમાજના જ બધા રૂડા પ્રતાપ છે. મારું નામ ગવાય છે તે ખોટું ગવાય છે, પણ જેમ કોઈ શેઠને ત્યાં બે-ચાર-પાંચ મુનીમ હોય અને કોઈ મુનીમ સારું કામ કરતો હોય, તો કહે કે ફલાણાં મુનીમે આ કર્યું, એવી રીતે મારું નામ બોલાય છે. બાકી, એની પાછળ તો સમાજ બેઠેલો છે. એટલે આ બધા ભાઈઓએ જેમને વિચાર સૂઝ્યો હોય પાંચ-દશ-પંદર માણસોએ ભેગા થઈને આપણે આ **મોટા**નો ઉત્સવ અહીં ઊજવવો ને એમને રકમ મળે.

## તંદુરસ્તી માટે સ્નાનાગારો બાંધો

મારે દેવું (સમાજ ઉત્થાનના કાર્ય અંગે થયેલા ખર્ચનું) પણ હતું. સાહેબ, આ સુરતમાં કંઈ ઓછા પૈસાદાર પડ્યા નથી, પણ કોઈને એમ ન થયું કે આપણે એક છોકરાંઓનું આરોગ્ય જેનું સુધરે. તંદુરસ્તી બક્ષીએ એવું એક સુંદર સ્નાનાગાર બનાવીએ. એ મને ચોખાવાળાએ કહ્યું. હજુ છે. ચોખાવાળા આપણા ગામના છે. ત્રણચાર ઠેકાણે એમણે ભાષણો કર્યાં, પણ કોઈ તૈયાર ન થયું. એમણે મને કહ્યું, **મોટા**, તું જ કરે તો થશે. મેં કહ્યું, ''કરીએ ભાઈ, આપણે, મને તો બહુ જ ગમે છે.'' આ જુવાન છોકરાંઓ-છોકરીઓ તરવાનું શીખે, અને આવો આપણા શહેરમાં સ્નાનાગાર હોય. હવે બાગ જેટલું સંપૂર્ણ એનું મહત્ત્વ જાગેલું છે. **જે શહેરમાં સ્નાનાગાર ન હોય તે શહેર નહિ કહેવાય.**

આપણે ત્યાં હજુ એક સ્નાનાગાર તો બહુ ઓછો. અમદાવાદમાં આઠ છે. અમદાવાદની તમે પ્રતિષ્ઠા સાંભળો. પૈસોટકો આપવામાં બહુ ઉદાર નહિ એમ કહેવાય છે. તેમ છતાં ત્યાં આઠ સ્નાનાગારો છે. આપણે ત્યાં એક જ છે, માંડ માંડ. હજુ તો ઘણા કરવા જોઈએ, પણ મારી પાસે પૈસા નથી. હું તો જરૂર આજે પણ કરું, પણ પૈસા આપે ત્યારે, એને માટે પૈસા ખૂટતા હતા. બાળ સ્નાનાગાર કર્યો. એમાં પણ મારે નવ-દશ હજાર ખૂટતા હતા. આપણી કૉર્પોરેશનને પચીસ હજાર આપી પણ દીધા છે. એ સુરતના છોકરાંઓને માટે જ છે. એને પણ એ બધા પૈસા ખૂટતા હતા.

## આશ્રમનો વહીવટ તદ્દન કરકસરથી

આ બધા ભાઈઓએ ભેગા મળીને જે મહેનત કરી, પ્રભુદાસભાઈએ એમનો જે ટેકો આપ્યો અને મારા જેવા માણસને મદદ મળી, એમણે એવી સહાનુભૂતિ, ઓથ આપી, પ્રેરણા આપી અને પોતે પ્રેમથી પ્રમુખ તરીકે હાજર રહ્યા. દરેક અમારા કામકાજમાં પણ હાજર રહ્યા અને એમનો વખતસર આવવાનો સ્વભાવ જાણીને હું તો બહુ રાજી થયો. ત્યારે આ બધા ભાઈઓએ કેટલા કેટલા હાથોથી આ કામ થયું અને કેટલાક ભાઈઓએ તો એવું કામ કર્યું કે આપણે અંજાઈ જઈએ. જેમના વિશે કંઈ ધારણા નહિ એવા ભાઈઓએ કામ કર્યું છે આમાં. અને કેટકેટલા ભાઈઓએ સતત પોતાના કામકાજ મૂકીને આની પાછળ જ પડ્યા અને આવી સરસ મને મદદ કરી. મને એટલે હું તો કહું છું સમાજને મદદ કરી અને હું કંઈ આ પૈસા આશ્રમમાં ખાઈ જવાનો નથી. બહારથી આવે એમાંથી એક પૈસો અમે આશ્રમમાં વાપરતા નથી અને અમે બહુ કરકસરથી જીવીએ છીએ. હું તો આ ગાંધીજીના જીવનમાં જીવન જીવતો હતો ત્યારે આશ્રમો મેં ચલાવેલા છે. એના કરતાંયે કરકસર રીતે અમે જીવીએ છીએ સાહેબ! એ આશ્રમો જાતે મેં ચલાવેલા છે, એના કરતાંય કરકસરથી અમે જીવીએ છીએ. હું છાતી ઠોકીને આજે તમારા બધાંની સમક્ષ કહી શકું એમ છું કે

હિંદુસ્તાનના ઘણા આશ્રમો હું ફર્યો છું. સત્સંગને માટે પણ ત્યાં ઓ.... બગાડ અને રોજ મિષ્ટાન્ન થાય. હું કહું કે અલ્યા, બ્રહ્મચર્ય પાળી જ શી રીતે શકો ? પણ આજે પણ ત્યાં એમ જ ચાલે છે.

## આશ્રમે આપેલ દાનની રકમની કાળજી

**પૂ. શ્રીમોટા :** ભટ્ટ સાહેબને કેમ છે મોદી સાહેબ ?

**શ્રી મોદી :** ... .... .....

**પૂ. શ્રીમોટા :** (એક સ્વયંસેવકને) અહીં ખુરશી પર એમને બેસાડ.

**પૂ. શ્રીમોટા :** બહુ લોકોએ આમાં પંદર વીસ ભાઈઓએ એટલી બધી મહેનત કરી છે, પણ એ બધા મને કહેતા હતા કે, **મોટા**, જ્યાં ગયા ત્યાં અમને લોકોએ પ્રેમથી પૈસા આપ્યા છે. કહે કે આ **મોટા**નું કામ સારું છે, કારણ કે એમાં એક પૈસો ગેરવલ્લે ન જાય, સાહેબ, જુઓ. આ મારું શરીર નહિ હોય ત્યારે લોકો વખાણશે. મેં ઘણાં બધાં ટ્રસ્ટો પણ જોયાં, ત્યાં પણ પૈસો ગેરવલ્લે પણ મારા પૈસા એવા કે સુરતમાં મેં આ આપણા કૉર્પોરેશનને તરવાની હરીફાઈ માટે પૈસા આપ્યા હતા. તે આખા હિંદુસ્તાનમાં તરવાની હરીફાઈ પહેલવહેલી થઈ. કોઈ ઠેકાણે આવી નદી તરવાની હરીફાઈ નથી, પણ એમાં રૂપિયા મારા કાયમ રહે અને આ સદ્‌વૃત્તિ—સદ્‌પ્રવૃત્તિ લાંબો ગાળો ચાલ્યા કરે. એક પૈસો એમાંથી બગડે નહિ. પૈસાનું વ્યાજ આવે તે પેલા લોકોને આપી દેવાનું. એક પૈસો પણ એનો Administrative Expenditure એટલે કે કાર્યવાહીને માટે જે પૈસો ખર્ચાય તે પૈસો પણ પેલી રકમમાંથી બાદ ન જાય. એક એક પૈસો સમાજનો સદ્‌વ્યય પામે. એક પૈસો પણ બગડે નહિ. એની કાળજી ભગવાનની કૃપાથી રખાય છે. આવું બધું ગાંધીજીના વખતમાં પણ મેં કામ કર્યું છે. વીસ વર્ષ સુધી ગુજરાતના હરિજન સેવક સંઘમાં પરીક્ષિતલાલની સાથે હું મંત્રી હતો. એટલે આ બધા ત્યાં પણ ગાંધીજી જીવતા હતા, ત્યારે પણ ખાદી સંઘમાં ને બીજે બધે ગોટાળા થયેલા, એટલે આ બધી એટલી બધી કાળજી ભગવાનની કૃપાથી રખાય છે. માણસથી ચાલે એટલી બધી

કાળજી, એક પૈસો પણ બગડે નહિ. એક પૈસો, કારણ કે આ ભગવાનનો પૈસો છે. તેથી આશ્રમમાં પણ અમે એટલી બધી કરકસરથી જીવીએ છીએ. કોઈ દિવસ અમારે ત્યાં મિષ્ટાન્ન થાય નહિ. ભજિયાં, સાહેબ! ભાવે ખરાં ઘણાં મને, પણ અમારે ત્યાં આશ્રમમાં થાય નહિ. આ Acidity-ઍસિડિટી થઈ ત્યારે શીરો ખાવાનું થાય. ગોળનો શીરો હોય તો સારું, ઝટ પચી જાય. પણ મારાથી થાય નહિ. સાહેબ, ગામમાંથી કોઈકને આપવાને કહું.

આ રાવજીકાકો ઘી આપે મહીં મહીંથી રાજી થઈને આપે તો સારું લાગીએ તો ખઈએ નીકર હવે મહીં મહીંથી હવે રાજી નથી અમારા ઉપર.

**પૂ. શ્રીમોટા :** કાંટાવાળા સાહેબ, જરા, ભલામણ કરજો યાર. મારી હાહુનો ઘીયે નથી આપતો. પહેલાં તો દર વખત બંધાઈ આપે જ. અમારે કહેવું ના પડે. લોટો ભરી આપે જ, પણ હવે અમે કાંઈ બગડી ગયા હોઈશું સાહેબ. કાં તો એ બગડ્યા હોય કાં તો હું બગડ્યો હોઉં પણ અમને એની મહેરબાની ઓછી થઈ ગઈ છે. તે તમારા ભાઈબંધ છે તો જરા ભલામણ કરજો.

### ઠક્કરબાપાની પ્રસ્તાવના—મોટાની કર્મઠતાનું પ્રમાણપત્ર

આ છોકરો મરવાનો થયો છે હવે અને સાચું કહું છું સાહેબ. શરીર તો લાંબો ગાળો કોઈનું ટકતું નથી. આ એટલી બધી ભાઈઓએ મહેનત કરી છે, ત્યારે હું તો ઘણીવાર કહું છું, 'મારો ભગવાન હજાર હાથવાળો છે. એ હજાર હાથવાળો મને મદદ કરે છે.' ઘણે ઠેકાણે મેં જોયું. આજ સુધી અનેક કામો થયાં. મારા જેવો ભિખારી માણસ—સાહેબ, તદ્દન સાચેસાચા અર્થમાં કહું છું—પૈસો મારી પાસે છે નહિ. ૨૦ વર્ષ તો મેં દેશની સેવામાં ગાળ્યાં અને તે બહુ મસ્તીથી સેવા કરી છે. મારા ગુરુમહારાજ એટલા બધા કાર્યદક્ષ અને વહેવારુ કે ..... આ ઠક્કરબાપાની પ્રસ્તાવના લે. મેં કહ્યું, આધ્યાત્મિક બાબતમાં ઠક્કરબાપા શું સમજે ? પણ આજે મને ખપમાં લાગે છે. એમણે લખ્યું છે મારા

વિશે કે, ''આ છોકરો કેવું કામ કરતો હતો ? પરીક્ષિતલાલ છે, રવિશંકર મહારાજ છે, ત્યારે એ બધાયની આ જે પ્રસ્તાવના લીધેલી ખપમાં લાગી. ખબર પડે છે આ છોકરાએ કેવું કામ કર્યું.

## અસહ્ય રોગોમાં પણ સાહિત્યનું સર્જન

આજે પણ મારું શરીર તો ભાંગેલું જ છે. આજે તો બોલવાની મનાઈ જેવી વાત છે. એટલું બધું દર્દ સવારમાં ચાર વાગ્યા પછી ઊપડ્યું. તે અમદાવાદમાં ઊપડેલું અને કાંટાવાળા સાહેબને ઘેર જ હતો ને ત્યાંથી મને દવાખાનામાં હૉસ્પિટલમાં ખસેડ્યો. પેટ ચીરવાની વાત હતી. પણ ત્યારે જ આ કાંટાવાળા સાક્ષી છે. એમ ને એમ નથી વાત કરતો ત્યારે હું 'સદ્‌ગુરુ' પર લખતો હતો. ત્યાં એમને બેસાડીને લખાવ્યું. મેં મોઢામોઢ. એટલું સખત દર્દ થતું હતું, તે સ્થિતિમાં સદ્‌ગુરુ પર મેં એમને લખાવેલું અને એ લખી લેતા હતા, પણ આજે પણ એવું દર્દ ઊપડ્યું ચાર વાગ્યા પછી, મેં ચા પીધો પછી મને ખબર કે આર. કે. તો નથી. ભટ્ટ સાહેબ પાસે છે. એટલે આપણા સિવિલ સર્જન ચૌહાણ સાહેબને ફોન કર્યો.

**પૂ. શ્રીમોટા :** (વચ્ચેથી એક સ્વયંસેવકને) ઉપર ના લાવશો, બાને.....

બા, પગે લાગું છું. ના અહીં મૂકો ત્યાં બેસવા દો. આ ખુરશીમાં બેસાડો. આ મોટી ખુરશીમાં બેસાડો ભાઈ. આ અમારા ભીખુકાકાનાં બા છે. બેસો બા.

આ આટલા બધા ભાઈઓએ ઘણી મદદ કરી અણધાર્યા ભાઈઓએ પણ ઘણી મદદ કરી. એ બધા ભાઈઓનો હું આભાર માનું છું. ખરી રીતે તો હું મારા ભગવાનનો આભાર માનું કે કેવા કેવા માણસોને એ પ્રેરવીને પ્રેરાવીને આ ભગવાનનું કામ કરે છે. અને આ સાલ પણ મેં દસ લાખ રૂપિયાનાં કામ લીધાં છે, સાહેબ. અને મારા ગુરુમહારાજ કહેતા, કે દીકરા, એવાં કામ કરવાં કે જે કોઈની નજર પણ ન પહોંચતી હોય, કોઈના ખ્યાલમાં પણ ન આવે, તમને બધાંને અચરજ થશે કે

એવાં કેવાં કામ હશે ? આ તે **મોટા** શું બોલે છે ? આખા હિંદુસ્તાનમાં આપણા સુરતમાં નદીમાં તરવાની હરીફાઈ, હોડીઓની હરીફાઈ. દરિયામાં હોડીઓની ચાળીસ ચાળીસ માઈલની હરીફાઈ, એ બધી આપણે યોજી, આશ્રમે. કોઈ ઠેકાણે હિંદુસ્તાનમાં ન મળે. દરિયામાં તરવાની હરીફાઈ કોઈ ઠેકાણે નહિ. એવી જ રીતે જુદાં જુદાં કામો જે થયાં છે, તે પણ કોઈ ઠેકાણે કોઈને ખ્યાલમાં પણ ન આવે, એવી જાતનાં કામો. અને આજે મારું શરીર છે. નહિ હોય ત્યારે એ લોકો કહેશે કે આ **મોટા**એ સારાં કામો કર્યાં હતાં, પણ આપણો સમાજ કબરને પૂજવાવાળો છે. એનો મને વાંધો નથી. મારે તો મારા ભાગે આવેલું કર્મ કરવું છે અને તે આવા શરીરે પણ કરું છું. આવું શરીર હોવા છતાં. હું કોઈ દિવસ કાર્યક્રમ નક્કી હોય તે હું છોડતો નથી. કાંટાવાળા સાહેબ બેઠા છે. મોટા માણસ છે. મોટામાં મોટા અમલદાર હતા. આપણી સરકારના. એમને ત્યાં જ હું હતો. દાક્તર કહે જવાય નહિ, તમારે રહેવું પડશે બેચાર દહાડા. મેં કહ્યું, ‘અશક્ય વાત.’ મારો જે કાર્યક્રમ છે તે પ્રમાણે જવાનો! અને અમે તો ગળથૂથીમાં જ શીખેલા છીએ. દાક્તર કહે જવાય નહિ, તમારું શરીર આવું છે. અમે રજા આપીએ તો અમે મૂર્ખા ઠરીએ, પણ હું તો ગયો જ મારા કાર્યક્રમ પ્રમાણે. આજે પણ મારી એવી સ્થિતિ હતી. દાક્તર આર. કે. દેસાઈ આવેલા. ચૌહાણને સવારે ફોન કરાવેલો કે ભાઈ, પેટમાં બહુ દુઃખે છે, જરા આવી જાવ તો સારું. તરત જ આવ્યા. પછી તેમણે આર. કે. દેસાઈને કહ્યું. આર. કે. આવ્યા, પ્રદીપભાઈ આવ્યા. પછી બે સોય ઘોંચી એમણે તો. તે પછી કહે કે **મોટા**, બોલશો નહિ. સાંજનો કાર્યક્રમ-બપોરનો કાર્યક્રમ મારો બંધ છે ભાઈ. અત્યારે તો મારે બોલવું જ જોઈએ. ભજનો હશે, ભાઈ. ...... પ્રશ્નોત્તરી મારી દોઢ કલાક બોલવાનું છે, તે મેં બંધ કર્યું છે, હવે દાક્તરનું પણ કહ્યું મારે માનવું જોઈએ. અત્યારે તો મારે બોલવું જ જોઈએ. એ મારો ધર્મ છે તે ધર્મમાંથી હું હઠી ના શકું. પ્રશ્નોત્તરી એટલા માટે ના કહું છું, કારણ પ્રશ્નો લોકો પૂછે છે તે હું માનું છું, ચોક્કસ કે Superficial (ઉપરચોટિયા)

છે, બુદ્ધિની ખંજવાળ જેવા કહીએ એને. એ પ્રમાણે માણસે કંઈ કશું કરવું હોતું નથી, એમાં ઊંડા ઊતરવું પણ નથી. ખાલી પૂછવાની ખાતર પુછાતા હોય છે. એટલે એ ભાગ હું છોડી દઉં છું અને હવે ભવિષ્યમાં હું રાખવાનો પણ નથી. બપોરનો કાર્યક્રમ હશે તો ભજન કે એવું કંઈ થશે, પણ પ્રશ્નોત્તરી હવે હું નહિ રાખું. હવે હું દીક્ષા ઉપર આવું. ફરીથી પ્રમુખ સાહેબનો અને જે ભાઈઓએ આ બધું કામ કર્યું, એ બદલ ફરીથી એમનો હું ઘણો ઘણો આભાર માનું છું અને મારો ભગવાન હજાર હાથવાળો જે છે, તે એ લોકોને બરકત આપે, એમના ઉદ્યોગ-ધંધા-વેપારમાં જે કંઈ હોય, એમના સંસારવહેવારમાં અનેક રીતે મારો ભગવાન હજાર હાથવાળો એમને બરકત આપે એવી મારી પ્રાર્થના છે.

## દીક્ષા એટલે

દીક્ષા એટલે કે દીક્ષાનો અર્થ હું તમને સમજાવું Dedicated Life (સમર્પિત જીવન), એટલે કે આપણા જીવનને સર્વ રીતે ને સર્વ ભાવે જીવનના કોઈ ઉચ્ચમાં ઉચ્ચ આશયમાં હોમાઈ જવું. ત્યારે મને ખબર નહિ. ભાઈ! ૧૯૨૧નો ડિસેમ્બરનો મહિનો હતો અને ગુરુમહારાજ મને દીક્ષા આપવાના હતા, પણ મને ખબર નહિ. હું તો સાધુઓને ત્યારે એમ માનતો કે, 'Economical waste on the society' સમાજ ઉપર આ લોકો સાધુ-સંન્યાસીઓ ભારરૂપ છે.

**પૂ. શ્રીમોટા :** (વચ્ચેથી) ઓ શાહ સાહેબ (નવસારીમાં તે વખતે શ્રી એચ. એમ. શાહ, એક્ઝીક્યુટીવ ઍન્જિનિયર હતા) ત્યારે તો હું એમ માનતો અને એ સાધુએ મને ઝડપ્યો. પણ તે પહેલાં આ થોડી ભૂમિકા થઈ ગયેલી. મારા શરીરને ફેફરુંનો રોગ હતો. ફેફરુંનો રોગ ભારે. હિસ્ટીરિયા કરતાં કહે છે ભારે. હું તો ફેફરું અને હિસ્ટીરિયામાં કંઈ સમજતો ન હતો. હિસ્ટીરિયા, હિસ્ટીરિયા મારી જાતને રોગ થયો છે, એમ હું કૂટી મારતો હતો, પણ આર. કે. એ કહ્યું, ''**મોટા**, તમે આ તો અમસ્તું કહો છો. આ તમને શરીરને રોગ થયો હતો, તે ફેફરું

કહેવાય. તો સાહેબ ફેફરું ત્યારે. તો તમે લખ્યું છે તે ખોટું છાપ્યું.'' મેં કહ્યું, ''હવે ફરીથી છપાવીશ ત્યારે લખી દઈશ કે ફેફરું, ભાઈ, હિસ્ટીરિયા નહિ. કે હિસ્ટીરિયા તો હજુ મટે પણ ફેફરું તો કદી મટે જ નહિ, એવો રોગ છે આ. એ તમને મટે એ અમારે માટે નવાઈની વાત છે.'' મેં કહ્યું, ''ભાઈ, ભગવાનના નામથી મને તો મટ્યો.'' ત્યારે એ ફેફરુંનો રોગ થયેલો શરીરને, એટલે હું નર્મદા કિનારે ગયેલો. એમાં મરવાને પણ આપઘાત કરવાને પણ તૈયાર થઈ ગયેલો—ભૂસકો પણ મારેલો, પણ ભગવાને બચાવ્યો. ત્યારથી મારા મનમાં એમ થયું કે I am meant for something (મારું જીવન કોઈક હેતુ માટે છે) ખરેખર ભૂસકો મારેલો મેં અને નદીમાંથી કેવી રીતે વંટોળ નીકળ્યો અને ફેંકાઈ ગયો. તે આજે પણ મારી બુદ્ધિ કબૂલ કરતી નથી. એવી એ અજાયબીભરી હકીકત છે, સાહેબ, પણ એ બનેલી સાચેસાચી સોએ સો ટકા હકીકત છે. ત્યારથી મને એમ ઉત્સાહ થયો જીવનમાં કે જરૂર કંઈક આ જીવનમાં ભગવાને મને બચાવ્યો છે એટલે મારું આખું જીવન હવે ભગવાનને માટે. અને આમ તો મેં નક્કી જ કરેલું—હાથમાં ગંગાજળ લઈને જ્યારથી આ ગાંધીજીના સેવાનાં કાર્યમાં જોડાયો ત્યારથી.

ઘણી ગરીબી હતી. મારાં મોટાં ભાભી, વિધવા મા, એ બધાંય ઘણું કામ કરતાં. આજે મારા બીજા તો કોઈ સાક્ષી ન હોય. મારાં વિધવા ભાભી હજુ ગાંધીજીના આશ્રમમાં જીવે છે. ઘણું કામ કરતાં, ઘંટીએ દળણાં દળે, ખાંડણાં ખાંડે ને મારી મા મને ઘણી ગાળો ભાંડે કે મારા રડ્યા, આટલું બધું ભણ્યો, તને નોકરી મળતી હતી સારી તે લીધી નહિ, ને અમારે કપાળે આ દળણાં રહ્યાં. મેં કહ્યું, ''પરસેવાનો રોટલો તો મહા પુણ્યનો છે. એના જેવું કોઈ પુણ્ય નથી. પરસેવાનો રોટલો આપણે ખઈએ છીએ બા. હોય મારા રડ્યા, તારે કમાવું નહિને એટલે. ત્યારે એને ગળે કેવી રીતે વાત ઊતરે ? પણ મારા મનથી આજે હું કહું છું કે એ પુણ્યનો અમારો રોટલો હતો. દળી દળીને એ જે રોટલો અમે ખાતા, તેની મધુરપ કોઈ ઓર છે. આજે એ મધુરપ નથી આવતી.''

ત્યારે એ સાધુ મહારાજે મને દીક્ષા આપવાનું નક્કી કર્યું, ત્યારે હું દીક્ષા-બીક્ષામાં કંઈ સમજું નહિ. પછી એમણે મને સમજાવ્યું કે હવે તારું જીવન સંસારને માટે નથી ભઈ, કે અલ્યા મારાં મા છે. આ છોકરાંને મારે ભણાવવા છે. મારી જવાબદારી છે. એને ફગાવી ન શકું. તો કહે તારે સંસારમાં રહેવાનું, મળેલાં પ્રાપ્ત કર્મો કરવાનાં, પણ સંસારને માટે નહિ. ત્યારે કોને માટે અલ્યા ? તું કહે છે કે આ સંસારમાં રહેવાનું. આ બધાં કામો કરવાનાં. મારા નાના ભાઈઓ ત્યારે તો મૂળજી ને સોમાકાકા અહીં છે. પધાર્યા છે કે નહિ ?

**પૂ. શ્રીમોટા :** સોમાકાકા આવ્યા? ક્યાં છે ? આવી પહોંચ્યા ? એ મારો ભાઈ છે સગો. કેટલા વાગ્યે આવ્યા ?

**શ્રી સોમાકાકા : મોટા**, હમણાં જ આવ્યો.

**પૂ. શ્રીમોટા :** સારું, સારું ભઈલા.

એ લોકોને ભણાવવાની પણ જવાબદારી મારી. અને ત્યારે અમે બહુ જ ટૂંકામાં ટૂંકી રકમ લઈએ. મારે સાતઆઠ માણસો પાલવવાના માથે જવાબદારી જ્યારે પરીક્ષિતલાલ ને હરિવદન ઠાકોર ને હેમંતકુમાર નીલકંઠ હતા તે એકલરામ. અને મારે સાત માણસો પોષવાના, પણ અમે તો નજીવી રકમ લેતા, નહિ તો સેવાનું નામ ઊડી જાયને ? આજે તો અમારાં જ ક્ષેત્રમાં કામ કરવાના ચારસો ચારસો રૂપિયા લે છે. ખાદીનાં ક્ષેત્રમાંય કામ કરનારા કેટલા રૂપિયા લે છે ? આજે સેવાનું ક્ષેત્ર હવે હું કહેતો નથી.

પણ આ બધી મારી જવાબદારી. મેં કહ્યું, મહારાજ, તમે કહો છો મને, તો કરવાનું ખરું. મેં કહ્યું ત્યારે પછી કોના માટે ? તમે કહો છો કે સંસારને માટે તો નહિ. તો કહે ના ‘સંસારને તારા મનમાંથી જ કાઢી નાંખ.’ મેં કહ્યું એમ નીકળી ના જાય. ભાઈ, તમે કહો તેથી એક ઝાટકે કાંઈ મનમાંથી નીકળી જાય એવું બને નહિ સાહેબ. ‘ભાઈ! પણ તું ભાવના કેળવ.’ મેં કહ્યું, ‘હા, એ વાત ખરી, તો શું ભાવના કેળવું ?’ તો કહે કે **જે તે બધું ભગવાન પ્રભુપ્રીત્યર્થે કરવાનું. આ એ વાત મને ગમી ગઈ, ભાઈ. કે જ્યાંત્યાં ભગવાન જ વસેલો છે. અણુઅણુમાં એની**

**શક્તિ છે. અને આપણામાં પણ આ ચાલી રહેલો છે આપણો સંચો તે પણ ભગવાનની શક્તિને લીધે. આ સંસાર પણ ભગવાનની શક્તિને લીધે જ ચાલી રહેલો છે. જે કાંઈ થાય છે તે ભગવાનની શક્તિથી થાય છે, એ બુદ્ધિથી મારે ગળે વાત ઊતરી ગયેલી છે. એટલે એ પ્રમાણે હું ભાવના કેળવીશ. ત્યારે હવે તારે આખી જિંદગી ભગવાનને માટે જ જીવવાનું છે, એ મને ગમી ગઈ વાત. બરાબર છે. પ્રભુપ્રીત્યર્થ પ્રાપ્ત કર્મ કરવાં, ભાગી છૂટવાની વાત નથી.** એ મને બહુ ગમી, કારણ કે સંસારમાં પણ ગૃહસ્થાશ્રમમાં પણ કોઈ ભાગી છૂટતું નથી. એનાથી ભાગી છુટાતું પણ નથી. બેળેબેળે પણ એને સંસારનાં કર્મ—સ્વાર્થનાં કર્મ કરવાં જ પડે છે. છૂટકો નથી, ત્યારે મને તો બહુ આનંદ થયો કે There is no escapism. સંસારમાં નથી. ગૃહસ્થાશ્રમમાં નથી તો ભગવાનના માર્ગમાં તો હોઈ જ કેવી રીતે શકે ?

સાધુસંન્યાસી આ લોકો આપણા દેશમાં થઈ જાય છે, તે મારી સમજણની દૃષ્ટિથી મને બરાબર લાગતું નથી. કોઈક વિવેકાનંદ જેવો, કોઈક શંકરાચાર્ય જેવો, કોઈક રામકૃષ્ણ જેવો, કોઈક રમણ મહર્ષિ જેવો થઈ જાય, બરોબર છે. જેને અગ્નિ અણુએ અણુએ, રોમેરોમે, નસેનસે, રગેરગે, ભગવાનને માટેનો એવો જીવતોજાગતો ચેતનાગ્નિ જેને ભભૂકે છે અને જેનું મન સદાય ભગવાનમાં જ રમ્યા કરતું હોય એવાને અધિકાર છે – સંન્યાસનો – બાકીનાંને અધિકાર નથી. આ તો મારી એવી સમજણ. મેં લીધો નથી સંન્યાસ. ભગવાં કપડાં મેં પહેર્યાં નથી. પણ મારે જીવવું છે ભગવાનને માટે. પણ ભગવાનને આપણે જો માનતાં હોઈએ અને પ્રેમભક્તિથી જ્ઞાનપૂર્વક જો માનતાં હોઈએ તો એની સેવા થવી જોઈએ. એ પણ મારે ગળે વાત ઊતરી ગઈ. સેવા તો થવી જ જોઈએ.

## સમાજ—ભગવાનનું વ્યક્ત સ્વરૂપ

ત્યારે ભગવાન તો રૂપ વગરનો છે. એની સેવા કેમ થાય ? તો સેવા તો ભગવાન આખા સમાજમાં, સકળ બ્રહ્માંડમાં અણુએ અણુમાં પ્રસરેલો છે. આ સમાજની સેવા એ ભગવાનની સેવા છે. આ તો

સમાજ એટલે આજના વાતાવરણમાં સમાજ શબ્દ પ્રચલિત છે એટલે સમાજ વાપરું છું. બાકી, મારા મગજમાં સમાજ નથી કોઈ કાળે. મારા મગજમાં તો મારો ભગવાન જ બિરાજેલો છે. હું મારા ભગવાનની જ સેવા કરી રહેલો છું. મારા મનથી એ સો ટકાની હકીકત છે. જ્યારે કોઈક કાળે મગજ તપાસવાનું યંત્ર નીકળશે ત્યારે. આજે પણ મારી તૈયારી છે. મારા મગજમાં મૂકીને જુએ કે સમાજ છે કે રાગદ્વેષ છે. કામ, ક્રોધ, મોહ છે કે ભગવાન છે. હું ભગવાનને માટે જ આ કામ કરું છું. અત્યારે પણ જે કામ કરી રહ્યો છું, તે ભગવાનને માટેના પ્રભુપ્રીત્યર્થ સિવાય બીજો કોઈ મારા મનમાં સંકલ્પ નથી હવે.

અને કોઈક કહેશે કે ભાઈ તમે તો બેઠાં બેઠાં બોલ્યા કરો છો. ખુરશીમાં રહ્યા રહ્યા ત્યાં, પણ સાબિતી વગર તો આ જગત કોઈ માનશે નહિ. જેને સાબિતી જોઈએ તો સાબિતી પણ છે. મારા શરીરને એટલાં દર્દો છે સાહેબ. ફરીથી ગણાવું પણ મગજમાં છે તે ઝામર છે. આંખમાં ખીલ છે. ગળામાં પણ છે. આ દમ છે. Acidity છે. સ્પૉન્ડિલાઈટીસ એટલે કે ગળામાં પણ મણકામાંથી ગાદી બેસી ગયેલી છે અને કમરમાંથી પણ ખસી ગયેલી છે. આ કેટલું દર્દ થાય છે તે આ દાક્તર છે તે સમજે, હરસ-મસા છે. ચામડીનું દર્દ છે. Fluctuating બી.પી. છે. એવાં બીજાં દર્દો છે. આ Acidity તો હમણાં થઈ છે પાછી. અને આ દમ પાછો થયેલો છે. ત્યારે આ બધા રોગોની વચ્ચે હું કોઈ દિવસ મારો પ્રોગ્રામ-કાર્યક્રમ બંધ કરતો નથી. એટલું જ નહિ પણ આ સતત દર્દો સાહેબ.

આ મારું પેટ કાપી નાખવાના હતા. અમદાવાદમાં હૉસ્પિટલમાં એટલું સખત દર્દ થતું હતું કે ત્યારે આ કાંટાવાળા સાહેબને મેં 'સદ્‌ગુરુ' પર કાવ્યો લખાવેલાં. આજે પણ આશ્રમમાં બેઠો બેઠો કાવ્યો ભગવાનનાં સ્મરણો હું લખ્યા કરું છું. કેટલી બધી ચોપડીઓ આ એક વર્ષમાં છપાઈ છે! જેને જોવું હોય તે જોઈ લે. બેઠો બેઠો હું ભગવાનનાં ભજનો જ લલકાર્યાં કરું છું. આવાં દર્દની અંદર મારો સગો ભાઈ છે. એ કવિ છે. મારા કરતાંય બહુ ઊંચી જાતનો અને ... મૂળજીકાકો અમારો.

મૂળજીભાઈ ભગત કહેવાય છે. એ દવાખાનામાં આઠ દસ મહિનાથી છે. મેં કહ્યું, 'મૂળજીકાકા, તને કાવ્ય આવડે તો બેઠો બેઠો લખને તું. આ દરદમાં ભરાઈ પડ્યો છે તું.' કે **મોટા**, શી રીતે હું લખું ? મારું મન તો આઠેય પ્રહર પળેપળ આ મારા શરીરના રોગમાં જ છે. બીજું કાંઈ મને સૂઝતું નથી અને છાપાંનો રસિયો પણ છાપાં વાંચી નથી શકતો. ત્યારે દર્દ એવું છે શરીરનું. બીજું કંઈ તમને સૂઝવા ના દે, પણ ભગવાનની કૃપાથી લખું છું, એ હકીકત છે.

## સમાજનાં કર્મો એ ભગવાનની સેવાપૂજા

ત્યારે સાબિતી તો છે પણ ગળે નહિ ઊતરે લોકોને, પણ મારે એની કોઈ ચિંતા નથી. હું કાંઈ ભજન કરું છું તે કાંઈ કોકને માટે થોડો કરું છું ? આ તો કોઈને સાબિતી જોઈએ તો નક્કર છે સાબિતી. આટલા રોગો છે પણ હું ફર્યા કરું છું, કોઈ સંસારી-ગૃહસ્થાશ્રમી નહિ ફરે. પોતાના સ્વાર્થ માટે પણ નહિ ફરે સાહેબ, એ હું સાચી વાત કહું છું. પણ મારે, હું જીવું છું ત્યાં સુધી આ ભગવાનનો યજ્ઞ બંધ ન થાય તો સારું. જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી હું કર્યા કરીશ, કારણ કે ભગવાનની સેવા તો કરવી જ જોઈએ. જો હું ભગવાનને મારો સ્વામી માનું, હું એનો નોકર હોઉં, મુનીમ હોઉં તો શેઠ રાખે મને ? કાઢી જ મૂકેને ? અને પેઢીમાં જો આપણે મુનીમ ઠર્યા કે નોકર ઠર્યા અને જો કામ ન કરીએ તો કોઈ શેઠ આપણને રાખે ખરા ? એવી રીતે આ ભગવાન મારો શેઠ છે. હું તો એનો અદનામાં અદનો નોકર છું. એટલે મારે એનું કામ કરવું જોઈએ. એની સેવા કરવી જોઈએ. એની સેવા, એનાં ચરણકમળમાં રોજ ને રોજ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ચઢાવવાને માટે આ સમાજનાં કર્મ એ મારા માટે પુષ્પો છે. ફૂલ છે. એ ભાવનાથી સમર્પણાંજલિ રોજ ને રોજ ભગવાનને આવાં કર્મો દ્વારા જ કરું છું કે આવાં કર્મો, સમાજની મદદથી જ થાય છે. મારી પાસે તો પૈસા છે નહિ.

## શ્રીમદ્ રાજચંદ્રનો ત્યાગ

મને પણ કેટલીક વાર અંગત પૈસા જોઈએ છે ખરા સાહેબ. સાચું કહું છું તમને. એ હવે લોકો સમજવા લાગ્યા ને કોક આપે છે ખરા મને કે આ **મોટા**, તમારે ખાસ અંગત વાપરવા માટે જ. એવા જુદા રાખું છું. ભઈ (નંદુભાઈ) પાસે એનો જુદો હિસાબ છે. મારા ચોપડામાંય રહે છે. પણ બહુ થોડા, કારણ કે કોક વખત મારે કોઈને સ્વયંભૂપણે આપી દેવાની ઇચ્છા છે. ભઈ, આને આટલા રૂપિયા આપી દો. હમણાં એક જણને મેં કહ્યું, મારે આનું બહુ દેવું છે. આનું દેવું તો મેં આ ભવમાં કર્યું નથી. પણ મારે દેવું છે એનું. આપવું છે. સાત હજાર રૂપિયા. તો કંઈથી લાવીને મારે આપવા ? શ્રીમદ્ રાજચંદ્ર તો વેપાર કરવા ગયેલા. બહાદુર માણસ. પણ એની પાસે તો એવા માણસો હતા કે જે એને પૈસા પણ આપે. રેવાશંકર જગજીવનની પેઢી આજે પણ ચાલે છે. ત્યાં જઈને એ કમાયા. લાખ રૂપિયા. એક પૈસો એણે આપ્યો નથી ઘરમાં. કુટુંબમાં પણ એમાંથી. અને લાખ રૂપિયા થયા ત્યારે ગાદી ઉપરથી ઊતરી ગયા, પણ અત્યારે મારાથી તો વેપાર કરવા જવાય એવું નથી. મારું શરીર પણ ચાલે એવું નથી. એટલે નાનકડી રકમ હોય એના માટે જવું એ પણ નકામુંને! એટલે મારે અંગત રકમોની જરૂર પડે છે ખરી. લોકો મને હવે પ્રેમથી આપે છે. એ પણ ભગવાનની જ હું તો કૃપા સમજું છું.

પણ મૂળ વાત હતી મારી દીક્ષાની. કે એણે મને કહ્યું કે તારું આખું જીવન ભગવાનને માટે જ છે હવે. અને કબૂલ છે અને બરોબર છે. અને આ તને મળેલું પ્રાપ્ત કર્મ તારાં મા છે, વિધવા ભાભી છે, નાના ભાઈઓ છે, તારા ભાઈના, મારા મોટા ભાઈ ગુજરી ગયેલા તેના બે છોકરાં. એને ભણાવવાના. છોકરી હતી એને પરણાવવાની. આ બધું હતું, પણ આ બધું ભગવાનને માટે કરવાનું. હવે તારે સંસારમાંથી આ માયા, મમતા, મમત્વ, આ રાગદ્વેષ, કામક્રોધાદિ નીકળી જાય એવી રીતે કર. પછી એ જ દીક્ષા.

## શ્રીબાળયોગીની શરતો

પહેલે દિવસે તો પધાર્યા. મને કહે આપણે એકાંતમાં રહેવું પડશે. મારે એક બંગલો, અરે! મેં કહ્યું, બંગલો કંઈથી લાવવો ? હું ગરીબ માણસ અને તમે તો વાત કરો બંગલાની. તમે આવા સાધુમહાત્મા થઈને એટલું સમજો નહિ. આ ગરીબ માણસ કંઈથી બંગલો લાવે ? તો કહે એ વિના નહિ ચાલે. અલ્યા પણ ઊભો રહે. કહે છે. એકલો બંગલો નહિ ચાલે. એકાંત જોઈએ પાસે જળાશય જોઈએ. ઓત્તારી! મેં કહ્યું આ તો બબ્બે શરતો જોડે લગાડી. ત્યારે મને ખબર નહિ. આજે હોય તો હું કહું. સાધુમહારાજ કોઈ મહાત્મા પુરુષ કહે તો સામે દલીલ નહિ કરવી. તર્ક નહિ કરવો. આપણાથી થાય તો એ પ્રમાણે કરવું. આ હું તમને અનુભવની વાત કરું છું. મેં એ પ્રમાણે કરેલું છે. તો એની સાથે દલીલબાજી નહિ કરવી. આપણાથી થાય તો કરવું. ના થાય તો ના કરવું. પણ એની સાથે દલીલબાજી ના કરવી આપણે. પણ આપોઆપ મને ત્યારે તો સૂઝ્યું. મેં કહ્યું તો ખરું સાહેબ, આ મારાથી થાય એવું નથી. અશક્ય લાગે છે, પણ **અશક્યનું શક્ય થાય ત્યારે જ ભગવાનની કૃપા. એમણે એમ કહ્યું મને. મહારાજે...** બહુ જુવાન ઉંમર હતી.

## અશક્યનું શક્ય એ જ પ્રભુકૃપા

પછી રોજ હું જઉં હરિજનવાસમાં. હરિજનનું કામ કરતો. તે હું ત્યાંથી ભજન ગાતો ગાતો જઉં ત્યારે રોજ મારે વહોરવાડમાં થઈને જવાનું. અમે વિદ્યાપીઠમાં ગાંધીજીના સંસર્ગમાં રહેલા તે સલામઆલેકુમ કરવાની આદત પડી ગયેલી. તે રોજ હાસિમ કાસિમના બંગલા પાસેથી જઉં અને રોજ પ્રભુચંદભાઈ છે આપણે તે એટલા બધા ટાઈમ પ્રમાણે વર્તવાવાળા તેમને પણ એ જ આદત કે હું જતો હોઉં નિશાળે તો મારું ઘડિયાળ કોઈ મેળવી શકે. એટલો ટાઈમસર આજે પણ હું મારું જમવાનું દસ વાગ્યે તે દસ જ વાગ્યે. તે પ્રમાણે ચાલ્યો જઉં. તે રોજ કાસમ સાહેબ ઓટલા પર ઊભા રહે

મારી સલામ ઝીલવા. પણ આજે હું વિચારમાં હતો. ગુરુમહારાજ કહે બંગલો જોઈએ, એકાંત જોઈએ, જળાશય જોઈએ. મેં કહ્યું આ મોટા જ્ઞાની થયા છે એને એટલી ખબર નહિ પડતી હોય ગરીબ છોકરો બિચારો કંઈથી લાવે બંગલો ? ને ત્યાં થઈને જઉં રોજની પેલી મારી ટેવ સલામ કરવાની તે ચૂકી ગયો. અને વીસ-પચીસ ડગલાં આગળ ગયો એટલે મને યાદ આવ્યું કે અરેરે! કાસમ સાહેબને મેં સલામ ન કરી. અમારા નડિયાદના હશે તે લોકો જાણતા હશે. મારો રાવજીકાકો જાણે. તે પાછો આવ્યો હું. મેં કહ્યું, કાસમ સાહેબ, માફ કરજો. આપને આલેકુમ સલામ ના ભરી એ સાહેબ મેં ભૂલ કરી દીધી ભારે. અને એ છોકરા તે સારું થયું. પણ તું ભારે વિચારમાં છે. મેં કહ્યું, ''હા, સાહેબ! વિચારમાં તો છું.'' ''તો તું મને કહે.'' મેં કહ્યું, ''સાહેબ, તમને કહીને શું કરું ?'' ''અરે ભાઈ! ખુદાતાલાની મરજીથી મારાથી કામ તારું થઈ જાય.'' મેં કહ્યું, ''સાહેબ, કામ એવું છે કે થાય એવું નથી.'' ''પણ એમાં કહેવામાં તને શું વાંધો છે ?'' મેં કહ્યું, ''વાંધો તો કશો નથી.'' કહું ત્યારે. તો મારે ત્યાં એક ઓલિયા આવ્યા છે. ઓહો! તારું ધનભાગ્ય કહેવાય. ઓલિયા તારે ઘેર આવ્યા તે. ત્યારે કહે હવે ભાઈ, શું માગે છે તારા ઓલિયા ? મેં કહ્યું, ''એક બંગલો માગે છે.'' કહે આપણો બંગલો છે. આપી દઉં તને. જા, વાપરજે રહે ત્યાં સુધી. મેં કહ્યું, આ ગજબની વાત! પણ સાહેબ એણે તો બે શરતો જોડે મૂકી છે કે એકાંતમાં જોઈએ. તો આપણો બંગલો એકાંતમાં જ છે. મારા રાવજીકાકાએ એ બંગલો જોયો છે. અને મેં કહ્યું, બીજી શરત પાસે જળાશય. તો કહે પાસે જળાશય છે. રામતલાવડી છે ત્યાં. ઓહો! સાહેબ, એટલો... તે વખતે સાહેબ, મને જે આનંદ થયો છે એ મારું દિલ જાણે છે. એણે કહેલું કે **અશક્યનું શક્ય થઈ જાય, ત્યારે ભગવાનની કૃપા પ્રત્યક્ષ છે.** મને તો ઘડીભર એમ થઈ ગયું કે દોડીને જઈને એને પગે લાગીને કહી આવું કે મળી ગયું.

## આશીર્વાદ, દર્શન, પગે પડવું એ બધું છોડો

પણ અમને કર્મ પરત્વેની વફાદારી ત્યારે એટલી બધી ભારે કે આપણે કર્મ છે તે પહેલું. જે મારે કામ કરવાનું છે, આ વખતસર હાજર થવાનું છે એ વાત પહેલી. એટલે મારા કામે ગયો. ને પછી પરવારીને છેક સાંજે આવ્યો. **તે નાહીધોઈને પછી એમને પગે લાગ્યો. આજે પણ જ્યારે જ્યારે મારા સદ્‌ગુરુનાં દર્શને ગયો છું, ત્યારે નાહ્યા ધોયા વિના હું પગે લાગ્યો નથી. અને જ્યારે જ્યારે પગે લાગ્યો હોઈશ, ત્યારે નવો સંકલ્પ એવો કર્યો છે, ફૂલ નથી ચડાવતો હું, માળા નથી ચડાવતો, ખાલી પગે નથી લાગતો. પણ એને પગે લાગવું હોય તો કાંઈ સમર્પણ જોઈએ આપણે. આ સમાજ તો ખાલી ખાલી પગે લાગે છે.** હું ના પાડું છું. ભઈ, આ દર્શનની વાત છોડી દો. આપણે આ દંભ સેવીએ છીએ. પણ દર્શન હોય ત્યારે મનમાં તો એટલો બધો ભાવ ભભૂકે. એટલો બધો ભાવ હોય. સાહેબ, હું રાજકોટમાં ગયો ત્યારે મારા જૂના બધા સાથીદારો ગાંધીજીના આશ્રમના એમના ગાંધીજીના પણ સાથીદારો. નામ તો બધાંનાં નહિ કહું, પણ બહુ મોટા માણસો. તે **મોટા**, અમે તો દર્શન કરવાં આવ્યા. મેં કહ્યું, ‘આ ખાલી બોલો નહિ. આ દંભ છે તમારો. એમને કહેતા મને જરાકે સંકોચ ન થયો. ભાઈ નંદુભાઈ હાજર હતા. મનમાં એવો ભાવનો ઊભરો જાગ્યા સિવાય માળા હાળા દર્શનની વાત કરો છો. આ દંભ છોડો. આ સમાજમાં તો મારું ચાલે તો એવા ઘણા દંભ ચાલે છે.

એટલે હું ના પાડું છું. કોઈએ દર્શનની વાત મારી આગળ કરવી નહિ. આશીર્વાદની વાત કરવી નહિ. કૃપાની વાત કરવી નહિ. કૃપા કે આશીર્વાદ મેળવવા પહેલાં એનું કામ કરો. એનું મન રીઝવો. એની કાંઈ સેવા કરો. તે પછી વાત કરો. ત્યારે આ દર્શન .......... ..... બહારગામથી આવે માળા હાળા, અમસ્તા પૈસા ખરચીને. સાહેબ, કેમ આવ્યા ? દર્શન કરવાં. અલ્યા ભઈ, આટલા બધા પૈસા ખરચવાની શી જરૂર છે ? **તારે ઘેર બેસીને કાંઈ સારું કામ કર પરમાર્થનું. એ દર્શન**

**છે. જો તમારે મારાં દર્શન કરવાં હોય તો મારું કામ કરો. એ દર્શન સાચાં દર્શન છે. આ ખોટી લોલુપતા છોડી દો. આ પગે લાગવાની વાત—અમારો સમાજ નામર્દ બની ગયો છે. જો ખરેખરી ભાવના પ્રગટે તો માણસ મર્દ બની જાય. જબરજસ્ત ભાવનામાં પરાક્રમ રહેલું છે. શૌર્ય રહેલું છે. ધીરજ રહેલી છે. સહનશક્તિ રહેલી છે. ભાવનાથી ગુણ જીવનમાં પ્રગટે છે. એ ન પ્રગટે ત્યાં સુધી આ પગે લાગવાની આ ઘેલછા બધી નીકળી જાય તે બહુ ઉત્તમ છે.**

## બાધા નહિ—પ્રભુસ્મરણ અને પ્રાર્થના

**અને કેટલાક મારી બાધા માને છે તેનો મને મનમાં બહુ અણગમો છે સાહેબ, ખોટી વાત છે. આ મને એના પૈસાય મળે છે સાહેબ, એ પણ કહું છું. આજે હું જાહેર કરું છું કે મારી કોઈ બાધા ના માને. એ ખોટો રિવાજ છે. અંધશ્રદ્ધા છે. એ તોડવી જોઈએ સમાજની. એટલો બધો ઘેલછાવાળો આપણો સમાજ છે.** પેલા ખેરાળુમાં પચાસ હજાર સાઠ હજાર લોકો જાય. સાલી... મને તો શરમ આવે છે. આપણી પ્રતિષ્ઠાને. આપણો સમાજ કેવો છે આ! અને લોકો આંધળા થઈને દોડે છે. એવા મહાત્માઓ આવે. આ ચમત્કારોની પાછળ ગાંડા થયેલા લોકો. હું કહું છું ચેતો. આ ખોટી વાત છે. આની પાછળ દોડો નહિ. **જ્યાં જ્યાં ચમત્કાર દેખો ત્યાં તમે બિલકુલ જાવ નહિ.**

ચમત્કાર આવા લોકોના જીવનમાં હોતા નથી એમ મારું નથી કહેવાનું, પણ કોક જવલ્લે એવું નિમિત્ત પ્રગટે ત્યારે આપમેળે થાય. દેખાડવાને ચમત્કારો થતા નથી. ભલે ગમે તે કરતા હોય, પણ દેખાડો કરવાને ચમત્કાર હોતા નથી. કે સત્ય સાંઈબાબા કરે છેને, તો જે કોઈ કરતાં હોય તેમને મુબારક. માથું નમાવું છું પ્રેમભક્તિપૂર્વક, પણ એથી તમને શું લાભ થયો ભઈ ? કોઈ કરોડાધિપતિ હોય તમને શું લાભ થયો ? એટલે મારી તો સમાજને પ્રાર્થના છે કે આ દર્શન કરવાંની, પગે લાગવાની બધી વાત છોડો.

મને અત્યારે દાક્તરે ઈંજેક્ષનો આપ્યાં છે. એક નોવેલ્જીનનું ને એક બાર્ગલનું એટલે કે શોષ તમને ઘણો પડશે. બોલાશે નહિ. એટલે તમે પાણી થોડું થોડું પીતા રહેજો. એટલે આ તમને જણાવાની ખાતર કહ્યું કે તમે બધાં મારા ભગવાન છો, સાચી હકીકત તમને જણાવવી જોઈએ.

એક ભાઈ અમદાવાદના છે, તે. દર મહિને આ મને કવર મોકલે. અંદર કાંઈ જ લખ્યું ન હોય. વીસ રૂપિયા મોકલી આપે છે. એટલા નિયમિત રીતે. એને ઘણી મારી પ્રાર્થના છે. તમારામાંના કોઈ હોય, એને સંદેશો મળે તો કહી શકાય તો કહેજો. અમે એને પહોંચ આપી શકીએ. અમે આમ તો જમા તો કરીએ છીએ ચોપડે. એની પહોંચ ફાડીએ છીએ. અનામી તરીકે, પણ દર મહિને નિયમિત આપ્યા કરે છે.

ત્યારે આ મારી કોઈ બાધા રાખશો નહિ ભાઈ. એ મારી તમને ફરીથી વિનંતી છે. એ ખોટી વાત હા, તમે મને આવીને વાત કરો. તે હું સાંભળવાને તૈયાર છું. મારાથી બનશે તો હું પ્રાર્થના પણ કરીશ. પ્રાર્થનામાં બહુ માનું છું. ઘણી પ્રાર્થનામાં માનું છું અને પ્રાર્થનાની શક્તિ પણ ઘણી ભારે છે, એ પણ હું જાણું છું. અનુભવથી, પ્રયોગથી કરીને કહું છું. મારા જીવનમાં મેં પ્રાર્થનાઓ કરેલી છે. કટોકટીની વેળાએ. મૃત્યુ સામે આવીને ઊભું રહ્યું હોય તે વખતે પ્રાર્થના કરેલી છે. એમ ને એમ નથી કહેતો.

સાપ કરડેલો મને. ઠક્કરબાપા સાથે સૂતેલા. હજુ શ્રીકાંત શેઠ તો જીવે છે. એને જઈને કોઈ પૂછી આવી શકે છે. છોત્તેર કલાક સુધી નૉન-સ્ટૉપ. અખંડ ભગવાનનું સ્મરણ મોટેથી ચાલ્યા કરેલું. અશક્ય વાત. કંઈ થઈ શકે નહિ. ભગવાનની શક્તિ વિના ખાધા-પીધા વિના છોત્તેર કલાક અને પછી મને વીસ કલાક પછી ઠક્કરબાપા મોટરમાં નાખીને લઈ ગયા. આણંદમાં રાયણના દવાખાનામાં. ડૉ. કૂકના દવાખાનામાં. ત્યાં એ લોકોએ મારાં આંતરડાં ધોયાં. પેટ સાફ કર્યું અને બધું તપાસ્યું કે આ છોકરો જીવે છે કેવી રીતે ? પણ એ પાદરી

લોકો ભગવાનને આપણા લોકો કરતાં વધારે માનવાવાળા, પણ ત્યારે પણ મારું ભગવાનનું સ્મરણ ચાલુ. ત્યારે આ ભગવાનની હું ભક્તિ કરું છું તે કોઈને દેખાડવા માટે કરતો નથી.

## મોટાનાં પુસ્તકો ખરીદો

હું કોઈને કહેતો નથી, પણ સતત મારી પાસે પેન્સિલ ને નોટ તૈયાર જ રાખું છું. આટલાં બધાં દર્દમાં આવાં ભગવાનનાં ભજનો થાય છે ને કેટલી બધી ચોપડીઓ છપાઈ ગઈ! પણ મારી તો તમને બધાંને વિનંતી છે કે આટલું બધું તમે સુરતના લોકો કરો છો. જોકે સુરતની પ્રજા આમાં હાજર નથી ઝાઝી બહુ જ નજીવા માણસો છે. તોપણ જો મારો સાદ પહોંચતો હોય તો કહું ભાઈ, આ મારાં પુસ્તકો લેજો, કારણ કે એ પુસ્તકોના પૈસામાંથી એક પૈસો મેં વાપર્યો નથી. જો હું બધું ભગવાનનું કહું બુદ્ધિ મારા બાપની કહીંથી ? બુદ્ધિ પણ મારા ભગવાનની છે. લાખ રૂપિયા ઉપરાંત મેં આમાં પરમાર્થમાં ખરચી દીધેલા છે. ચોપડે બધી રકમ જમા થઈ જાય છે. એ બહાને તમે એક નાનકડી ચોપડી દરેક જણ દસ દસ ચોપડી વેચી આપે તો મને કેટલો લાભ થઈ જાય ? એ પણ તમે વિચારજો ભાઈ. અહીં ચોપડીઓ પણ મૂકી છે. તો બધા જ ભાઈઓ થોડી લેશો તોપણ મને મદદરૂપ છે, કારણ કે મારે પૈસા જોઈએ છે.

## મોટાના પ્રસંગોના સાક્ષીઓ છે

પૈસા વિના તો કોઈ કામ થતાં નથી. એ નિમિત્તે પણ મને મળે પૈસા. અને કોઈક કહે **મોટા**, અમારે માટે લખો અમે ચોપડી છપાવીશું, પૈસા આપીશું. તો હું લખું છું. એમ ને એમ લખતો નથી સાહેબ. કોઈ ને કોઈ માણસો મને કહે છે અને એટલું જ નહિ, બીજી તમારે સાબિતી જોઈતી હોય તો આ **મોટો** જાણે છે. તો બીજી સાબિતી આપું. ભગવાન બોથડને વિદ્વાન બનાવે છે. કે હું જીવતોજાગતો દાખલો છું. હું હિમાલયની ગુફામાંથી આવીને બોલતો નથી. એની તમને ખાતરી

નહિ મળે. મારે તો મારા સાથીઓ જીવે છે. આજે પણ કે કેવો હું ભગવાનનું ભજન વગેરે કરતો હતો. એવા એકાંતમાં, એવી ભયંકર જગાઓમાં સિંહ રહેતા હતા, ત્યાં હું રહેલો છું. આ બધાં જાણે છે હકીકત. હિમાલયની ગુફામાંથી આવીને કહેતો હોત તો તમે ખાતરી શી રીતે કરી શકો બચ્ચાઓ ? પણ મારા જીવનમાં તો તમને ખાતરી મળી શકે એવી છે. તે ઉપરાંત, આટલા બધા રોગો છે. કોઈ પણ દાક્તરને પૂછી શકો છો કે રોગોવાળો માણસ આવું બધું કામ કરે છે એ કેટલી મોટી વાત છે ?

## ભાવવાહી વિષયો પર શાસ્ત્ર

પણ તે ઉપરાંત તો મુખ્ય વાત તો આ જ છે કે મને કોકે કહ્યું, કે, **મોટા**, તમે 'જિજ્ઞાસા' ઉપર લખો. જિજ્ઞાસા ઉપર. કેવું છે કે આટલું મોટું વિપુલ સંસ્કૃતનું સાહિત્ય પણ કાંઈ ન મળે. એ આપણી હિંદુસ્તાનની કોઈ ભાષામાં જિજ્ઞાસા ઉપર શાસ્ત્ર નહિ મળે. તો એના પર શાસ્ત્ર લખ્યું. સાહેબ, 'જિજ્ઞાસા'. એવી રીતે 'શ્રદ્ધા', 'ભાવ', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મ-ઉપાસના' અને હમણાં 'સદ્‌ગુરુ' પણ પૂરું કર્યું મેં. આ કાંટાવાળા સાહેબને લખાવતો હતો. બહુ માંદગી, ભયંકર દર્દ થતું હતું તે વેળા લખાવેલું, અને આજે પણ દર્દ થાય છે ત્યારે લખાવ્યું.

હમણાં હું 'સ્વાર્થ' ઉપર લખું છું. એક જણે મને 'સ્વાર્થ' ઉપર લખવા કહ્યું. મને એમ થયું કે સાલું 'સ્વાર્થ' ઉપર શું લખવું ? સ્વાર્થ તો દેખીતો જ છે. મેં એમને એમ તો કહ્યું, ''સાહેબ, સ્વાર્થ ઉપર તો નહિ લખાય. એમાં શું લખવું છે ?'' પછી મને એમ થયું સાલુ નજીવુંમાં નજીવું જે હોય તેના ઉપર શાસ્ત્ર લખીએ ત્યારે આપણે ખરાં. ગુરુમહારાજ કહે ત્યારે આપણે ખરાં ભઈ. લખ દીકરા. તો 'સ્વાર્થ' ઉપર લખવા માંડ્યું છે. ચારસો પચીસ ઉપર કડીઓ થઈ ગઈ છે, અમે ચોપડી વેચી આપીશું, તમે લખો. તો જ હું લખીશ અને એમ ને એમ તો લખવાનું લખતો નથી હું. ને એવી રીતે લોકો મને મદદ કરે છે.

આ મારા શરીરના કષ્ટમય દિવસો ભગવાનનાં ભજન લલકારવામાં જાય છે, એ મારે માટે ઉત્તમ ભગવાનની સમર્પણાંજલિ છે. એટલે કોઈને દિલ થાય તો કહેજો ભાઈ.

## દીક્ષાવિધિ

હવે, આ દીક્ષા દિવસ જ્યારે મને લેવડાવ્યો ગુરુમહારાજે, ત્યારે સાહેબ, કાળ જુઓ વસંતપંચમી હતી. વસંતપંચમી આજે તો નથી. પણ રવિવાર આવે. બહાર ગામથી લોકોને આવવાની સરળતા પડે એટલા માટે આ રવિવારનો દિવસ રાખ્યો છે, પણ એણે દિવસ વસંતપંચમીમાં બધું ખીલે. ઝાડ, પુષ્પો, વગેરે બહાર, કુદરતના સૌંદર્યની બહાર ખીલે. એવી રીતે આપણા જીવનમાં પણ આવી વસંતપંચમી ખીલી ઊઠે. એક Symbolic action હતું ગુરુમહારાજનું.

મને આમ બેસાડ્યો કે તું હવે આમ આવીને વિચાર વિનાનો થઈ જા. મેં તો કહ્યું, ''સાહેબ, નથી થવાતું.'' ''શું કહે છે અલ્યા ત્યારે ?'' મેં કહ્યું, ''સાહેબ, નથી થવાતું. મને તો ઘણા વિચારો આવે છે કે એમને માથે મૂકીને મારી મૂર્તિ સામે રાખ.'' મેં કહ્યું, ''મૂર્તિ તમારી રહે છે, પણ વિચારો તો હજુ આવે છે.'' કે કહે મારી મૂર્તિ રહે છે ને તને વિચાર આવે છે તે મારી મૂર્તિમાં તને હજુ પ્રેમ નથી. મેં કહ્યું, ''સાહેબ, એકદમ તો શી રીતે પ્રેમ થઈ જાય ? ક્ષણ વારમાં કાંઈ એવો પ્રેમ થઈ જાય નહિ. આપણે હળીએ-ભળીએ, ભેગાં રહીએ તો કાંઈ થાય તો કાંઈ તમારામાં મન રહે. એકદમ તો ના રહે.'' તો કહે ફરીથી કર. મૂર્તિ આમ મારામાં રાખી આંખો બંધ કરી અને મૂર્તિ સામે રાખ અને પછી વિચાર બધા બંધ થઈ જાય તે જો. ફરીથી કર્યું. મને તો વિચાર આવવા જ લાગ્યા. મેં કહ્યું, 'સાહેબ, વિચારો તો બહુ આવે છે. ઓર વધારે આવે છે. ત્રીજી વાર કરાવ્યું. સાહેબ, એ થયું નહિ. એમના મનમાં કંઈ સંકલ્પ હશે, એ ભાવના મૂકતા હશે, બનતું હશે પણ મારું મગજ સ્વીકારી શકતું ન હતું. મને તો જે થયું તે મેં તો કહ્યું, પણ એમને ચીડ

ચઢી હશે કે ગમે તેમ કે પહેલેથી ખોળી રાખ્યું હશે કે પ્લાનિંગ હશે, એની પૂરી યોજના હશે મને ખબર નહિ. મોટો ખીલો, આવડો મોટો, આગળ આટલો મોટો એનો ડટ્ટો મોટા ખીલા લોખંડના આવે છેને સાહેબ! છ, સાત, આઠ ઈંચના ને આગળ લોખંડનો ડટ્ટો. એક ડટ્ટો એવો અહીં જોરથી માર્યો સાહેબ, અને એટલા બધા જોરથી માર્યો કે શરીર બેભાન થઈ ગયેલું મારું. અને જે હું પલાંઠીવાળીને પદ્માસન વાળીને બેઠેલો એની એ સ્થિતિ. ત્રણ દિવસ વીતી ગયેલા.

પછી જ્યારે ભાન આવ્યું પછી મને મસાજ કરતા હતા, એ પગે ને બધે. અલ્યા છોકરા હવે વિચાર આવતા હતા ? મેં કહ્યું, ''ના, વિચાર-બિચાર કશું નહિ સાહેબ. આ તો તમે મને અહીં ઠોક્યો અને ખલાસ થઈ ગયું બધું મને. બિલકુલ વિચાર નહિ.'' ત્યારે કે શું હતી તારી સ્થિતિ ? કોઈ જાતના વિચાર જ નહિ સાહેબ, એવી કોઈ સ્થિતિ હતી અને મને કહ્યું કેટલા વાગ્યા ? કેટલા કલાક રહ્યું આવું ? મેં કહ્યું, ''રહ્યું હશે પા કલાક, વીસ મિનિટ.'' કારણ મને તો એમ જ ખ્યાલ પા કલાક અને કે પા કલાક વીસ મિનિટ નહિ. મેં કહ્યું, ''કેટલો કલાક ? અડધો કલાક ?'' અરે શું અડધો કલાક! તો કે ના. પછી તેમણે કહ્યું, ''ત્રણ કલાક. ત્રણ દિવસ થઈ ગયા.'' અરે! મેં કહ્યું, ''શું વાત કરો સાહેબ ? હવે મારું કામકાજ ગયું. મેં બગાડ્યું ને આ શું સાહેબ ? ભારે. આ તમે શું કરો છો મને ? સાહેબ, અમને કર્મની વફાદારી ત્યારે ઘણી હતી. ગાંધીજીની સાથે રહેલા તે. મને તો આઘાત પણ લાગેલો. સાચું કહું છું. ન થવો જોઈએ. બહુ મોટામાં મોટો અનુભવ આવો થયો. પણ મેં કહ્યું, ''આ કર્મ. આ કાંઈ સાહેબ ભારે ભયંકર મેં ભૂલ કરી.'' જોકે મેં લખી દીધું. ઠક્કરબાપાને કે આવી રીતે થયું હતું અને ત્રણ દિવસ હું બેભાન અવસ્થામાં શરીરથી હતો. જઈ શક્યો નહિ મારાં કામ પર. મને માફ કરજો અને મારી રજા ગણજો. પણ એવી દશા થયેલી.

## મોટાની ભજન-ભક્તિ

ત્યાર પછી એણે મને બધાં સાધનો બતાવ્યાં. દીકરા, જો તારે ભગવાનનું સ્મરણ કર્યા કરવું. પ્રાર્થના કરવી. ભજન-કીર્તન ગાવાં. અને તારે શરમ-સંકોચ છોડી દેવાં. રસ્તામાં જતાં કરતાં પણ ભજન ગાવાં. નડિયાદમાં મારી સમકક્ષ વયના જે લોકો છે આજે પણ જાણતા હશે. અને હું ભજન ગાયા કરતો... નડિયાદમાં ભજન ગાતાં ગાતાં જ ફરતો. આ મારી શરીરની જ્ઞાતિવાળા મારા નરસિંહકાકા અહીં પધાર્યા છે. મારી જ્ઞાતિમાં બહુ પ્રતિષ્ઠાવાળા. ઘણા પ્રતિષ્ઠાવાળા. ત્યાં એમના પિતા હતા તે જાણતા હતા, તે ભજન ગાતો ગાતો જઉં પણ અમારી ન્યાતમાં એમનો એકલાનો જ સહકાર મને. સહાનુભૂતિ હતી, કારણ કે એ સત્સંગી આદમી હતા. આજે પણ કોક એવા માણસો મળે તો એને ખબર પડે આ **મોટા** છે તે ફરતાં ફરતાં ભગવાનનું. કાકરખાડને રસ્તે જતાં હંમેશાં ભજન ગાતો જતો હોઉં, ત્યારે કોઈ છોકરા મારા પર ધૂળ નાખે કરે, ત્યાં એક મગન રાજા કરીને હતા. રાવજીકાકા જાણોને ? તે મગન રાજાએ બે-ચાર વખત છોકરાંઓને મારીને હઠાવેલા કે હવે જો આ છોકરા ઉપર તમે ધૂળ નાખી તો આવી બન્યું સમજજો. ત્યાં એનો કડપ બહુ હતો. રાવજીકાકા, મગનકાકાનો. તે હોતે નહિ ને આપણો કેસ સાહેબ, રેલવેના પાટાનો. જે એમાં ખુવાર થઈ ગયા બિચારા તે. એવા મને લોકો મદદ પણ કરતા હતા. બચાવતા ખરા. છોકરાંઓ હેરાન પણ કરતા, પણ હું ભજન ગાવાંમાં જ મસ્ત.

તે એણે મને બતાવ્યું કે અભય, નમ્રતા, મૌન અને એકાંત છોકરા તારે પાળવા. આ ભગવાનનું સ્મરણ અખંડ કરવું. પ્રાર્થના કરવી. આત્મનિવેદન કરવું. સન્મુખતા અને સમર્પણ કર્યાં કરવું. જે તે બધી વૃત્તિઓનું, વિચારોનું, સ્થૂળ કર્મનું, સંસારનું, વહેવારનું. આ પણ આ બધું કર્યાં કરતો હું. અભય અને નમ્રતા એ અંતર્મુખતા વધારે છે. જેને કરવું હોય સાધન તેને સાહેબ, અને **એમ ને એમ માથે હાથ મૂકે ને આશીર્વાદમાં મળી જાય એવી વાત નથી.** હું તો ના પાડું છું. મારો

સંગ જેણે કરવો હોય તે કરજો. ના કરવો હોય તો મને વાંધો નથી. જાતે પરસેવો પાડ્યા સિવાય આ જ્ઞાન મળી શકવાનું નથી, સાલા, તમારા રોટલા રળવાના આઠ કલાક મહેનત કરો છો તમે. આ **સ્વાર્થના રોટલા રળવાને માટે આઠ કલાક મહેનત કરો છો. તો ભગવાનનું તમે લક્ષ્મી મેળવવી છે, તે રમતમાં નહિ મળે સાહેબ.**

ખોટી વાત છે. જે કોઈ કહેતા હોય તેની પાસે જાવ, અને કોઈ કહેશે તો આ ખોટી વાત છે. જાતે મહેતન કર્યા સિવાય પળેપળની Awareness, એક પળ બાકી નહિ. પળેપળ અખંડતા એની સભાનતા પળેપળ જાગે ત્યારે જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એમ ને એમ નહિ થાય. જાતે જ મથવું પડશે. તો કે આ સદ્‌ગુરુના આશીર્વાદ ખપમાં લાગે ખરા. પણ સદ્‌ગુરુમાં ક્યાં ભળ્યા, ગળ્યા ને હળ્યા છો, મળ્યા છો ? આ વેશ મેં બહુરૂપીનો લીધો છે. **જોઉં છું કેટલાય લોકો ખંડન કરે છે. અરે સાહેબ મારું ખૂન કરી નાખે છે. કેટલાય લોકો એવું નકારાત્મક વિચારે કે જેનો ઘડો-ઘાડો જ ન મળે. અલ્યા ભઈ કોણે તમને તમારે ઘરે હું ચોખા મૂકવા આવ્યો હતો ? કંકુના ચોખા મૂકવા તમારે ત્યાં આવ્યો નથી હું. તમે મને સ્વીકાર્યો તમારી મેળે ને પછી મારા હાળા તમને શરમ નથી આવતી ? તમારી જાત ઉપર તમે વફાદાર નથી. હું તો એમ કહું છું. જાહેરમાં કહું છું, પણ ઘણાય લોકો કરે છે, પણ હું તો પ્રેમ જ રાખું છું, કારણ મારું બિરદ તો ચાહવાનું જ છે, પણ એ ભગવાન ક્યાં જુએ છે ?**

## કર્મની ફિલોસોફી

સાહેબ, જૈન લોકો કર્મના ઉપર બહુ, કર્મના સિદ્ધાંત ઉપર એ લોકો બહુ... અને એટલા બધા પૃથક્કરણમાં ઊંડા ઊતરેલા છે. જૈન ધર્મ એ... એવો બીજો કોઈ ધર્મ ઊતર્યો નથી, પૃથક્કરણની બાબતમાં. વૃત્તિઓ, તેના વિભાગો, તેના વિભાગોમાં. પણ એમના એક નાનચંદ્રજી મુનિ કરીને બહુ પ્રખ્યાત થઈ ગયા. અહીંયાં કોઈ જૈન હશે

તો એને ઓળખશે. એ જ્ઞાની પણ હતા અને કવિ પણ હતા. સાક્ષર પણ હતા. પ્રાર્થનાના બહુ પરમ ભક્ત ને બધા ધર્મો પરત્વે સમભાવનાવાળા તે ઘણીવાર સત્સંગ થાય.

એ કર્મની ફિલૉસોફી ઉપર કહે. મેં કહ્યું, કર્મમાં તો હું માનું છું. કર્મનું પરિણામ પણ છે, પણ જો એકલો માત્ર કર્મનો શુદ્ધ ન્યાય જ હોત તો એક પળવાર પણ આપણે જીવી શકીએ નહિ. સાહેબ, તમે વિચાર કરજો. આ જીવનમાં આપણે કેટલાંય એવાં કુકર્મો, અન્યાયો, અણગમતા એવા ભગવાનને કર્યાં હશે. આટલા આ જ જીવનમાં આટલું આપણું હયાત જીવન છે તેમાં પણ અને તે પછીના જીવનમાં તો કેટલાંય કર્યાં હશે. તે કર્મનો જો શુદ્ધ ન્યાય મળે તો એક પળ વાર પણ આપણે જીવી શકવાને લાયક નથી, પણ સાથે એક કરુણા છે. **કરુણા એ આત્માનો ગુણધર્મ છે.** એ ભગવાનની કરુણા છે તે સાથે સાહેબ. મુનિ મહારાજને હું પગે લાગીને કહેતો, સાહેબ, તમે આ અંગે વિચારો. તમારે ત્યાં માણસ તમારો ચેલો હોય. ભૂલ કરે છે તો તમે શું કરો છો, વધારે ? એને જતું કરો છો કે નહિ એને તમે ? એમ તો ખરેખર ખરેખરો જ્ઞાની પુરુષ હોય તો એને વધારે ચાહે. એને છોડી નહિ દે. ભગવાન કોઈને છોડી નથી દેતો. ભગવાન પાપપુણ્ય કોઈનાં જોતો નથી. અને જોયાં હોય તો પાપીઓના ઉદ્ધાર થઈ ગયેલા છે. એવા મોટા મોટા ભક્તો થઈ ગયેલા છે. ઇતિહાસને પાને ચઢેલા છે. પ્રસિદ્ધ થઈ ગયેલા છે.

## મોટાનું કામ સૌને ચાહવાનું

એવો મારો પણ ધર્મ એ જ છે કે બધાંને ચાહવું. ઘણા લોકો **મોટા**, ફલાણો તમારા આશ્રમમાં આવે છે. મેં કહ્યું, ‘‘તને શું થઈ ગયું ભઈ ?’’ છોને આવતો. મારું કામ તો બધાં જે આવે તે ભલે આવે. મારું કામ તો ચાહવાનું છે. હું કાંઈ કોઈનું દુષ્કર્મ જોતો નથી. પાપપુણ્ય જોવાનું કામ મારું નથી. મારું કામ ચાહવાનું છે. તે હું ચાહવાનું કર્યા કરું. પરિણામ પણ હું ઇચ્છતો નથી. અમને તો ગીતામાતા સામે

પોકારે છે. અલ્યા, દીકરા, પરિણામની ચિંતા કરતો નહિ પણ મારા બેટા જે ને તે પરિણામ જ પહેલું મૂકે છે. ત્યારે એ નહિ ચાલી શકે. આ બધાં આ ભગવાનની વાતો તમે કરો. ભગવાનને પંથે ચાલવાની વાત કરો ને પરિણામ સાથે, સામે રાખો તે નહિ ચાલી શકે.

## શ્રીબાળયોગીની આજ્ઞા પ્રમાણે સાધના

ત્યારે આ ગુરુમહારાજે, મને આવી રીતે દીક્ષા આપી કે ભગવાનનું સ્મરણ કરવું. અખંડ બનાવવું અને સાહેબ, મથેલો એના માટે. એનું પ્લાનિંગ મેં કરેલું કે રોજ અઢી કલાક લેવું. ન થાય તે દિવસે ખાવું નહિ, અને દર પાંચ-પંદર દિવસે દસ-દસ મિનિટ વધારવું. એમ કરીને મથેલો સાહેબ. ચૌદ-પંદર કલાક સુધી તો લઈ ગયો હતો. પછી થાય જ નહિ, પણ આ સાપ ભગવાને કરડાવ્યો અને અખંડ મને કરાવડાવ્યું.

ત્યારે સ્મરણ, પ્રાર્થના, ભજન-કીર્તન, આત્મનિવેદન, સમર્પણ, સન્મુખતા, કારણ કે ભગવાનને તો આકાર નથી, સ્વરૂપ નથી તો કોનું સ્વરૂપ સામે રાખવું ? મનને સ્થિર કરવાને માટે સ્વરૂપની બહુ જરૂરિયાત. કે મન નિરાકારને નહિ પકડી શકે. બારમા અધ્યાય ગીતાજીમાં કહે છે, ‘જગે જાણ્યે અજાણ્યે સહુ સાકારને સ્તવે.’ સાકારને જ મન પકડી શકે એવી શક્યતાવાળું છે. એટલે હું મારા સદ્‌ગુરુ મહારાજને સન્મુખ રાખતો. પણ સદ્‌ગુરુનું શરીર એ કાંઈ સદ્‌ગુરુ નથી. ત્યાં મેં સદ્‌ગુરુ ઉપર લખ્યું છે એમાં ઘણું બધું લખ્યું છે એ વિશે. એમાં રહેલું ચેતન જે છે એ જ આપણો ખરો ધર્મ છે. એ જ આપણો આદર્શ છે. એ પરત્વે જવું.

ત્યારે આ બધાં સાધન જોડેજોડે કરતો. અભય, નમ્રતા, મૌન અને એકાંત. કોઈ દિવસ ઘરમાં સૂતો નથી. શરીરમાં ગમે તેટલો તાવ આવ્યો હોય, માંદું હોય. હજુ જેને પૂછવું હોય તો પૂછો. પછી કોઈ સાક્ષી મળશે નહિ. ગાંધી આશ્રમમાં મારાં વિધવા ભાભી છે હજુ. મારાથી ચાર વર્ષ મોટાં. એને પૂછી જોઈ શકો છો. જેને પૂછવું

હોય તેને. ઘરમાં સૂતો નથી. ગમે તેવી ભયંકરમાં ભયંકર જગાઓ જ્યાં સાંભળું ત્યાં જઈને સૂવું. અભય કેળવાય. એમ ને એમ અભય નહિ કેળવાય સાહેબ. જાતે કરેલી છે આ વાત. એ તો સામનો કરવો પડે. સામે જવું પડે. એવી સ્થિતિમાં મુકાઈ જવું પડશે. ત્યારે આ ગુરુમહારાજે દીક્ષા આપી. આ પ્રમાણે બધું વર્તવાનું કહ્યું. એ પ્રમાણે વર્ત્યાં કર્યું.

## દાન, પરમાર્થની સમજણ

અને મારી તો બધાંને પ્રાર્થના છે કે સંસારમાં છીએ. આપણે ગૃહસ્થાશ્રમ ચલાવવાનો છે. સ્વાર્થ તો કરવો જ પડશે ભાઈ એમાં તમારું ચાલવાનું પણ નથી, પણ સાથે સાથે પરમાર્થ પણ કરતા રહો.

આ બે પલ્લાં છે. દ્વંદ્વ સ્વાર્થ અને પરમાર્થ. તે એકલા સ્વાર્થમાં રચ્યાંપચ્યાં રહીશું તે નહિ ચાલે સાહેબ. આજે લોકો દાન કરે છે ખરા, પણ દાનને આજે હું દાન કહેતો નથી. વહેવાર થઈ ગયો છે કે ફલાણાંએ આટલા આપ્યા, આણે આટલા આપ્યા એટલે એટલા મૂકો ભાઈ આપણે. ત્યારે હવે દાનની પ્રથા પણ વહેવાર થઈ ગઈ. એની પાછળ જ્ઞાન નથી. કોઈ સભાનતા નથી. ઉચ્ચ આદર્શ, ઉચ્ચ ભાવના નથી. આપણો ધર્મ છે ને આપણે કરવું જ જોઈએ. એ જાતની સભાનતા વિના થયેલું કામ એ કામ નથી. તેનાથી જીવનમાં ઉત્કર્ષ નહિ થાય. **ઘરેડ પ્રમાણે કરેલું કોઈ પણ કર્મ ઉદય વર્તમાન જીવનમાં ભાવનાનો વિકાસ પ્રગટાવી શકતું નથી.** ત્યારે મારી તો પ્રાર્થના છે ભાઈ કે સ્વાર્થ તો આપણે માથે પડેલો જ છે ને આપણે કર્યા સિવાય છૂટકો નથી, પણ પરમાર્થ કરતા રહો.

**પરમાર્થ એટલે માત્ર તમે આધ્યાત્મિક વાંચન વાંચો એને હું પરમાર્થ કહેતો નથી સાહેબ.** એ તો છોડો, હું એમ કહું છું. આ એક લપ છે. એની પાછળ ઘણા લોકો પડેલા છે. એના કરતાં કાંઈ પ્રત્યક્ષ સારું કામ સમાજનું ભલું થતું હોય એવું કરો. તો કે શું ભલું થતું હોય ? તો સૂઝી આવશે. કરવાની દાનત જાગશે ત્યારે આપમેળે સૂઝશે. **પરમાર્થ વિના**

**આપણો સમાજ કંઈ બેઠો થવાનો નથી.** આ ભાવના પણ જાગવાની નથી. આપણો સમાજ સ્વરાજ મળ્યું છે, પણ સ્વરાજની લાયકાત આપણા સમાજમાં હજુ જન્મી નથી સાહેબ.

અને આ ઘણા રાગદ્વેષ સાહેબ. આ ટંટાફિસાદ એટલા બધા વધી ગયા. આ કૉંગ્રેસવાળા પણ માંહોમાંહે પક્ષો પાડીને જે બધાં સમાજને હેરાનગતિ થાય છે. સત્યાગ્રહ ભલે કરાવે. આપણે ના નથી કહેતાં ભઈ, પણ એમાં નિર્દોષ માણસો બિચારા માર્યા જાય છે. અને ગાંધીજી હતા એક. પણ સાથે સાથે એ ભાવના પણ જગાડતા ભાઈ સમાજની. જોકે સમાજનાં માથાં એણે ફોડાવ્યાં, લાઠીઓ ખવડાવી, લોકો મરી પણ ગયાં, જેલોમાં પણ ઘણાં ગયાં. પણ તે કાળે ભાવનાનો જે ધોધ ઊછળતો હતો, તે કાળના દિવસો જે કોઈ યાદ કરે તેને મારી વાત સાચી લાગશે. એ ભાવનાનો ધોધ જે તે કાળે ઊછળતો હતો તે આજે નથી. એ ભાવનાની ભૂમિકામાં ગાંધીજીએ આ બધું કરાવ્યું છે.

## વિરોધીઓ પ્રત્યે ગાંધીજીનું વર્તન

ગાંધીજી એટલા બધા રાગદ્વેષથી મુક્ત હતા કે એના ભારેમાં ભારે વિરોધીઓની સાથે પ્રેમ કરતા સાહેબ. અનુભવની સાચેસાચી હકીકત. એની બેસંટ હતાં. એ પોતે પણ દેશભક્ત. એને માટે ગાંધીજીએ સરકારને પકડી ત્યારે એ પણ તૈયારી કરેલી છોડાવવાને માટે, પણ એ Non-cooperation અસહકારની ચળવળ શરૂ કરી ત્યારે રોજ મદ્રાસથી છાપું કાઢતાં એ. તે ગાંધીજીની વિરુદ્ધમાં એટલું બધું આવે એમાં. પણ ગાંધીજી એ જોઈ જાય. ઘણાય લોકો કહે અરે! બાપુ, તમે આ શું કરવા વાંચો છો ? તો કહે નહિ. એ પણ બધું જોવું જોઈએ. આપણા વિરોધમાં અને એવા માણસોને પણ એ મળતા એવો પ્રસંગ નીપજે તો. અને એમના વિરોધમાં જેણે જેણે લખ્યું હોય તેને તક મળી છે, ત્યારે ગાંધીજી મળ્યા સિવાય રહ્યા નથી. ઘણાય એવા પ્રસંગો એમના જીવનમાં છે. ગાંધીજીના અમારા આશ્રમમાં પણ કેટલાય બધાં! તો કે આને આટલો બધો સમય શું કરવા આપો છો ? એને વધારે આપે. **ગાંધીજીના જે**

**વિરોધીઓ હતા તે જો આવે ગાંધીજી પાસે એને સમય વધારે આપે. ત્યારે એ પ્રત્યક્ષ જીવનમાં જેણે વર્તી બતાવ્યું છે, તે વિરોધીઓ પરત્વે આવો એટલો બધો રાગદ્વેષથી મુક્ત એવો સદ્‌ભાવ દાખવ્યો છે. એવી સ્થિતિમાં એ પ્રજાને અસહકાર કરાવતા.**

આજે એવા માણસો મળવા દુર્લભ છે. હશે, નહિ હોય ભઈ, ભલભલી પૃથ્વી પડી છે. એમાંય રત્નો પડ્યાં છે. હશે. કાંઈક નહિ હોય એવું મારું નથી કહેવું, પણ આજે એ વાતાવરણ નથી. એ ભાવની ભૂમિકાનો ધોધ જેવો ભાવ ઊછળતો હતો ત્યારે એવો અને એ ભાવ ઊછળતો હતો, તેથી તો હજારો જુવાન છોકરાં-છોકરીઓએ બધાંએ ત્યાગ કર્યો છે. માથાં ફોડાવ્યાં છે અને ભયંકર પોલીસના અત્યાચારોની પણ સામે થયેલો છે, સમાજ. તે કાળે. એ ભાવનાના ધોધને લીધે અને એ સ્થિતિમાં, એ ભૂમિકામાં ગાંધીજીએ આ સત્યાગ્રહ ચલાવ્યો છે. આજે એ ભૂમિકા નથી. તોપણ સત્યાગ્રહ ચાલે છે. એમાં બિચારા, નકામા નિર્દોષ લોકો અને સમાજને ઘણી હેરાનગતિ ભોગવવી પડે પણ સમાજને એ ભાન નથી. બધા હઈસો હઈસોમાં બધા ઊછળે છે. ઊછળવા દો. હું તો કહું થવા દો, પણ મારી છેવટે એક જ પ્રાર્થના છે ભાઈ. સ્વાર્થ તો તમારે કરવો જ પડશે. તમારે છૂટકો નથી પણ સાથે સાથે પરમાર્થ કરશો.

તમને પૈસા મળ્યા છે, એ તમારા બાપના નથી. હું એમ જાહેરમાં કહું છું. તમે સમાજ પાસેથી રળો છો. આ સમાજવાદનો ધર્મ છે, એટલા માટે હું નથી કહેતો સાહેબ. હું તો ધર્મનો માણસ થઈને કહું છું. **ધર્મનો માણસ સ્વાર્થ એનો ઘટી ગયો હોય તો જ ધર્મ. ત્યાગ અને પરમાર્થ જેના જીવનમાં મોખરે છે તે જ ધર્મ પાળે છે. એમ જાણજો. આ લક્ષણ. તે સિવાય ધર્મ નહિ સાહેબ. ભલેને એ મંદિરે જતો હોય ને ટીલાં કરતા હોય ને રોજ બે કલાક સેવા કરતો હોય, પણ જો એના જીવનમાં ત્યાગ ને પરમાર્થ મોખરે નથી. ત્યાગ, તપ અને પરમાર્થ મોખરે નથી, તો એ ધર્મ પણ પાળતો નથી.**

ત્યારે આપણા સમાજને સ્વરાજ મળ્યું છે તે બેઠો થવાને માટે આની જરૂર છે. ભજન-કીર્તન આખી રાત કર્યા કરીએ એ બધાંની જરૂર નથી. એ ના કરીએ એવું મારું કહેવાનું નથી, પણ એનાથી કરીને જો તમારા જીવનમાં ગુણ, ભાવ અને શક્તિ ના પ્રગટ્યાં તો એનો અર્થ શો ભાઈ ? સાલી, ભાંગ પીવે તો તમને ખબર પડે છે. કામ, ક્રોધ જાગે છે, વાસના જાગે છે તોય ખબર પડે છે, તો તમે ભજન કર્યા કરો ને નામર્દ રહો એ કદી કાળ બને ભાઈ ? પણ કોને આ બધું સમજવું છે ? છેલ્લી એક જ મારી પ્રાર્થના છે કે ભાઈ તમે સ્વાર્થ કરતા રહેજો પણ સાથે પરમાર્થ પણ કરતા રહેજો.

## કાળના એંધાણ

સાહેબ, કાળ બહુ વિપરીત આવે છે. કાંઈ ભડકાવાનું મારું કામ નથી. પણ સાચી વાત કહું. હું ૧૯૪૪ની સાલમાં એક રાજાને ત્યાં જમવા ગયેલો. મારો મિત્ર વજુભાઈ જાની હાજર હતો. મેં કહ્યું, ‘સાહેબ, આ રાજ તમારાં જતાં રહેવાનાં છે.’ અરે! કહે શું **મોટા**! તમે વાત કરો છો! ભાંગ પીધી છે કે શું ? કહ્યું, ‘સાહેબ, ભાંગ નથી પીધી. હું કાળના એંધાણથી કહું છું કે આ રાજ તમારાં જવાનાં છે. તે ગયાં. તેવી રીતે આજે પણ કહું છું કે આ પૈસા જવાના છે ભાઈ તમારા. સલામત સ્થિતિ આપણા દેશની રહેવાની નથી. અંધાધૂંધી આવવાની છે. આ જે એંધાણ મને દેખાય છે એ હું મારાં સ્વજનોને સમાજને ચેતવું નહિ તો ઠીક નહિ. એટલે એ કાળ આવવાનો છે. તો પછી પરમાર્થ કરો ભાઈ.

## મોટા, કુશળ અર્થશાસ્ત્રી

તમારાથી જેટલા સચવાય એવી રીતે સાચવો પૈસા અને પૈસા પણ ચીજવસ્તુમાં રોકજો. દિવસે દિવસે પૈસાનું અવમૂલ્યન થતું જાય છે. Depreciation થાય છે રૂપિયો. આજથી નથી કહેતો. આ દાક્તર અમારા કાળા કોટવાળા હાજર છે, પૂછો, એમને ત્યાં હતો ત્યારથી કહું છું. અલ્યા પૈસા તમારા ચીજ-વસ્તુમાં રોકો. નાનાભાઈ દાક્તર છે ? વચ્ચે એક સ્વજન : પેલા ઊભા છે.

સાહેબ કહેલું કે નહિ ? સાચી વાત ? નહિ તો આ લોકો કહેશે બેઠાં બેઠાં **મોટા** તો ભાંગ પીને ગપ્પાં મારે છે. તમારા પૈસા હોય તો ચીજ-વસ્તુમાં રોકજો. એ Appreciation થશે અને રોકડા પૈસા રાખ્યા. એની સલામતી નથી આ રાજમાં.

હું તો આજે પણ કહું છું તમને કે આપણા દેશમાં આ પૈસાનું અવમૂલ્યાંકન પણ આજે નહિ તો કાલે થવાનું છે. ક્યારે થશે તે કહેતો નથી, પણ એટલો બધો ફુગાવો વધતો જાય છે અને એનું રૂપિયા ઘટાડ્યા સિવાય ચાલશે નહિ. સોના પચાસ થઈ જશે. ગમે ત્યારે પણ ચીજ-વસ્તુમાં તમે રોક્યા હશે તો માણસ બચી શકશે. અને આ ભાવ વધારો છે તે અમસ્તાનો. સાચી વાત તો સાહેબ આ છે. હું કંઈક અર્થશાસ્ત્રનું શીખેલો છું. એકલો ખાલી ખાલી ભગત નથી સાહેબ. મેં બધા વિષયોનો અભ્યાસ કરેલો છે. તે આ ફુગાવાનું કારણ આટલા બધા ભાવ વધે છે.

જો હું સરકારમાં હોઉં તો પ્રજાને, તો Confidence વિશ્વાસમાં લઉં કે ભાઈ આ અમારા ફુગાવાની નીતિને લીધે આ ભાવ વધે છે. આ લોકો - ઘણા લોકો આપણને જુદાં જુદાં કારણો આપે છે, પણ આ ફુગાવો તો વધતો જ ચાલે છે. લીલી નોટો છાપ્યાં જ કરે છે. ત્યારે એનો અંત કેવી રીતે આવશે ? જતે દિવસે એને આ રૂપિયાનું અવમૂલ્યાંકન કરવું જ પડશે. ત્યારે તમારા રૂપિયા જો ચીજ-વસ્તુમાં હશે તો જ બચી શકશે. સ્વાર્થની ખાતર એટલું તો કરજો તમે. અને મારી સલાહ માનેલી. કેટલાય લોકોને ફાયદો થયેલો છે, પણ ફાયદો થાય કે ન થાય. એના માટે હું કહેતો નથી પણ હું તો વસ્તુસ્થિતિ જે થવાની છે, તે સામે જોઈને કહું છું કે ભઈ આવો કાળ આવવાનો છે. સહીસલામતી રહેવાની નથી આપણી.

અને આ સમાજ. આ તો ગરીબોની વાત કરે છે. તે ભલે કરે. પણ એ વાત ખોટી નથી. કે આપણે આપણો સમાજ ને જેમ આપણા ઘરમાં માંદું હોય તેની વધારે સંભાળ રાખીએ છીએ. દાક્તરને બોલાવીએ. એની સેવા કરીએ. તેવી રીતે આપણું એક સમાજરૂપી

અંગ છે, એમાં જે ગરીબો છે એને આપણે સમાજે અવગણ્યાં. તે વાત તદ્દન સાચી છે. એ ઉપર આવે. એમને કામ-ધંધો મળે, રોજગારી મળે, ખાવાનું મળે. એ સમાજે આજે નહિ તો કાલે કરવું જ પડશે. છૂટકો નથી. એ પછી ઇંદિરાબહેન કહેતાં હોય કે X Y Z કહેતું હોય એ વાત સાચી છે, પછી એ રાજકીય હેતુને માટે કહેતાં હોય તો એ જાણે પણ અમારા ધર્મની દૃષ્ટિએ તો વાત સાચી છે.

ધર્મ તો ત્યાં કહે છે કે, **'તેન ત્યક્તેન્ ભૂંજીથા'** કે ત્યાગી ત્યાગીને ભોગવો. તમે તમારી જાત ઉપર અહીં મૂકો. થરમૉમિટર મૂકીને વિચાર કરો. કે કેટલું ત્યાગી ત્યાગીને ખાવ છો ? અરે! અમે તો કહીએ છીએ નર્યો ભોગ જ ભોગવીએ છીએ. આપણે ગૃહસ્થાશ્રમી માણસો. અને લક્ષ્મીને તો અમારા શાસ્ત્રએ ચંચળ કહેલી છે. જતી રહેશે પળવારમાં સાહેબ. ભલભલાનાં રાજ્યો ગયાં. અમારા દક્ષિણમાં હજાર-હજાર બબ્બે હજાર એકરવાળા જમીનદારો હતા સાહેબ. આજે ઘરનું ફર્નિચર એને વેચવું પડે છે. હવે જાજમો ને આ બધા વેચે છે. જાતોજાત અમે જોયું છે.

## જેનું લૂણ ખાધું તેને ચેતવવાની ફરજ

.... વાત નથી કરતો કે આમાંથી તમે દાખલાથી ચેતો તો સારું. આપણે ત્યાંયે ટોચમર્યાદા આવી છે. ખેડૂતોને તો આવી છે. હવે યોગ્ય અયોગ્ય તેની વાત તમે બધા સમજો. પણ આ કાળનાં લક્ષણો બતાવે છે. શહેરોમાં પણ પૈસાદારોને માટે ટોચમર્યાદા મકાનોની ને ધનની પણ આવશે જ. અને કેમ કરીને આ પૈસા લેવા. તમે આખી નીતિ જુઓ તો કેમ કરીને તમારા પૈસા લઈ લેવાય એ જ બાબતની નીતિ.

હું કાંઈ સરકારની સામે તહોમતનામું મૂકતો નથી. જે હકીકત છે તે કહું છું. એથી તમારે ચેતવું હોય તો ચેતો. તો આ આપી દેવા પડે છે. અલ્યા આ પરમાર્થ તો કરો. અલ્યા, મારી હાહુના આ તમે તો કેવા લોકો છો ? પણ એમ ને એમ નહિ કરે. સાહેબ. નહિ કરે તો ભગવાન... મને તો મારો ભગવાન હજાર હાથવાળો જે જે કામ લઉં

છું તે મદદ કરે છે. પણ મારો ધર્મ છે. તમારું લૂણ મારા પેટમાં છે. સમાજનું. એટલે મને જે લાગે તે સાચી હકીકત ના કહું તો હું બેવફા નીવડું. માટે કહું છું. ફરીથી મારી પ્રાર્થના છે કે ભઈ, સ્વાર્થ તો પડેલો જ છે, પણ પરમાર્થ કરતા રહેજો. હરિઃૐ તત્ સત્.

• • •

## પૂજ્ય શ્રીમોટા રચિત પ્રાર્થના

(અનુષ્ટુપ)

રાત્રે સૂતી વેળા ઊંઘ આવતાં પહેલાં ભાવોત્પાદક પ્રાર્થના. વહાલાનું સ્મરણ રહે અને સભાનતા જન્મે તે માટે.

પ્રકટો પ્રકટો વહાલા હૈયા આધારમાં મને,
ચેતના પ્રેરતા રે'જો, કો' અનુભવ પ્રેરીને,
એવું કશું થવા દ્યો કે નિષ્ઠા જીવનની હ્દે,
શકે જામી પૂરી રીતે, પ્રાર્થના તુજ પાદ તે.

• • •

## પૂજ્ય શ્રીમોટા કૃત જીવનવિકાસક પંક્તિઓ

(અનુષ્ટુપ)

પ્રભુ વિના કશો ખ્યાલ ઊઠવા દ્યો ન ચિત્તમાં,
કામ સૌ આપણાં એ તો થયા તે કરશે સદા.
પ્રભુમાં સર્વ આધાર શ્રદ્ધા વિશ્વાસ જીવતાં,
જેને બેઠાં હશે ઊંડાં, તેવા નિર્ભય રે' સદા.
વિચારો ઊઠતા હોય, કિંતુ તે સાથ સાંકળ,
જોડવી આપણે ત્યાં ના, જીવી ચેતન જીવન.
વાણી, વર્તન ને કર્મે, થયા નિરાગ્રહી જવું,
સ્વભાવ તે વિના એ તો, ઘસેડ્યા કરે પૂરું.
કોઈ પ્રકારનું ક્યાંયે, દબાણ કરવું નહિ,
છતાં જ્યાં ત્યાં બધાં સાથે, ભેળસેળ થવું નહિ.

પોતાની જાતને નોખી, જે તે સૌ કર્મથી ગણે,
ના કશું અડવા દે તે, નિઃસ્પૃહી એવું વર્તશે.

સ્વભાવવશ કર્મો જે, થતાં અજ્ઞાન તે ગણો,
પમાડે સુખ પહેલાં તો, પછીથી દુઃખ પામશો.

બધાંનું રાખવાનું તો સર્વથી ના ભલે બને,
કિંતુ સાધકને માટે એવું સર્વ જરૂરી છે.

આપણે આપણી રીતે, જીવવાનું ચહ્યું સદા,
ડોકિયું તો બીજાનામાં, કદીયે કરવું જ ના.

સર્વનાં ચરણોથીયે નીચે આપણને ગણો,
નમ્રતા સર્વ સંગાથે રાખી સૌ વર્તવું ચહો.

પોતાને ગમતું જે તે, જીવને ના મળે કદી,
પ્રતિકૂળ મળતાં ત્યાં, તટસ્થતા દિલ ધારવી.

નોટિસ કૈં વિના કેવી, જિંદગી ખસતી જતી,
કોઈને તોય ના ભાન, તેનું સ્હેજેય થાય છે.

તમોને જો તમારી કૈં, સ્હેજેય પડી હોય ના,
વિચારવાની સ્હેજેય, તસ્દી લેવી ગમે ન જ્યાં.

પાયમાલી વ્હોરી તે, લેવાના આપમેળ શો!
એવાને કોણ ઉગારી, શકે જીવનમાં તદા ?

અનાસક્ત થવા કાજે, કર્મ કંઈ ના ગોતશો,
ભાગે આવેલ જે કર્મ, પ્રભુપ્રીત્યર્થ તે કરો.

પોતાનું એકલું માત્ર, સુખ વાંછીને હૃદે,
બીજાનું ઝૂંટવી લેવું, તે નર્કાગાર જાણજે.

અન્યાય ભોગવી લેતાં, આવડે દિલ જેહને,
એવો સજ્જન સદ્ભાગી, દુર્લભ મળવો જગે.

ડંખ ના કોઈને માટે, રે'વો હૈયે કદી ઘટે,
કોઈનું સારું ને ખોટું, સંઘરી રાખવું નહિ.

બીજાનાં કામમાં ચિત્ત, જવા દેવું ના આપણે,
આપણાં કામમાં ચોંટી, રહેવું, ખૂબ આપણે.

પંચાત છોડી બીજાની, આપણે ઠામ બેસવું,
આપણે કરવાનું જે, કરી નિશ્ચિત વર્તવું.

માપવાનું કદી રાખો, કોઈને નહિ આપણે,
લેવાનું પારખું છોડો, સોંપો તે સર્વ ઈશને.

પરિણામતણી ચિંતા, રાખી કર્મ ન કૈં કરો,
આવેલ કર્મના ભાવે, વર્તી નિશ્ચિતતા ધરો.

કોઈનો દોષ જોવાનો, આપણાથી કરાય ના,
પોતાનો ખોળી ખોળીને, મથો યોગ્ય પૂરું થવા.

સંસારે હોવું પ્રેમાળ સદ્‌ભાવયુક્ત જીવન,
સંસારે યોગ્ય પ્રેરાઈ, જીવવું કેવું ઉત્તમ ?

બીજાને મહત્ત્વ આપતા, જેઓ બીજાને વહેવારમાં,
પોતાને પાછળે રાખે, સાચી તે નમ્રતા સદા.

મોજાં વિચારનાં જે જે આવે તે સાથ નિઃસ્પૃહી,
જાણે નિર્લેપ બેઠેલા, તમે હો એમ વર્તવું.

• • •

ભલભલાનાય શા છક્કા છૂટી આ માર્ગ જાયે છે!
પછી તારા અને મારા સમાનો શો હિસાબ છે!

• • •

હૃદય નિરાશ કરવાને તને સંબોધ્યું તે ના છે,
દીવા જેવું બધું સ્પષ્ટ તને કરવા, લખેલું છે.

• • •

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૨

## ગુરુપૂર્ણિમા ઉત્સવ પ્રવચનના અંશો

ત્રિચિનાપલ્લી ૧૯૭૪


સંપાદક :

શ્રી રજનીભાઈ બર્માવાળા



હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે ''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપ રૅકૉર્ડેડ વાણીને જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

આ પુસ્તકની પ્રસિદ્ધિનો મૂળભૂત હેતુ આવી પ્રાપ્ય કૅસેટો કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં શ્રીમોટાની વાણીને ગ્રંથસ્થ કરી લેવાનો.

આ પુસ્તક બને તેટલી ઓછી કિંમતે સ્વજનોને આ કાળઝાળ મોંઘવારીમાં પ્રાપ્ય થાય તે હેતુથી બને તેટલી સાદગીથી છાપકામ કર્યું છે.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપ-વાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે.

સાધક-મુમુક્ષુજનો પૂ. મોટાની આ વાણીમાંથી પોતાના જીવન-વિકાસને માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

॥ હરિ:ૐ ॥

# સમર્પણાંજલિ

## (પહેલી આવૃત્તિ)

### શ્રી અનિલભાઈ એન. શાહ તથા
### સ્વ. શ્રી નગીનભાઈ ગોવિંદભાઈ પટેલને કૃતજ્ઞતાપૂર્વક
### નિતાંત આદર સહિત સમર્પણ

શ્રી અનિલભાઈ શાહ (સુરત) સન ૧૯૫૪થી પૂ. શ્રીમોટાના પરિચયમાં આવ્યા છે અને આજ દિન પર્યંત તેમની સેવા આશ્રમમાં ચાલુ છે. પૂ. શ્રીમોટાની અંગત સેવા પ્રેમનિષ્ઠાથી કરતા. ખાસ કરીને પૂ. શ્રીમોટાના આગમન અને વિદાય વેળાએ અચૂક હાજર રહી આશ્રમની વિશિષ્ટ તૈયારીઓમાં મદદ કરતા. મૌનરૂમની સાફસફાઈ, ગોઠવણી તેમ જ આશ્રમ માટે નાનીમોટી ચીજો ઉઘરાવી લાવતા. હાલ પણ તેમનો સાથ-સહકાર ચાલુ જ છે.

સિંગણપોર (સુરત)ના શ્રી નગીનભાઈ પટેલ પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં લગભગ સને ૧૯૬૨માં આવ્યા, ત્યારે તેઓ બારડોલીમાં જીવન વીમા કૉર્પોરેશનમાં નોકરી કરતા. તેમને પૂ. શ્રીમોટાની એવી લગની લાગી કે આશ્રમની નાનીમોટી સેવા તેઓ નિષ્ઠાપૂર્વક કરતા. મૌનમાં પણ બેસતા. પૂ. શ્રીમોટાના રૂમની સફાઈ, પથારી વગેરે બધાં કાર્યો ખૂબ પ્રેમથી કરતા. તેમનો સ્નેહભાવ જોઈને તેમની નોકરીની સરળતા ખાતર પૂ. શ્રીમોટાએ તેમની બદલી સુરત મુકામે કરાવી હતી. પૂ. શ્રીમોટાએ તેમને રાત્રે આશ્રમમાં જ રહેવાનું ફરમાવ્યું અને તેઓ આશ્રમમાંથી જ નોકરી પર જતા અને નોકરી સિવાયના સમયમાં આશ્રમનાં નાનાંમોટાં કાર્યો કરતા. પૂ. શ્રીમોટા આશ્રમમાં હોય ત્યારે પૂ. શ્રીમોટા શ્રી નગીનભાઈની રાહ જુએ અને શ્રી નગીનભાઈ આવે પછી જ સાથે જમે. શ્રી નગીનભાઈ પ્રભુને પ્યારા થઈ ગયા છે. શ્રી અનિલભાઈ તથા સ્વ. શ્રી નગીનભાઈની મૂક, નિષ્ઠાવાન સેવાને બિરદાવવા આ પુસ્તક તેઓને સપ્રેમ અર્પણ કરતાં ગૌરવ અનુભવું છું.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. આધ્યાત્મિક વાતોનો આ કાળ નથી .................. ૪૯
૨. કાળ પ્રમાણેની વાત .................. ૪૯
૩. કાળને સમજો .................. ૫૧
૪. વિપરીત કાળમાં ભાઈચારો કેળવો .................. ૫૧
૫. લાંચિયું અમલદારી તંત્ર .................. ૫૧
૬. ભાવવધારાનું વિષચક્ર .................. ૫૩
૮. સામ્યવાદનાં એંધાણ .................. ૫૫
૯. બહેનો ઘરેણાંનો ઠઠારો ન કરે .................. ૫૬
૧૦. **મોટા**ને ભેટ મળેલાં ઘરેણાંનો ઉપયોગ પરમાર્થમાં ...... ૫૮
૧૧. **મોટા**ની આગાહી : લોહીના સંબંધીઓ તો ભાઈચારો કેળવો, શબમાંથી શબ્દ - હરિસ્મરણ .................. ૫૯
૧૨. વેદકાળનું સાહિત્ય સૌથી જૂનું છે .................. ૬૦
૧૩. હઠયોગની ઉત્પત્તિ .................. ૬૨
૧૪. આયુર્વેદની ઉત્પત્તિ .................. ૬૩
૧૫. ગુરુપૂર્ણિમાની ઉત્પત્તિ .................. ૬૪
૧૬. મંદિરોની ઉત્પત્તિનું કારણ અને હાલનું સરકારી વલણ મંદિરો પ્રત્યેનું .................. ૬૫
૧૭. દિલના ભાવથી ગુરુ કરો ને કાળ પ્રમાણેની શિખામણ .................. ૬૭
૧૮. અહમ્‌ને મોળું પાડવા પગે લાગવાનો રિવાજ .......... ૬૮
૧૯. પોતાની શાંતિ માટે તો સદ્‌ભાવ રાખો .................. ૬૯
૨૦. સદ્‌ગુરુ પાસે ખુલ્લા થાવ—**મોટા**નું કાર્ય સમાજનું કાર્ય છે .... ૬૯
૨૧. ધનનો સદુપયોગ કરો .................. ૭૦
૨૨. સાચી ભાવના ત્યાગ કરાવે છે .................. ૭૦
૨૩. **મોટા**ને કુટુંબી ગણો તો ભક્તિ તો બતાડો .......... ૭૧
૨૪. મરણાંતે પણ ગુરુઆજ્ઞાનું પાલન .................. ૭૨
૨૫. ચેતનાનિષ્ઠનાં લક્ષણો દાખલા સહિત .................. ૭૨

॥ હરિઃૐ ॥

# સન ૧૯૭૪માં ત્રિચિનાપલ્લીમાં ગુરુપૂર્ણિમા ઊજવાઈ તે પ્રસંગે પૂ. શ્રીમોટાએ કરેલ પ્રવચનના અંશો

## આધ્યાત્મિક વાતોનો આ કાળ નથી

સદ્‌ગુરુ પર તો એક આખું પુસ્તક લખ્યું છે. હમણાં છપાઈ રહ્યું છે પ્રેસમાં. કાવ્યોમાં લખ્યું છે. અનુષ્ટુપમાં. અને બહુ સારું છે. મને લખવાથી સંતોષ પણ થાય છે. એટલું જ નહિ પણ આવાં પુસ્તક લખું ત્યારે વિદ્વાનોને એકઠા કરીને વંચાવું છું કે જેથી એમાં કોઈ શાસ્ત્રની કોઈ વિરુદ્ધનું ના હોય, કારણ હું તો શાસ્ત્રો ભણ્યો નથી. કોઈ દિવસ મેં શાસ્ત્ર વાંચ્યાં કે પાનું પણ ઉઘાડ્યું નથી.

આ સદ્‌ગુરુનાં અનેક પાસાંઓ, સદ્‌ગુરુ ક્યારે થાય—થવાય, એનાં લક્ષણો કયાં કયાં ? એનાં અનેક પાસાંઓ આ સદ્‌ગુરુમાં વર્ણવેલાં છે. અને આના ઉપરથી કહી શકું પણ અહીં કહેવું નકામું છે, કારણ કે આધ્યાત્મિક વાત બધી કરવામાં કશો અર્થ નથી લાગતો મને.

આ સામાન્ય ગુજરાતમાં પ્રવચનો થાય ત્યારે આ આધ્યાત્મિક વાત વિશે બહુ થોડું બોલું છું.

## કાળ પ્રમાણેની વાત

પણ એક વાત હું તમને કહું કે, આ કાળ વિશેની વાત કહું. કે આ ગભરાવવા કે બીક બતાવવા કહેતો નથી પણ કાળ બહુ વિપરીત આવ્યો છે. કાળ અત્યારે વિપરીત આવ્યો છે. એના જોઈએ તેટલા દાખલા તમને મળી શકે એવા છે.

અને આ કાળ એટલો બધો વિપરીત આવ્યો છે કે એના કરતાં કાળ હજુ વધારે ખરાબ થવાનો છે અને એ હકીકતરૂપે કહું છું.

હું તો ઘણા વખતથી કહું છું કે અમારા દેશમાં અંધાધૂંધી આવવાની છે. ત્યારે એ તરફ આપણે બધી આ ગતિ સરકારની ગતિ પણ એ તરફ જ થઈ ગઈ છે. એનો એક જ દાખલો લો. તો સરકારે કાયદો કર્યો કે આ ઘઉં આપણે કબજે લેવા કે જેથી ગરીબ લોકોને મળે. સસ્તા ભાવે ઘઉં મળી શકે, પણ એમાં સરકાર નિષ્ફળ ગઈ છે. ગરીબ લોકોને માટે એ કરવા ગયા પણ ગરીબ લોકોને જ વધારેમાં વધારે દુઃખ છે આનાથી. કારણ શું કે એને મજૂરી ખોઈને આ લાઇનમાં ઊભા રહેવું પડે. તો ભાગ્યે બેળે બેળે બે કિલો આપે. એ બે કિલો પૂરા મળતા નથી, પણ બે કિલોમાં એનું શી રીતે પૂરું થાય એટલે બીજા બજારમાં લેવા જતાં આ કાયદો ન હોત તો એને સસ્તા મળત. એને વખત ન ખોવો પડત. આ તો પોતાની મજૂરી ખોઈને એને બિચારાને પાછું ઊભા રહેવું પડે.

તમને બધાંને એનો કાંઈ ખ્યાલ નથી આવતો. કે તમારે લાઈનમાં ઊભા રહેવાનું આવતું નથી, પણ આ ગરીબોને જ એ વધારેમાં વધારે મુશ્કેલી થઈ છે આનાથી. અને આ અનુભવ થયો છે તોય કહે કે આ ડાંગરના ટોળાં સરકાર હસ્તક કરીશું. એમાંય નહિ ફાવે. બિલકુલ ફાવવાના નથી એ, કારણ કે આપણું Administration એટલું strong નથી જેટલું રશિયામાં છે. ચીનમાં, ચીનમાં તો મારી જ નાખે એને. પ્રજા હોય કે ગમે તે હોય એને. એને કોઈ ધ્રાસકો પડે નહિ.

ચીનમાં સોનું છે તે કોઈને ત્યાં જડે અને છોકરાંઓએ કહી દીધું. માબાપ ના હોય ને છોકરાંઓ કહી દેતા, કે અમારે ત્યાં સોનું છે તો મારી જ નાખે એને. એવું સખત જે Administration હોય તો આવી બધી યોજનાઓ ફળીભૂત થાય. અહીં આપણા દેશમાં છે નહિ. શક્ય નથી.

## કાળને સમજો

પણ આ તો દાખલો એટલા માટે આપું છું કે કાળ કેવો વિપરીત આવે છે. આ તમારો પૈસો સુખે સુખી એય આનંદમાં છો એટલે તમને કાંઈ એનો ભારેય લાગતો નથી. એની Reality એની વાસ્તવિકતાય તમને લોકોને બિલકુલ લાગતી નથી, કારણ કે પૈસેટકે પૈસા મળ્યા કરે છે અને એય તમે અમનચમનમાં હોવ તો સારી વાત છે. હું રાજી થાઉં છું એનાથી, પણ હમણાં તો સુખમાં બધાંની સાથેસાથ, પણ આ કાળને તમે સમજો. મારું કહેવું છે. વિનંતી કરું છું.

## વિપરીત કાળમાં ભાઈચારો કેળવો

**હવે આધ્યાત્મિક વાત ગુરુપૂર્ણિમા વિશે કહું એનો કાંઈ અર્થ નથી. કાંઈ કશું એમાંથી કાંઈ સમજવાના તમે છો કે એના વિશેનું રહસ્ય સમજવાના છો એવું મને બિલકુલ લાગેલું છે નહિ અને તે કહેવું નકામું છે,** પણ આ કાળ વિપરીત આવે છે ને તમે આ ભાઈચારો જો બધાં કેળવશો તો તમે બધાંયને. આ ઘરમાં કહું છું ને બધાં જ્યાં જ્યાં છે જેના જેના અહીં બેઠેલાં છે, તે બધાંયને કહું છું કે ભાઈચારો કેળવશો તો એમાંથી તમને જે દિલમાં આનંદ થશે, શાંતિ થશે, પ્રસન્નતા થશે અને એકબીજાની તમને ઓથ ને હૂંફ રહેશે. બહુ મોટું સુખ છે. પૈસા કરતાંય મોટું સુખ છે. અને એ આજે પૈસાદાર. જેની પાસે આજે પૈસા છે એને આ વાત નહિ સમજાય. તદ્દન સાચું કહું છું. બિલકુલ નહિ સમજાય એમને.

## લાંચિયું અમલદારી તંત્ર

ત્યારે આ કાળ એવો આવે છે કે હવે વધારે ને વધારે રેઈડ (દરોડા) પણ પડશે અને કેટલેક ઠેકાણે શરૂઆત પણ થઈ છે. પણ જે વધારે નથી થતું એનું કારણ છે કે તે આપણે એવા થઈ ગયાં

છીએ અને અમલદાર પણ એવા થઈ ગયા છે કે લાંચો આપીને આ બધું અટકાવી શકાય એવું છે. નથી અટકાવી શકાય એવું નથી, પણ એનું પ્રમાણ જબરજસ્ત આગળ નથી વધતું એનું કારણ સરકાર જાગ્રત છે. આ બધું કરાવવું છે, પણ Administration એ બાબતમાં સાથ આપી શકે એવું નથી. સહકાર આપી શકે એવું નથી, પણ તેમ છતાં મને લાગે છે કે કાળ વિપરીત છે અને આપણો ધંધો-ધાપો ખોરવાઈ જાય એવી બધી સરકારની નેમ પણ એવી છે.

આપણી અત્યારની હાલની સરકાર એ communist-minded છે. પહેલાં ન હતી. જવાહરલાલ નહેરુ હતા. એને પણ એનું leaning communism તરફ હતું. સામ્યવાદ તરફ હતું. પણ એ બહુ ચતુર માણસ હતો. કે આપણે અમેરિકા સાથે સારું રાખ્યા સિવાય ચાલી શકે એમ નથી. અને આ અમેરિકા આપણને મદદ કરે એવું છે. અને ચીનની લડાઈ થઈ ત્યારે કેટલાંય બધાં રાજ્યોને જવાહરલાલ નહેરુએ અંગત વાયરલેસથી સંદેશા મોકલેલા. બધાંય રાજ્યોને દુનિયાનાં કે અમારા પર આવી આફત આવી છે. તમે હવે અમને મદદ કરો. અમે કોઈ કારણ આપ્યું નથી ચીનને... અમારી સાથે અમારા પર એ હુમલો કરે. અમારા પર ચડી આવે એવું કોઈ કારણ આપ્યું નથી. જ્યારે એણે કર્યું છે આ. તો અમને તમે મદદ કરો. ત્યારે રશિયાએ મદદ પણ અમેરિકા એકદમ ચડી આવેલું. એનાં બધાં નૌકા સૈન્યોની સાથે ને લશ્કરી મદદે આપી ને એણે શસ્ત્રો પણ આપ્યાં. ને પૈસાની ગણતરી ત્યારે એણે અમેરિકાએ કરી નથી. ત્યારે એ ડાહ્યો માણસ હતો. એ સામ્યવાદ સાથે ભળેલો હોવા છતાં એણે અમેરિકા સાથે સારો સંબંધ રાખ્યો.

આ કાળમાં આપણે સંપૂર્ણ રશિયાની સાથે હળી ગયાં છીએ. અમેરિકાની સાથે આપણો સહકાર નથી આપણી સરકારનો. બતાવે છે ખરા. કે ભઈ અમારે એની સાથે સારો વહેવાર કરવો છે. બધું સારું કરવું છે, પણ Internally અંદરથી એ છે નહિ.

હું તો આજે પણ ઈચ્છું એક હિંદુસ્તાનના નાગરિક તરીકે કે આપણે બન્ને રાજ્યો સાથે આપણો સહકાર હોવો જોઈએ. આપણે બન્ને રાજ્યોને. બન્ને રાજ્યોની સાથે આપણે કોઈ આપણું દુશ્મન નથી. કોઈના તરફ આપણો અણગમો ન હોવો જોઈએ. એવી નીતિ આપણા દેશને માટે કલ્યાણકારી છે. પણ આજે એ નથી. આપણી સરકાર આજે Communist minded છે. સામ્યવાદી છે. અને એક એક પગલું એ તરફનું લેતાં જાય છે. અને એટલું જ નહિ પણ તમે જો ઝીણવટથી જુઓ તો આ પૈસાદારોના પૈસા કેમ કરીને એમના ખોરવાઈ જાય. પૈસાદારોના પૈસા જાય અને એ જ આખાં પગલાં આખા સામ્યવાદના. સરકારનાં પગલાં છે આ.

એ તમે જુઓ. ઝીણવટ કરીને તપાસો કેમ કરીને એમના પૈસા હજુ એમને શરૂઆતથી જ છે આજે. તો આ તમારી એસ્ટેટ ડ્યુટી, વેલ્થ ડ્યુટી, ડેથ ડ્યુટી, એસ્ટેટ ડ્યુટીમાં પણ તમે જુઓ તો તમારા પૈસા આપતાં એમ કરતાં કરતાં તો તમારી એસ્ટેટ ડ્યુટી ખલાસ થઈ જાય. અમુક વર્ષે એ જાતની બધી આખી પદ્ધતિ છે.

તે સરકારને આપણે ફાવવા દેતાં નથી એ જુદી વાત છે. પણ એ નીતિ તો આ જ જાતની છે અને વેપાર-ધંધા પણ ખોરવાઈ જાય એવી જાતની આખી સરકારની—આખી નીતિ છે. વચલો વર્ગ જ માર્યો જાય. કાઢી જ નાખે એને સીધેસીધું થાય.

## ભાવવધારાનું વિષચક્ર

આ વેપારી લોકો બહુ નફો કરે છે. લોકોને ચૂસે છે. પણ આપણા કરતાં તો એ લોકોએ જે એક આ સંસ્થા કાઢી છે. બધાંય પરદેશથી બધું મંગાવવું ને પછી બધાંને વહેંચવું. એ સોએ સો ટકા નફો કરે છે. હું તો જાહેરમાં કહું છું. સાહેબ, તમને એકલાને નથી કહેતો. જાહેરમાં કહેવાનો મારો અર્થ આ સહકારી મંડળીઓ એટલો બધો ભારે નફો કરે છે કે એને કોઈ કહેતું નથી.

અમારા વેપારી જો નફો કરે તો પરમાર્થ કરે છે. ધર્માદા આપે છે. કેટલીક આ બધી કેળવણીની સંસ્થાઓ ચલાવે, ધર્માદા દવાખાનાંય ચલાવે અને આ વેપારી લોકો મદદ પણ કરે છે. એ દાન પણ આપે છે. એક આ સહકારી મંડળી તો કોઈને કશું નથી આપતી. ત્યારે આ સરકારની નીતિ આવી છે કે Have અને Have not. જેની પાસે છે તેને કેમ કરીને ઓછું પેલા Have not ને કેમ કરીને વધારે મળે તેના પર ઝોક આપે તો સારું. પણ એ ગરીબી હઠાવવાની વાત કરે છે પણ ગરીબી હઠી શકી નથી. તે પ્રમાણે પગલાં હજુ એમણે ખરેખરાં ભર્યાં નથી. પ્રયત્ન કરે છે ખરી સરકાર. મારું એમ નથી કહેવું કે પ્રયત્ન નથી કરતી, પણ એકએક પગલાથી ગરીબોને સહન કરવું પડે. ત્યારે એવા બધા તો એ તો પૈસાદાર લોકોનેય લાગુ પડે છેને. તો **પૈસાદાર લોકો કંઈ એના ગજવામાંથી આપવાના છે ? એ તો ઘરાક ઉપર જ ચડાવવાનો છે, ત્યારે એ પછી ભાવવધારો જ થયા કરે છે એનાથી. અને ભાવવધારો થાય છે તે ગરીબ લોકોને જ વધારે સાલવાનું છે.** એમાં બીજા કોઈને વધારેમાં વધારે દુઃખ સાલવાનું છે. એમાં બીજા કોઈને વધારેમાં વધારે દુઃખ પડ્યું હોય. ભલે એ વેરા એવા નાખે છે કે જે પૈસાદારોને જ થાય. આ પેટ્રોલનો કર વધાર્યો. એ પૈસાદાર લોકોને પૈસા એના આપવા પડશે. ત્યારે એ પણ બીજી રીતે ઘરાકો પાસેથી જ પૈસા મેળવી લેવાનો. ત્યારે એમ કરતાં કરતાં વિષચક્ર એવું છે. Vicious Circle કે એ ઘરાકોના જે વધારે પૈસા આપવા પડે તે આખરે તો એ છેલ્લો સરવાળો ગરીબ ઉપર જ આવે છે. એ લોકોને જ લૂંટી લેવાય છે. આ તેલ કેટલું બધું મોંઘું ? હમણાં તો વચ્ચે ૮ાા રૂપિયે કિલો. અમારે ત્યાંથી ઘી તો ગામડાંમાંથી સપૂચું ગયું. બિલકુલ, કારણ કે ડેરીઓ થઈ એટલે એટલું બધું જાય છે. ઘી, તેલ, આ દૂધ કે છોકરાંઓને ખાવા માટે રોકડા પૈસા આપે છે. સારા પૈસા. દૂધનો સારો ભાવ આપે છે ડેરી લોકો. અને બધું દૂધ લઈ જાય. બપોરે તમે દૂધ લેવા જાવ

તો ગામડાંમાં મળે નહિ. અરે! અમારા આશ્રમમાં દૂધ જોઈતું હોય. નડિયાદમાં તો દૂધ મળવું મુસીબત થઈ પડે છે. ત્યારે ઘી તો ગયું. બિલકુલ. એનાથી છાસ થતી. છાસમાં તો ઘણું આપણને પોષણ મળે એવાં તત્ત્વો છે. સાહેબ, તેય ગયું. ઘીય ગયું. એક તેલ ખાવા જેવું તેય ગામડાંમાં મળતું નથી. મળે ખરું પણ સાડા આઠ રૂપિયે. કેવી રીતે મજૂર ગામડાંનાં લોકો બિચારા ખાય ? તેલેય ગયું છે આજે. એટલે શાક ખાતા હતા તે પણ ચાલી ગયું. એટલે થોડું થોડું લાવીને ખાય. મહાપરાણે થોડું તેલ લાવે. આ સાડા આઠનું કિલો. તે એમને રોજી છે.

## સામ્યવાદના એંધાણ

ત્યારે આ ગરીબી હઠાવવાની વાત તો ખાલી એક Political stunt છે. પણ જે જે એ કરે છે બધું આખું બધું વર્તન એમનું સામ્યવાદ. અસલ જે સામ્યવાદ હતો. રશિયામાં શરૂઆત થઈ એની. તે એ રશિયામાં એવી રીતે થયું કે ધીરે ધીરે. આજે દરેક ગરીબને ત્યાં આગળ રહેવાનું, પછી એમનાં છોકરાં મફત ભણે, મફત સારવાર દરેકને ખાવા પૂરતી રોજી મળે એ બધું ખરું. આપણા દેશમાં એમ થયું નથી. ચીનમાં લગભગ હવે એ રીતે આવી ગયા છે. માત્ર ત્યાં તેમને વાંધો એટલો જ છે કે ફરજિયાત બધું. કામ બરોબર કરવું જ જોઈએ. કામ ના કરે તો મારતાં. પહેલાં તો ચીનમાં પણ મારતાં. તેને ખેતરમાં આટલું આટલું દરેક જણે કરવું જ જોઈએ. ફરજિયાત. એટલી મજૂરી ના થાય તો એને હેરાનગતિ થાય. કોરડા પડે. માર પડે. આજે હવે એ ઓછું થયું છે. તેમ છતાં પણ સામ્યવાદમાં આ એક સ્વતંત્રતા. વ્યક્તિની સ્વતંત્રતા હણાઈ જાય છે. કોઈ વ્યક્તિની સ્વતંત્રતા રહેતી નથી સામ્યવાદમાં. ત્યારે આપણે એ ઈચ્છતાં નથી. આખરે આપણી સંસ્કૃતિ વ્યક્તિની સ્વતંત્રતા ઉપર નિર્ભર છે.

પણ આ કાળ મને એવો લાગે છે કે થોડોક કાળ તો આપણા દેશમાં સામ્યવાદ આવશે. પછી ટકશે નહિ. ભલે જરૂર પડશે. એમાંથી પછી આ બધું અંધાધૂંધી થવી એમાંથી પછી આપણે ફરીથી પાછા આપણો ઉદયવર્તમાન થશે, પણ આ કાળ એવો આવે છે કે Have અને Have not. જેની પાસે છે, તેની પાસેથી તેને ખલાસ કરવા એવો આ કાળ છે. ત્યારે એવા કાળમાં આપણે છીએ. એવા કાળમાં—જમાનામાં આપણે જીવીએ છીએ. આપણે વેપાર-ધંધો કરવો છે. આપણે ખાવું છે. પીવું છે. ત્યારે એમાં સુખ-શાંતિમાં રહેવાને માટે આપણે જેટલા માંહોમાંહે એક થઈશું તો ફાયદો છે. મેં તો તમને બધાંને કાગળ પણ લખેલો. એની પાછળનો ભાવ આ છે. થવું કે ના થવું તમે જાણો. તમારો સ્વાર્થ જાણે. તમારો રોટલો જાણે. તમારે એશઆરામ કરવો હોય, મોટરો ભોગવવી હોય તો તમારે માટે આ બહુ જરૂરનું છે. કરશો તો સારી વાત છે. નહિ કરો તો હરિ હરિ.

## બહેનો ઘરેણાંનો ઠઠારો ન કરે

અને ગુરુપૂર્ણિમાની બીજી એક વાત કરી દઉં. આ બહેનોને મારી પ્રાર્થના છે કે તમે ગામમાં જાવ, **શહેરમાં જાવ તો ગળામાં સોનાની કંઠીઓ-બંઠીઓ પહેરીને ન જાવ તો તમારા માટે સારું છે. આ છાપાંમાં રોજના રોજ હું જોઉં છું અને મને જેટલાં બહેનો મળે છે એમને બધાંને કહું છું તમને કહું છું એમ નહિ. મારાં આ જયશ્રીબહેનને તો ઘણીવાર કહું છું. અને *મોટા,* બહાર જઈશ ત્યારે હું હવે સોનાની કંઠી નહિ પહેરું એમ મને કહ્યું પણ છે, પણ તમને બહેનોને મારી પ્રાર્થના છે કે તમે બહાર જાવ, ત્યારે ગળામાં સોનાનું કશું ના રાખશો તો તમારા માટે સારી વાત છે. પછી તમે જાણો. આ મારી પ્રાર્થના તમારી આગળ વિનંતીરૂપે મેં મૂકી દીધી છે. વિવાહનો પ્રસંગ હોય ત્યારે તમે ઘરમાં પહેરો, પણ બહાર પહેરીને ઠઠારો કરવા નીકળ્યા તમારી પાસે પૈસા છે એ દેખાડવાની કાંઈ**

**જરૂર નથી. આ તો બધું દેખાદેખી ચાલેલું છે ભાઈ. એનો કાંઈ અર્થ નથી. આ તો તમારા આ કાળમાં લૂંટી લે છે.**

હમણાં મેં છાપાંમાં વાંચ્યું કે પેડર રોડ કેટલો મોટો ? ઓહોહો! એ તો મોટા પૈસાદારમાં પૈસાદાર લોકો પેડર રોડમાં રહે છે. ત્યાંથી એના ગળામાંથી એનું બધું લઈ ગયા. છાપાંમાં વાંચ્યું હતું મેં અને આવા તો છાપાંમાં કેટલા કિસ્સા આવે છે તોયે આપણે ચેતીએ નહિ. કાળ તો આપણને ચેતાવે છે. તોયે ના સમજીએ. મારે તો વાંધો નથી ભઈ. તમે પહેરીને જશો. મને વાંધો નથી. પણ મારો ધર્મ એવો કે મારે ચેતાવવા ખરા.

અને મારા આ ભાદરવા વદ ચોથે મારો ઉત્સવ ઊજવવાનો છે અમદાવાદમાં ત્યારે પણ હું તો બહેનો, આજ સુધી તો મેં કહ્યું નથી. મને જે ખાનગી મારી સાથે સંબંધમાં આવેલાં બહેનોને મેં વાત કરી છે. એમાં કોકે હા પાડી છે ને કોકે **મોટા** તમને સમજણ નહિને.

હવે એ તો ડોકને ખાલી લઈને ફરીએ અમે ? ડોકમાં ખાલી લઈને ? તમારું શું જાય છે એમાં ? મેં કહ્યું, ‘‘મારું કશું જતું નથી. માફ કરજો. બા હવે તને ફરીથી નહિ કહું.'' એવા પણ મને મળે છે. અને ફરીથી એને કહેતોય નથી. હું તો એમના ભલાને માટે કહું છું, પણ ખરાબ કાળ આવે છે અને લૂંટી જાય.

અમારે ઘણો ઘરોબો ચંદુલાલ ભાવસાર કરીને છે એનો. શારદા મારા માટે બહુ એને લાગણી. નંદુભાઈ એને જાણે છે. મઠિયાં કરે, ચેવડો કરે, સુખડી કરે, વડાં કરી આપે. ઘણીવાર બધું મોકલ્યા જ કરે. તે એક વખતે ચાલતી ગાડીમાંથી એના ગળામાંથી સોનાનો મોટો હાર ખેંચી ગયા. ફરિયાદ કરી બધું. કાંઈ કશું વળ્યું નહિ. ગયું. ત્યારે આવા ગાડીમાંથી પણ ગળામાંથી ખેંચી જનારા આજે ઘણા પાક્યા છે.

## ● *મોટા*ને ભેટ મળેલાં ઘરેણાંનો ઉપયોગ પરમાર્થમાં ●

ત્યારે કાળ એવો છે. સમજશો તો સારી વાત છે. બાકી મારું કાંઈ જતું નથી. હું તો તમારા બધાંના લાભને માટે કહું છું. કે **મોટા** તો અમસ્તા લઈ મંડ્યા છે. પણ લઈ મંડ્યો હોઉં તો તમારા લાભને માટે. મારે કશું નહિ. મેં તો ઘણાંનું જોયું નથી આ. મળે છે તો રાજી થઉં છું. પરમાર્થને માટે છે. આ બધું. આ નંદુભાઈ જાણે છે તમારા બધાં કરતાં પણ મને મારો આવો ઉત્સવ થાય છે, ત્યારે મને ઘરેણાં મળે છે. એક વખતે તો ૩૨-૩૩ તોલા મને મળેલાં. વિદ્યાનગરમાં મારો ઉત્સવ થયેલો ત્યારે. અને મણિનગરમાં તો એકે એક અંગનાં. એમણે બધાં મને કાનમાં ભગવાનને કુંડળ પહેરાવ્યાં છે એવાં સોનાનાં. સોનાનો કંદોરો સાહેબ, અને બધાં આ આંગળીએ, પગે, એક એક અંગે મને ઘરેણાં મળેલાં. આ ચૂની ના મળી કોઈને, પણ મળી હોત તો હું પહેરત સાહેબ, મને વાંધો નહિ. મારે એમાં શું વાંધો છે ? પરમાર્થમાં દેવાત. એટલે હું કાંઈ ઘરેણાંનો છું. મને પહેરાવે છે અને આપે છે તેથી કાંઈ મને આ કાંઈ વિશેષ બહુ ઓછું છે આ તો ભઈ. તમારા બધાંના પૈસા જે છે તમારી પ્રમાણમાં તમારી પાસે પૈસા છે અને મારો જે અંગત સંબંધ છે **તમારા બધાંની સાથે એના પ્રમાણમાં તો ઘણું ઓછું છે સાહેબ. Let me tell you frankly. મને ખુલ્લું કહેવા દો. અને હું પૈસા લઈને ક્યાં મારા ઘરમાં ખાઈ જવાનો છું ? સારાં કામમાં વાપરવાના છે.** આખા ગુજરાતને માટે વાપરવાના છે, પણ જે મને બહાર મળે છે એના કરતાં મારાં કુટુંબની અંદર કે આ સુરેશકાકા કહે કે **મોટા**, તમે કુટુંબ છો ને એવો ભાવ તો તમે રાખતા નથી. મેં કહ્યું લાવને ભાઈ લાખ. લાખ રૂપિયા જોઈએ છે. લાવો તમારામાંથી. મારોય ભાગ છે. આપો મને, પણ ના કોઈ આપે સાહેબ. એટલે આ ઘરેણાં મને મળે છે. હું રાજી થઉં છું, પણ તમે મને આપો છો વધારે એવું તો બિલકુલ નથી. પ્રમાણમાં ઓછું

આપો છો. મારો ભાવ છે. અહીં આગળ તમારી સાથે આજ સુધી રહ્યો છું. તમારા કણેકણમાં મારો ભાવ છે. હજુ હું પ્રાર્થના કરું છું. મારી એટલી વાત સાચી છે, પણ આ ઘરેણાં તમે મને આપો છો તેથી તમે એમ સંતોષ ના માનશો. તમારા કરતાં ઘણાં આપનારાં મને પડેલા છે. હજાર હાથવાળો મારો ધણી છે.

## *મોટા*ની આગાહી : લોહીના સંબંધીઓ તો ભાઈચારો કેળવો, શબમાંથી શબ્દ – હરિસ્મરણ

પણ મૂળ મારી વાત એ કે કાળ એવો છે કે Have અને Have Not. એ Have પાસેથી બધું ખસેડવાનો આ કાળ અને આ સરકારની નીતિ પણ છે. એવા કાળની અંદર તમે બધા ભાઈઓ ભાઈચારો કેળવશો તો એકબીજાની તમને હૂંફ મળશે, એકબીજાથી શાંતિ મળશે. એકબીજાની આગળ તમે તમારાં હૈયાં ખાલી કરી શકશો. તો એ જે સુખ છે, એ સુખ તમે ભોગવો તો હું પણ રાજી થઉં કે આ કુટુંબમાં આટલાં બધાં વર્ષો થયાં. મામાએ મારા પર ભાવ રાખેલો તે એમ ને એમ નહિ. મારી બહુ પરીક્ષા કરેલી છે મામાએ. તમને બધાંને કહેવાની મારે જરૂર નથી. આ હું સમજું છું. નંદલાલે આ હકીકત નથી જાણતા, પણ આ હકીકતની સોએ સો ટકા વાત. એ મામાએ એમ ને એમ મારા પર ભાવ નથી રાખ્યો. અને કેટલી વાતો એમણે મને કરી છે. મેં નંદલાલને પણ કરી નથી. ને તમને પણ કોઈને કરી નથી. એ ને હું બે જ જાણીએ. ત્યારે એ પુરવાર કરી આપે છે કે મરતી વખતે સાહેબ એને ભગવાનનું નામ આવ્યું. એટલું જ નહિ પણ જ્યારે આ તો બધાંની કહેલી વાત છે. મારા મોઢાની વાત નથી કહેતો. જ્યારે દાક્તરે કહ્યું, **ઉન્નુમ ઈલ્લે** (કાંઈ નથી). ‘‘ત્યાર પછી પણ એ બોલ્યા છે અને છેલ્લી વખતે બધાંને રામરામ કર્યું છે. એ હકીકતની વાત છે સાહેબ. આ બનવું કાંઈ સહેલી વાત નથી. આ ભગવાનની શક્તિનો પ્રત્યક્ષ ચમત્કાર કહો તો ચમત્કાર છે. અને મામાએ મને

લખેલું કે **મોટા**, અત્યારે તો હું શુદ્ધિમાં જાગ્રત છું. આ બધી નાડીઓ-બાડીઓ પર તો મારો કાબૂ છે. ત્યારે ભગવાનનું નામ નથી લેતો. ત્યારે મરણ થશે તો મારી બધી નાડીઓ-બાડીઓ તો બધી શિથિલ થઈ જશે. તે વખતે શી રીતે લેવાય ? આ વાત તમારી મારે ગળે ઊતરતી નથી. મેં કહ્યું, ''મામા, હવે જો જો કાળ આવશે ત્યારે થશે.'' પણ આ બધું બનેલી હકીકત છે. તો તમારે આનું મહત્ત્વ તમારા કોઈના દિલમાં તો છે જ નહિ. 'રામ તારી માયા!' પણ એનો મને વાંધો નથી. પણ મારો તો આ પ્રયત્ન છે, કે તમે બધા ભાઈઓ લોહીના ભાઈઓ છો. આ કોઈ ભાગીદારીના નથી. બીજા બધા ઘણા હશે. એકબીજા સાથે તો લોહીનો તો સંબંધ. એવા લોહીના સંબંધો છે. તે તમે ભાઈચારો કેળવશો. આ કઠણકાળ છે. પ્રપંચકાળ કહું છું અને આ આપણે. આ બધા એવો કાળ આવે છે કે રેઈડ (દરોડા) ઘણી પડે છે અને ઘણા લોકો હેરાન બિચારા થઈ જાય છે.

અમારા નડિયાદમાં વચ્ચે એટલી બધી રેઈડ (દરોડા) પડી હતી. અમદાવાદમાં પડે છે. આ નથી પડતી એનું કારણ કે અમલદારો લાંચિયાં છે. આપણો સમાજ પણ એવો જ છે. અમલદાર આખરે તો આપણો સમાજ જ છેને! એટલે બધું દબાવી દેવાય. ખબર પડી જાય છે. એ જ ખાતાના માણસો પેલાને આવીને કહી જાય, કારણ કે પૈસા બધા ખાઈ ગયેલા છે. અને એ અમલદારો લાંચ. રેઈડ પડે તોપણ એને એવી મોળી કરી દેવાય છે સાહેબ પૈસાથી, પણ આ રેઈડ પડવાનો જમાનો છે, તે વખતે તમે બધા એકબીજાની સાથે રહો તો સારી વાત છે.

## વેદકાળનું સાહિત્ય સૌથી જૂનું છે

હવે એક બીજી વાત કહું કે અસલ વેદના કાળમાં આ ગુરુપૂર્ણિમા શાથી થઈ ? કે આ Tradition કેમ પડ્યું? કે વેદના કાળમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ. એ આપણા ચાર વેદો. એમાં કોઈ

ઠેકાણે આ ઉલ્લેખ નથી. ઋષિઓ હતા ખરા. અને વેદના.... તે લખે છે. તે એટલે કે લખેલા એમ નહિ. એ તો ભગવાનથી બોલાયેલા છે. એ વાત બરોબર માનતો નથી, પણ આ જે Inspired ઋચાઓ, શ્લોકો જે ઋષિમુનિઓને, જે ઋગ્વેદમાં વગેરેમાં બધા બોલાયા છે. એ એવાં જે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, ઈચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા, અનેક પ્રકારની ઝંખનાઓ, રાગદ્વેષ આ બધાંથી મુક્ત થઈએ ત્યારે એની Inspiration એની પ્રેરણા આપણને જાગે છે. એ કાળમાં. એવી એમને આ અંદરથી આ વાત સ્ફુરેલી છે અને તે અસલના વખતમાં તો કાંઈ લખવાની પદ્ધતિ ન હતી. ત્યારે આ લોકો એ બોલતા અને પેલા સાંભળતા. પેલા ઋષિ હોય તે બોલે, પેલા શિષ્યો સાંભળે એટલે શ્રુતિ અને સ્મૃતિ બે જ છે લોકોના. શ્રુતિ એટલે સાંભળવું અને સ્મૃતિ એટલે યાદ રાખવું. તે સાહેબ, આ લોકોની આ દશા કહી તે બહુ ખીલેલી. બધું યાદ રહી જાય. હજુ આજે એવા કેટલાક લોકો છે. તે એમને બધું યાદ રહી જાય એટલું જ નહિ, પણ પ્રયોગ કરીને શ્રીમદ્ રાજચંદ્રે બતાવેલું કે એકીટાઈમે એકીપળે એના મગજમાં ૧૦૮ વસ્તુઓ રહેતી હતી. ૧૦૮ એણે પ્રયોગ કરીને બતાવેલું. પછી એણે છોડી દીધું. એ પ્રયોગ કે આ મારા માટે યોગ્ય નહિ. પછી આધ્યાત્મિક બાબતમાં એ પડી ગયા. પણ એકીપળે આ બધું આપણા મગજમાં રહે છે. એવી શક્તિ આપણામાં છે. તે તે કાળમાં શ્રુતિ અને સ્મૃતિ. એ સાંભળે તેને યાદ જ રહી જાય એવી સ્મૃતિ હતી તે કાળમાં. આજે નથી બનતું.

તે કાળમાં એટલા માટે થતું કે એકમાં જ એમાં જ વધારે ને વધારે એકાગ્ર ને કેંદ્રિત હતા એ લોકો. એટલે એમને રહી શકતું હતું. એટલે એ શક્તિ ઘણી ખીલેલી. એટલે આ વેદો છે તે લોકો બોલતા અને પેલા બધા સાંભળતા એટલે આમાંથી બે શાસ્ત્ર નીકળ્યાં શ્રુતિ અને સ્મૃતિ. પછી એમાંથી બધાં. એ કાળમાં તપાસીએ એ કાળનું સાહિત્ય અને આ સાહિત્ય છે આપણી દુનિયામાં oldest.

કોઈ દેશનું આવી જાતનું સાહિત્ય પહેલવહેલું આખી દુનિયામાં આપણી પૃથ્વીમાં આપણે ત્યાં પ્રગટ્યું.

## હઠયોગની ઉત્પત્તિ

હઠયોગ એને માટેનો છે. શરીર લાંબામાં લાંબો વખત જીવે. ત્યારે એના પણ એ લોકોએ એ પ્રયોગ કરેલો છે. આપણને એમ લાગે કે સાલું આ કેવી રીતે બને ? પણ આપણને ખબર નથી. આપણું શરીર જે ઘસાઈ જાય છે અનેક પ્રકારનાં સંઘર્ષણોથી, ક્લેશ, અથડામણ, સંઘર્ષણ, ચિંતા, ફિકર, ઉદ્વેગ, એકબીજાની સાથે ઝઘડવું, એકબીજાની સાથે મેળાપ આપણો ના થાય મનથી. ને આવાં બધાં કારણોથી આવાં સંઘર્ષણોથી ફિકર, ચિંતા, ઉદ્વેગ, સંઘર્ષણો, એકબીજાની સાથે બનવું નહિ. આ બધાં કારણોથી અસર શરીર ઉપર ઘણી ભારે થાય છે. ઉશ્કેરાટ થઈ જાય. એનીય ઘણી અસર. આ બધા શરીર આના લીધે ક્ષીણ થતું જાય છે. એ આપણા માનવામાં આવે કે ના આવે પણ આ હકીકત છે. અને એને લીધે આપણાં આયુષ્ય પણ ટૂંકાં થઈ જાય છે. આયુષ્ય ટૂંકાં થઈ જાય છે, ત્યારે આપણા લોકોએ એ જોયું કે સાલું આ બધું ઘટી જાય છે. તો આપણું શરીર તો મજાનું રહે. આનંદમાં રહેવાય. હળવા ફૂલ રહેવાય. તો એમાંથી આ હઠયોગની પદ્ધતિ નીકળી.

હઠયોગની પદ્ધતિ એટલા માટે નીકળી કે આપણા અસલના ઋષિમુનિઓને થયું કે સાલું આપણે ચેતનને અનુભવવું છે. ભગવાનને આપણે અનુભવવો છે. ત્યારે એમ લાગ્યું કે સાલા, આ ટૂંકા ગાળામાં આપણું શરીર તો આટલો વખત પછી તો જતું રહે છે. મરી જાય છે. તો આપણું શરીર જીવે. ત્યારે વધારેમાં વધારે જીવે તો આપણે આ કરી શકીએ. તેમાંથી આ વિદ્યા નીકળી હઠયોગની. લાંબામાં લાંબું આપણું શરીર ટકે. એ સાતસો આઠસો વર્ષ સુધી ટકી શકે એવા દાખલા છે. તે એ હઠયોગ.

# આયુર્વેદની ઉત્પત્તિ

એવી જ રીતે આયુર્વેદ છે. એ પણ દવાનો. એટલા જ માટે નીકળ્યો કે આપણા લોકો સાધના કરતા હતા. ભગવાનને અનુભવવાને માટે તપશ્ચર્યા પણ કરતા હતા, પણ સાલું શરીરને રોગ થાય. તાવ આવે ને તરિયો આવે, ગૂમડાં થાય ને ફલાણું થાય. ને ત્યારે એ લોકોએ વિચાર્યું સાલું આપણે આ રોગ આવે છે, તે માનસિક પંચાત થાય છે. શરીરથી બચાતું, શરીરથી ધાર્યું કામ લેવાતું નથી. માટે એ કરોને. પછી આ ઋષિમુનિઓ પહેલા-વહેલા થયા આ ચરક. તે પહેલા આ વિદ્યા હતી ખરી પણ એના બે ઋષિમુનિઓ ચરક અને સુશ્રુત થયા.

આજે એ બધાંને મારે કહેવાનું હવે હું કહું છું કે તમે એક ઝાડના ગુણધર્મ ખોળતાં ખોળતાં તો કેટલો વખત તમારો નીકળી જાય. તો આ અમારા ચરક અને સુશ્રુતે લખેલું છે .... કે સાહેબ. આ મોઢાની વાત નહિ. આ લખાયેલું છે કે ચરક અને સુશ્રુતે અનેક ઝાડપાનનાં ઝાડપાન નહિ વેલાઓ સુધ્ધાં, અને નાનામાં નાની વનસ્પતિના ગુણધર્મ લખ્યા છે. એક જ જિંદગીની અંદર એ કેવી રીતે જાણી શક્યા ? તો એ અનુભવી હતા. એ એમનું મિશન હતું આ. આ મારાથી નહિ થઈ શકે એ અથવા તો કોઈ બીજા અનુભવીથી પણ થઈ નહિ શકે એ. આ જેનું જે મિશન હોય તે એ કરી શકે.

અને ચરક અને સુશ્રુતે આ એક મિશન લઈ લીધું કે આ સાધના કરવામાં આ શરીર સારું નથી રહેતું એટલે પંચાત પડે છે માટે આ શરીરનું આરોગ્ય સુંદરમાં સુંદર રહે તો આપણે આ સારું કામ કરી શકીએ. એટલે એમાં પડ્યા એ લોકો. એટલે એમણે ચેતન જેણે પ્રાપ્ત કર્યું છે. અનુભવ જેણે કર્યો છે, એનો એક ગુણધર્મ તાદાત્મ્ય થઈ જવાનો. આ બ્રહ્મ છે. ચેતનાશક્તિ છે. એ પણ બધાની સાથે એ તદ્રૂપ થઈ જાય. એકરસ થઈ જાય એની

સાથે. પાછી નોખી પણ ખરી. એકરસ થઈ જાય છતાં પાછી નોખી. એની સાથે તાદાત્મ્ય થઈ જાય. જેવો હોય તેવો એ થઈ જાય અને પાછો પોતે નોખો.

એટલે આ ઋષિમુનિઓએ જે તે વનસ્પતિ સાથે દરેક એકરૂપ થઈ ગયા અને નોખા હોવાથી, એમાં એક ખરા પણ પાછા નોખા, સાક્ષી હતા. એટલે એના ગુણધર્મ જાણી લીધા અને આ બધું લખ્યું. એક જિંદગીની અંદર આટલાં બધાં વનસ્પતિ, ઝાડો, વેલો, ફૂલ-પાન, દરેકના ગુણધર્મ લખવા કાંઈ સરળ વાત નથી. તમે ગમે તેને પૂછો આખી જિંદગી લાગે છે.

આપણી વનસ્પતિમાં જીવન છે. તેને પણ લાગણી છે. અને ઘવાય છે તો એને દુઃખ થાય છે. આનંદમાં હોય છે ત્યારે એનાં આંદોલનો જુદા પ્રકારના. આ પુરવાર કરવાને, એક જ વસ્તુ પુરવાર કરવાને કેટલો બધો વખત થયેલો અને હકીકતે આ બનેલી વાત છે. ત્યારે આ ઋષિમુનિઓએ અનુભવથી આ ખોળી કાઢ્યું. તેવી રીતે હઠયોગ થાય. શરીર વધારેમાં વધારે ટકે તો ચેતનને અનુભવાય, કારણ કે આ તો શરીર ચાલ્યું જાય છે એટલા માટે એમાંથી આ હઠયોગ નીકળ્યો. પહેલાં ન હતું. આરોગ્યની વિદ્યા પણ એમાંથી જ નીકળી.

## ગુરુપૂર્ણિમાની ઉત્પત્તિ

એવી રીતે આ જે વેદોનું જ્ઞાન જ્યારે હતું, ત્યારે આ ગુરુની પ્રથા ન હતી. બિલકુલ કોઈ ગુરુની પ્રથા જ ન હતી. પછી ત્યારે એ ભાવના Predominant હતી. જીવનમાં સ્વાર્થ, રાગદ્વેષ, કામ, ક્રોધ એ બધા હતા નહિ. હતા તો ખરા પણ તદ્દન ગૌણ સ્વરૂપમાં. મોખરામાં મોખરે આ છે તે. આ સંસ્કૃતિ હતી. ભાવનાની. જીવનમાં આપણે ચેતનને અનુભવવું. અને ચેતનના પ્રકારની જ ભાવના હતી લોકોમાં. સૌની એ સ્થિતિ હતી.

એના ઉપરથી આપણે કાળ થયા. કે કોઈક કાળે સત્યુગનું મહત્ત્વ. કોઈક કાળે દ્વાપર, કોઈક કાળે ત્રેતાયુગ. કોઈક કાળે કળિયુગ. તો આજે આ પ્રપંચ કાળ છે. કળિયુગનો કાળ છે...

આ કાળની આખી યોજના તો પછી નીકળી. કે અસલના વખતમાં તો ભાવના પુષ્કળ Predominant. તે ત્યારે કોઈ ગુરુની પ્રથા ન હતી. પછીથી ભાવના જેમ જેમ મોળી પડતી ગઈ. એ મોળી પડતી ગઈ ત્યારે પછી આપણા ઋષિમુનિઓને થયું કે આ બરોબર નહિ. આ તો ભાવનાનો નાશ થઈ જાય અને આ કંઈ રહે નહિ. અને ભાવના ના રહે તો સંસ્કૃતિ કેવી રીતે ટકે ? સંસ્કૃતિ ટકવાને માટે ભાવના. તો તે ભાવના એટલે શું ? તો એમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ, આશા, ઈચ્છા, કામના વગેરેની વૃત્તિ ના હોય તે.

તો કે સાલું એ તો બહુ અઘરું છે. તો કે એના કરતાં ભઈ આપણે जीवदशामां કાંઈક કરી શકીએ. **એવું શું કરી શકીએ તો ભાવના આપણી રહે અને રાગદ્વેષ ઓછા થાય. બધાંની સાથે તમારાં દિલ કરો. બધાંની સાથે તો કે એ ના કરે તોય ? તોય તમારે સદ્ભાવ રાખવો. તો તમે સદ્ભાવ રાખો તો તમારા મનમાં તો શાંતિ થશે. તમારા મનમાં તો સંઘર્ષણ ઓછું થશે. તો ફલાણો આવું નથી કરતો ને મારે જ કરવાનું ? તો કે ભઈ તારે ગરજ હોય તો કર તું તારે. નીકર કોણ તને કહે છે?**

તો આપણા લોકોએ આ વિચાર્યું કે આમ કર. એટલે તે પછી તો આ બધું શિખવાડે કોણ આપણને ? આ બધું કોણ કહે ? આમાંથી આ ગુરુની પ્રથા નીકળી. અને પહેલવહેલા આદ્યગુરુ કહીએ તો વ્યાસ ભગવાન થયા. અને તમે જુઓ આજે કોઈને પણ પૂછો તો ગુરુપૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા કહેવાય છે. આજે તમે અહીં પૂછશો અને અમારે ત્યાં પણ આખા હિંદુસ્તાનમાં બધે. આ ગુરુપૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા કહે છે એટલે પહેલવહેલા વ્યાસ થયા. વ્યાસ કયા કે જેણે આ ભાગવત્ અને મહાભારત અને આ બધાં જેણે કાવ્યો લખ્યાં છે તે મહાપુરુષ.

વ્યાસ ભગવાન પણ આ પાંડવો-કૌરવોના ગુરુ હતા. એમને મુશ્કેલી થતી તો વ્યાસ પાસે જતા. અને એ ઘણાં વર્ષો સુધી વ્યાસ જીવ્યા છે. Generations (વંશપરંપરાગત) સુધી તો ચાલે. કોઈ કહે સાલું આ તો ગપ્પાં. તો આપણે સાતસો વર્ષ જીવીએ જ. આપણી કલ્પનામાં આવે એવી વાત નથી, પણ એ હકીકત છે. હઠયોગથી આ સિદ્ધિ મેળવી શકાય છે. એ પાકી વાત છે. જે શાસ્ત્રને આપણે જાણતાં ના હોઈએ તો તેને આપણી બુદ્ધિ કાંઈક એને સાચું સમજી શકતી નથી. ત્યારે આ હકીકત બધી.

એટલે આ ગુરુની પ્રથા વ્યાસ ભગવાનથી શરૂ થઈ. અને પછી પરંપરા ચાલી. ત્યારે ગુરુ તો ગતાનુગતિક રીતે. જેમ મંદિરમાં દર્શન કરવાં જઈએ તો જઈએ રોજ આપણે પૂજા કરતાં હોઈએ તો પેલો રિવાજ પડી ગયેલો, તે પ્રમાણે કરીએ. હવે તે તો એ વિશે થયું. મંદિરે દર્શન કરવાનુંય નીકળી ગયું. એ જાણે કે ગતાનુગતિક રીતે Mechanically એક રિવાજ હતો તે સારો હતો કે કોઈ કાળે એ પદ્ધતિથી ભગવાનનો વિચાર તો તમને આવશે ભાઈ.

## મંદિરોની ઉત્પત્તિનું કારણ અને હાલનું સરકારી વલણ—મંદિરો પ્રત્યેનું

મંદિરો પણ એટલાં જ માટે થયેલાં કે એ બહાને આ મનુષ્ય-સમાજ ભગવાનનો કાંઈક વિચાર કરતો થઈ શકે. તો આજે કાળ એવો છે કે મંદિરો પણ ભુસાઈ જાય એવો કાળ છે. એનેય ભુસાવાનો પ્રયત્ન થાય છે. જે બ્રાહ્મણ જે ભાવથી પૂજા કરે એવો કાંઈ પેલો હરિજન પૂજા કરી શકવાનો છે કોઈ ? એનામાં તો છે નહિ. એના લોહીમાં નથી એ, પણ આજે કાળ એવો આવ્યો છે કે પૂજારી થઈ શકશે. કાયદાથી સાહેબ. એટલે સરકારનું પણ આજે મંદિરોની આખી સંસ્કૃતિ જ ભુસાઈ જાય એ જાતના પ્રયત્ન છે. આમ તો થયો જ છે કાયદો. કે હરિજન જ પૂજારી રાખવા. મંદિરમાં પણ.

અને એ અમલમાં કેટલો આવ્યો છે તે તો ભગવાન જાણે, પણ કાયદાની પોથીમાં આવી ગયું છે. અને અમારે ત્યાં પણ એવું થવા લાગ્યું છે. હરિજનોની વાત નથી થઈ પણ ગમે તેવા લેભાગુ માણસો પૂજારી થાય છે.

## દિલના ભાવથી ગુરુ કરો ને કાળ પ્રમાણેની શિખામણ

એટલે આ કાળ એવો આવ્યો છે કે આપણી સંસ્કૃતિ ભુસાઈ જાય એવું આ કાળનું લક્ષણ છે. ભઈ, આમ તો ગુરુની વાત કરતો હતો. તે વ્યાસ ભગવાનથી આ પ્રથા શરૂ થઈ. એટલે **ગતાનુગતિક રીતે ગુરુ કરવાનો કોઈ અર્થ નથી. તમારો ગુરુમાં ભાવ હોવો જોઈએ. દિલનો ભાવ હોવો જોઈએ. જેમ તમારાં છૈયાં-છોકરાં, ઘરબાર, પત્ની-પરિવાર, ધંધો-ધાપો, પ્રતિષ્ઠા આ બધાંમાં તમારું દિલ રહે છે. એવું ગુરુમાં કાંઈ રહેતું નથી તો ગુરુ કરવાનો કોઈ અર્થ નથી.** જેમ તમારાં છૈયાંછોકરાં, પત્ની-પરિવારને માટે જે કાંઈ કરો છો અને કરવું પડે. તમે ના કરો તો પંચાતી. તમારે કરવું જ પડે. છૂટકો જ નહિ. અને આખરે તો એ તમારા બધાંના સંરક્ષણ માટે. દા.ત., તમે મને ઘરેણાં કરાવો તો પ્રથમ ઘરેણાં બધાં ઉપયોગમાં આવે. તો એ ઘણું જરૂરનું છે સાહેબ... એ ના કરતાં હોય તોયે કરાવજો જ. એ ટકે એવું છે. સોનાનાં ઘરેણાં ના કરાવતા હોય તો કરાવજો. અમારા લાલાજીને હું કહું છું, કારણ કે એ બધું અમારા મામાના મોટા દીકરા છે. એને કોઈ ઠેકાણે જવાનું ગમે નહિ. અમદાવાદ જવાનું હોય તોય બેળે બેળે. આનંદથી નહિ.

ત્યારે પણ આ કાળ એવો આવે છે કે ભઈ કરાવજો. એ રહેશે તમારી પાસે. કાંઈ નહિ તો અહીંથી નાસવાનું થાય તો એને હાથમાં મૂકીને જોડે લઈ શકાશે. અને કાંઈક હાનિ થઈ તો એટલું બચવાનું સાધન તો થશે. હવે એ તો બીજી વાત થઈ.

## અહમ્‌ને મોળું પાડવા પગે લાગવાનો રિવાજ

અને આ જે ગુરુ છે તે તમારો દિલનો ભાવ ન હોય તો ગુરુ ખપમાં નહિ લાગે. અને હું આ કુટુંબમાં રહ્યો છું તે એક છોકરા તરીકે રહ્યો છું. તમારા કુટુંબનું હું છોકરું છું. મારો હંમેશનો ભાવ રહેલો છે. અને છોકરા તરીકેનો મારો ભાવ વફાદારીથી હું બજાવું છું. સાબિત તો કરી નથી આપી શકતો. તમારું દિલ ને મન જે કહેતું હોય તે ભલે કહે. બાકી હું કાંઈ ગુરુ તરીકે બધાંને ના કહું છું. હું તો બધાંને કહું છું. તમારે મને પગે લાગવું નહિ. પગે લાગવાનું તો એટલા માટે નીકળેલું છે કે તમારું અહમ્ મોળું પડે. **કોઈને તમે નમો તો તમારા અહમ્‌ને મોળું પાડવાની ભાવનાને માટે આ રિવાજ પડેલો. એ વખતે એ સભાનતા રાખો કે આપણે આ અહમ્ આપણું મોળું પાડવું છે.**

અહમ્‌ને લીધે ઘણા દોષો આપણાથી થતા હોય છે. અહમ્‌ને લીધે જ આપણાથી એકબીજાની સાથે ભળાતું નથી. એકબીજાની સાથે પ્રેમનો, ખુલ્લા દિલનો નદીનાં પૂરના જેવો ઉમળકાનો ભાવ આપણને જાગતો નથી. એકબીજાની સાથે વહેવારમાં એનું કારણ આપણું અહમ્ છે. અહમ્ જ એકબીજાને લડાવી મારે છે. ત્યારે આપણા ઋષિમુનિઓએ જોયું કે સાલું આ જ ખરાબ કારણ છે. એ અહમ્ બધાંનું મોળું પડે તો સાહેબ બધાંને પગે લાગવાનો રિવાજ પાડો, અને તે વખતે દરેક મનમાં વિચારે સાલું આ મારા અહમ્‌ને મારે મોળું પાડવું છે. એવી રીતે ઘણે ઠેકાણે એ પગે લાગે તો પેલો રિવાજ હોય તો એને યાદ આવે કે સાલું આ શાને માટે છે આ રિવાજ ? કે મારા અહમ્‌ને મોળું પાડવાને માટે છે, પણ એ તો ચાલ્યું ગયું આજે. હું તો જાહેરમાંય કહું છું આજે. ના ગમે તો કોઈ પગે લાગશો નહિ ભઈ. મારા હાળા અમસ્તા અમસ્તા એવાઓ. તમારા મનમાં તો કશો ભાવ છે નહિ. પગે લાગવાનો ભાવ નથી. તે વખતે કોઈ ઊર્મિ કે કોઈ લહર ઊઠેલી તો મને લાગતી નથી.

તો એવું પગે લાગવાની જરૂર શી ભઈ ? પણ આ તો મેં તમને એનું રહસ્ય શા માટે આ બધી પ્રથાઓ નીકળી એનું રહસ્ય તમને સમજાય એટલા માટે કહું છું.

## પોતાની શાંતિ માટે તો સદ્‌ભાવ રાખો

ત્યાર પછી એમાંથી આ ગુરુનો ભાવ નીકળ્યો. પહેલાં તો આ મુદ્દલે ના મળે. તો એ નીકળતાં નીકળતાં પછી એ એક ચોકઠું થઈ ગયું. જેમ પરણવું. છૈયાંછોકરાં થાય. પછી એમને ભણવા મોકલીએ. આ બધો વહેવાર કરવો એ બધું Mechanical થઈ ગયું. ઘરેડ. એ ઘરેડમાં કદી પ્રાણ પ્રગટતા નથી. એ ભાવ જાગવો બહુ અઘરી વાત છે. અને એ ભાવ હોય તો જ સામાના દિલ આપણને Response આપે છે. પણ ભાવ હોય કે ના હોય આપણી પોતાની શાંતિને માટે, પ્રસન્નતાને માટે, આપણને મનથી હળવાશ લાગે, કોઈ ઓથાર ન લાગે આપણા મનને એટલા માટે આપણો સદ્‌ભાવ. બીજાને માટે નહિ. આપણા પોતાના જ માટે. તમો એકબીજાની સાથે બધા પૂર્વગ્રહ છોડી દઈને જો સદ્‌ભાવ રાખશો અને એ પ્રમાણે વર્તાવ તમારો થશે તો તમારા મનથી તમે સમજી લેજો કે આપણને કેટલી એનાથી શાંતિ હશે ? બીજા કોઈ વર્તે કે ના વર્તે તે છોડી દેજો. એ ખ્યાલ જ છોડી દેજો.

## સદ્‌ગુરુ પાસે ખુલ્લા થાવ—મોટાનું કાર્ય સમાજનું કાર્ય છે

એટલા માટે આ સદ્‌ગુરુની પ્રથા આપણા માટે નીકળી છે કે ખુલ્લા દિલથી બધી વાત કરજો. એ કાંઈ કશાથી આવરાઈ નહિ જાય. તમે એને ખાવા-પીવાનું બધી જરૂરિયાતો પૂરી પાડજો. તો એથી કરીને એ લેવાઈ નહિ જાય. કે ખાધું છે માટે એ તમારું સાચું જ બોલશે. હું દાખલો મોજૂદ છું. તમારું ખઉં છું. તમારા એકલાનું તો બહુ થોડું ખઉં છું ભાઈ. તમે મને આપો છો એના કરતાં બીજે ઘણું મને વધારે મળે છે સાહેબ. એ હકીકતની વાત છે. માટે એ

તો તમે ભૂલી જ જજો. મને આપશો તો ગુજરાતની સમૃદ્ધિને માટે આપો છો. આ કાંઈ ચૂનીલાલ ભગત આ **મોટો** બેઠો છે એને કાંઈ છે નહિ. એ તો ગુજરાતને માટે કામ કરવા આખા દેશને માટે કામ કરવાવાળો. એમાં પૈસા ખર્ચાય છે તો આપીશું એ તદ્દન સાચેસાચી સો ટકાની વાત છે.

## ધનનો સદુપયોગ કરો

એટલે આપો છો એ તો તમારું કર્તવ્ય છે. આપવું જ જોઈએ. એટલા તમે ધન્ય. એટલું જો તમે કર્યા કરો. એ તો તમારું રહેવાનું હતું ને કાળે કરીને કેટલાય પૈસાદાર માણસો ગરીબ થઈ ગયેલા જોઈએ તેટલા દાખલા મળશે. **માટે આ જે તમને મળ્યું છે એનો સદુપયોગ કરો. તમારા ધનનો, વૈભવ, વિલાસ. હું તો ઘણાંને કહું છું કે એકલા સ્વાર્થમાં પડી રહેશો તો નહિ ચાલે આ કાળમાં. આ ધન તમારા એકલા બાપનું નથી. બધે છડેચોક મારા પ્રવચનમાં. પૈસાદાર લોકોને પણ કહું છું. માટે તમને અત્યારે ધન મળ્યું છે. તો એનો સદુપયોગ કરો. ગમે તેમ વાપરી દેવાને માટે ધન નથી.** એનો અર્થ એમ નહિ કે કંજૂસાઈ રાખીએ, કે ધન વાપરવું જ નહિ. ધન વાપરો. પરમાર્થમાં વાપરો. પરમાર્થ પહેલો કરો, પણ એ થવાનું નથી એ પણ હું જાણું છું.

## સાચી ભાવના ત્યાગ કરાવે છે

પણ આજે પ્રથા એટલે આજે પ્રથાની વાત કરું છું એટલે કહું છું. ત્યારે ગુરુ કરવા તે Mechanically ઘરેડની માફક કરવા એનામાં જો ભાવ ના હોય તો કંઈ અર્થ નથી. અને ભાવ હશે તો કાંઈ જણાયા વગર રહે જ નહિ. ભાવમાં ત્યાગ રહેલો છે. ભાવ જાગે તો એને માટે કાંઈક ને કાંઈક આપણે કરતાં થઈએ તો ભાવ. નીકર નહિ સાહેબ. ખાલી ખોટું બોલો છો તમે. દંભ છે!

હું ખારમાં એક ઠેકાણે ગયો હતો. આ હરિ હાજર હતો સાહેબ એના માટે હું હરિને એટલા માટે નામ દઉં હરિ હાજર હતો. તે કૉલેજમાં જાણીતા યાજ્ઞિક સાહેબ પ્રિન્સિપાલ. જેવી તેવી વ્યક્તિ નહિ તેણે બધા મારા આ સાહિત્યના કારણે વખાણ બહુ કર્યા. મેં કહ્યું સાહેબ મારે આ વખાણ જોઈતા નથી. આ વખાણની સાથે ચેક લાવો તો તમે બોલો છો તે સાચું. બાકી ગપ્પાં. આ હરિ બેઠો હતો ને મેં કહ્યું. તો એ માણસ સમજી ગયો સાહેબ. તે એણે પૈસા આપ્યા છે. તે આને માટે જેટલા પૈસા મેં લખ્યા છે.... ના જે લખાણ મેં કર્યું છે ને મને મળે છે તે તમને આપીશ જાવ. તે પૈસા આપી દઈશ હરિના દેખતાં.

## મોટાને કુટુંબી ગણો તો ભક્તિ તો બતાડો

હું તો બહુ ચોખ્ખું કહેનારો માણસ. હું તો નથી કહેતો ઊલટો. આ ભાઈ અમારા કહે કે **મોટા** કુટુંબ ગણો ત્યારે... કુટુંબનો ગણાઉં તો તમારા... અહીં મારી સામું ના જુઓ સાહેબ. શી રીતે કહું ? તમે તમારી પાત્રતાને જુઓને સાંભળવાની ને સ્વીકારવાની. હું તો કહું તમારા બધા ભાઈઓ એક થઈ જાવ તો કંઈ થાવ છો ? કાગળે નથી લખ્યો મેં તો. શી રીતે તૈયારી ? કુટુંબ શી રીતે ગણું હું ? તમે ભક્તિ તો બતાડો. કુટુંબના કહેવા પ્રમાણે. હવે બીજાને કહું છું સાહેબ આ પૈસાદાર લોકોની સાથે કહેવામાં તો બહુ ચોખ્ખી વાત કરું છું. આ નંદુભાઈ સાક્ષી છે. તમારા કરતાં બહુ કેટલો મોટો પૈસાદાર. એક જ મને પૈસાદાર તો મળ્યો છે. પણ એનેય ચોખ્ખું સંભળાવી દીધું સાહેબ. હું તો કોઈની શેહમાં તણાઉં નહિ. એના બાપનું થોડું ખઉં છું ? પણ અહીં તો હું તો સંકોચ રાખીને વર્તું છું. બહુ સંકોચ રાખીને વર્તું છું. તમને ખ્યાલમાં જ નહિ આવે. પણ મને ખ્યાલમાં છે. આ તો ભાઈએ કહ્યું મને સવારે વાત. કે કુટુંબ ગણો તો બધે કહેતા તો ખુલ્લું શું ? આજે ખુલ્લું કહું. કરજોને હું રાજી થઈશ. તમારે બધાંને પગે પડીશ. કરજો ભઈ. તમારા લાભની વાત છે.

## મરણાંતે પણ ગુરુઆજ્ઞાનું પાલન

પણ આ તો પ્રથાની વાત કરતો હતો. કે ગુરુની આ પરંપરા થઈ. પણ ગુરુ ખાલી ખાલી કરવાનો કશો અર્થ નહિ. ગુરુ આપણા ભાવને માટે જે કાંઈ કરવાનું છે સાહેબ. મેં તો એવા ગુરુના હુકમ પાળ્યા છે કે મરી જવાય એવા. સમુદ્રમાં ચાલી જવાનો હુકમ કરેલો. તાકાત છે કોઈની તમારામાંની ? અને હેમંતભાઈ સાથે હતા સાહેબ. એમ ને એમ નહિ. મારા ગુરુમહારાજ કહે કે કોઈ સાક્ષી રાખજે. ચાલી ગયેલો. કેટલાય એવા હુકમ મેં પાળ્યા છે. ત્યારે ગુરુ કરવો. હું તો કહેતો નથી બધાંને કે મને ગુરુ કરો. તમારા કુટુંબનું છોકરું છું અને પુરવાર થઈ ગયેલું છે સાહેબ. કે ગુજરાતમાં એક **મોટો** પાક્યો છે. આવું સમાજનું પરમાર્થનું કામ. હમણાં જ લખાણ આવ્યું હતું. છાપેલું કોક છાપાંમાં. ભઈએ કાલે જ મને વંચાવ્યું. **તમે ગણો કે ના ગણો તોયે પણ મારી પ્રાર્થના કુટંબની સાથે, આ તમારા વેપારમાં પણ છે, પણ કાળ એવો આવે છે કે મારી પ્રાર્થના પણ ફળીભૂત નહિ થાય. માટે તમે ચેતો તો સારું છે,** પણ એ વાત બીજી છે.

## ચેતનાનિષ્ઠનાં લક્ષણો દાખલા સહિત

આ પ્રથા આવી ગુરુની. તો એને એમ ને એમ ખાલી ખાલી Mechanically ઘરેડની માફક કરવાનો કશો અર્થ નહિ. એ તો વફાદાર માણસ છે. ગુરુ હંમેશાં વફાદાર. એની વફાદારીની તોલે કોઈ સંસારી માણસ આવી શકે એવી તાકાત નથી. મેં આ સદ્‌ગુરુ પર લખ્યું છે. એમાં પણ લખ્યું છે કે એ વફાદાર છે. ચેતનમાં નિષ્ઠા પામ્યા છે એવું એનું કે તમને એવો અનુભવ થયો છે ? તમે આવા છો એની ખાતરી શી ? અલ્યા અત્યારે હું જીવતો છું. ખાતરી શી... મારા આટલા રોગો છે. એ રોગો તો પુરવાર થઈ શકે. મેં એમ તો એક જાહેર પ્રવચનમાં કહ્યું છે પાછું કે એ પાંચ હજાર રૂપિયા કોઈ મને આપે ને ક્લિનિકમાં

મને બેસાડે ને મારા શરીરને તપાસે. કે મગજમાં ઝામર છે. આંખોમાં ખીલ છે. ગળામાં રોજ બળે. સૂતી વખતે ને બપોરે સૂતી વખતે બળે છે. વિચારી જુઓ ગળાનું દર્દ. પછી આ દમ તો દેખીતો છે. પછી આ fluctuating B.P., fluctuating pulse, પણ એમ. ડી. ડૉક્ટર સાહેબ તપાસે. **મોટા**, તમારી pulse સો છે. આજે તપાસી ત્યારે જ. આજે. મારી વાત નથી આ. પૂછો અહીં બેઠા છે કે fluctuating pulse પણ છે અને fluctuating B.P., ત્રણ ઠેકાણે spondilitis, કમરમાં, બરડામાં અને ગળામાં, હરસ-મસા, પ્રોસ્ટેટ ગ્લેન્ડઝ, સાહેબ રાત્રે તો એટલી હેરાનગતિ થાય અને દિવસે થાય પણ કોને કહેવાનું. એ તો મારી જાતે કોઈને કહેતો નથી. ઑપરેશનેય થાય. એવાં ઘણાં દર્દો. કેટલાંક ગણાવું ? પેટમાં પણ છે. આ Acidity પાછી વધારે વર્ષ થઈ ગયું મારું બેટું. આ મારા આશ્રમમાંથી મુંબઈથી નીકળ્યો ત્યારથી વળગેલી પણ જાહેર થઈ મારી બેટી....... માં જાહેર થઈ. હશે ભાઈ. એનેય રહેવા દો. પણ એટલા બધા રોગની વચ્ચેય હું હરું છું, ફરું છું, વાતો કરું છું. કાલે બસો ને વીસ માઈલની મુસાફરી કરી. મને વેદના થતી હશે તે મારું મન જાણે છે, પણ બાલાકાકાને ત્યાંય બધી આનંદથી વાત કરી. સ્વસ્થતાથી સાહેબ. અને અહીંયાં આવ્યા તો બધાંને પ્રેમથી બોલાવ્યા કર્યા, આનંદથી વાતો થઈ. કોઈ તાકાત નથી કે કોઈ શરીરનાં આટલાં દર્દો સાથે. પણ એ તમે પુરવાર કરી શકો. આજે તો આવાં દર્દોની વચ્ચે એણે સર્જન કર્યું છે.

આ કુંભકોણમ્ આશ્રમમાં આજે હું ખાલી રહેતો નથી. 'જિજ્ઞાસા', 'ભાવ', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મ-ઉપાસના' એવાં લખ્યાં, અને આ સુરતના ભટ્ટના દવાખાનાની અંદર બાર દિવસ આર. કે. દેસાઈએ મને રાખ્યો. ત્યાં મેં આ 'સ્વાર્થ' ઉપર લખી નાખ્યું. આખુંય શાસ્ત્ર. જેને વાંચવું હોય તો વાંચજો. જો જો તમે. બહુ સરળ મારું લખાણ હોય છે. બધાંને સમજાય. આવાં દર્દોની અંદર મારો ભઈ છે તે કવિ ભારે, મારા કરતાંય મોટો સાહેબ, તે હું એને કહું નિવેદન સાથે. અલ્યા મૂળજીકાકા, તું કાંઈક કાવ્યો લખ. પણ તને છાપાંનો આટલો બધો રસ.

તો મંગાય. શું વાંચે છે ? મારું આખું મન જ આ મારી વેદનામાં છેને. ત્યારે એ કાંઈ સહેલું નથી ભઈ. આટલા બધા રોગો સાથે આવી રીતે હરવું, ફરવું, બધાંની સાથે આનંદથી વાતો કરવી અને આવું સર્જન થવું એ બધું દેખીતું ઉઘાડું જોઈ શકો છો. એ કાંઈ માન્યામાં ના આવે તોપણ. અને પછી તમારું શરીર. મારો ભગવાન મારી દ્વારા અને વર્ષે દહાડે બાર-બાર ચૌદ-ચૌદ લાખનાં અમારાં કામ થાય છે. મળે છે. પણ સાહેબ સંકલ્પ મારો ભગવાન ફળાવે છે, પણ તમારે ક્યાં જોવું છે ? પ્રકૃતિ જિવાડે ચેતનાને સાહેબ તો અમે માનીએ, પણ આ માનવાનું તમારે કરવું હોય તો કરો. આ દેખીતું છે. પણ એ તમારા ખ્યાલમાં નહિ આવે. તમારા ગળે નહિ ઊતરે. અને તમારે તો માનવું છે નહિ. પછી મારે શું કરવું ? પણ મારા હાથમાં. હું તેથી નિરાશ થતો નથી.

કારણ કે જગતે આવા લોકોનો હંમેશાં ઇન્કાર કરેલો છે. ઈશુ ભગવાનનો પણ ઇન્કાર કર્યો છે. એકે એક જે આવા મહાન સમર્થ થયા છે તેનો જગતે ઇન્કાર કર્યો છે. એનો ઇન્કાર કર્યો છે એનું એમને દુઃખ નથી. તેથી નિરાશ પણ થતો નથી. એનો ભાવ હંમેશાં ટકી રહે છે. એમાં એનું સ્ખલિત — એનું સ્ખલન થવાપણું કદી બનતું નથી. એવા માને કે ન માને એની સાથે એને નિસબત નથી.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪. સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ, માતા : સૂરજબા, પિતા : આશારામ, અટક : ભાવસાર.

૧૯૧૬ : પિતાનું અવસાન.

૧૯૦૫ થી ૧૯૧૮ : તૂટક અભ્યાસ સાથે આકરી મજૂરી.

૧૯૧૯ : મૅટ્રિક પાસ

૧૯૧૯-૨૦ : વડોદરા કૉલેજમાં.

તા. ૬-૪-૧૯૨૧ : કૉલેજ ત્યાગ.

૧૯૨૧ : ગૂજરાત વિદ્યાપીઠ.

૧૯૨૧ : વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

૧૯૨૨ : ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ પરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, ‘હરિઃૐ’ જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

૧૯૨૩ : ‘તુજચરણે’ તથા ‘મનને’ની રચના.

૧૯૨૩ની વસંતપંચમીએ પૂ. શ્રીબાલયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને – સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

૧૯૨૬ : લગ્ન - હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

૧૯૨૭ : હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ - પરિણામે ‘હરિઃૐ’ જપ અખંડ થયો.

૧૯૨૮માં ‘તુજ ચરણે’ ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

૧૯૨૮ : પહેલી હિમાલય યાત્રા.

૧૯૨૮ : સાકુરીના પૂ. શ્રીઉપાસનીબાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

૧૯૩૦ : મનની નીરવતાનો સાક્ષાત્કાર.

૧૯૩૦ થી ૧૯૩૨ દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ - દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ - મૌન, વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું — ‘જીવનગીતા’.

૧૯૩૪ : સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪ થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરીબાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા પર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન — આદેશ — સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

૧૯૩૯ : ૨૯-૩-૩૯, રામનવમી, સંવત ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું.

'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન

૧૯૪૦ : (તા. ૯-૯-૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

૧૯૪૧ : માતાનું અવસાન.

૧૯૪૨ : હરિજન સેવકસંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યા છાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

૧૯૪૩ : ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

૧૯૪૫ : હિમાલયની યાત્રા - અદ્ભુત અનુભવો.

૧૯૪૬ : હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

૧૯૫૦ : દક્ષિણ ભારતનાં કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

૧૯૫૪ થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

૧૯૫૫ : (૨૮-૫-૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

૧૯૫૬ : (૨૩-૪-૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

૧૯૬૨ થી ૧૯૭૫ : શરીરના અનેક રોગો — સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

૧૯૭૬ : ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા.૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતમાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવામાં સૂચના.

॥ હરિઃૐ ॥

# જનકલ્યાણની પ્રવૃત્તિઓ

મૌનમંદિરની સાધના ઉપરાંત, શ્રીમોટા તરફથી હરિઃૐ આશ્રમો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની લોકકલ્યાણની પ્રવૃત્તિઓ પણ થાય છે.

૧. ભક્તિ પરત્વેનાં અને ભાવનાત્મક સાહિત્યનાં મૌલિક સર્જનો.

૨. બાળકોમાં ગુણ અને ભાવના પ્રકટે એવાં મૌલિક વાર્તાનાં સર્જનો.

૩. બહેનો અને માતાઓના જીવન પરત્વે સમાજના માનસમાં સદ્‌ભાવ, આદર અને માન પ્રકટે એવા સાહિત્યનું સર્જન.

૪. ''જ્ઞાનગંગોત્રી'' સંદર્ભ ગ્રંથો (Book of Knowledge)નું સર્જન. 'બાલભારતી', 'કિશોરભારતી', વિજ્ઞાનશ્રેણીના ગ્રંથો તથા સર્વધર્મી તત્ત્વજ્ઞાનદર્શન–શ્રેણીના ગ્રંથો વગેરે.

૫. માનવસમાજનાં સાહસ, હિંમત, પરાક્રમ, પ્રામાણિક્તા, ત્યાગ, સહનશક્તિ વગેરે ગુણની કદરભાવના-પ્રતીકરૂપે ચંદ્રકો આપવા.

૬. સ્ત્રીઓનાં શરીર સુદઢ બને ને તેમનામાં ગુણ અને ભાવનાના સંસ્કાર પ્રકટે તેવી સક્રિય યોજનાઓ.

૭. વિદ્યાર્થીઓમાં ગુણ અને ભાવના પ્રકટે તેવા નિબંધની હરીફાઈઓ.

૮. નાનાં નાનાં ગામડાંની નિશાળોમાં ગુણ અને ભાવના પ્રકટે એવાં પુસ્તકોની વહેંચણી.

૯. જૂના જર્જરિત થઈ ગયેલા ઓવારાઓનું દુરસ્તી કાર્ય અને જુદી જુદી સામાજિક સંસ્થાઓને સહાય.

૧૦. પછાતવર્ગની બહેનોમાં એસ. એસ. સી. ઇત્યાદિમાં પ્રથમ આવનારને શિષ્યવૃત્તિઓ.

૧૧. ખેડા જિલ્લામાં અસ્પૃશ્યતા નિવારણનું સારામાં સારું કામ કરે તેને પ્રત્યેક વર્ષે ચાંદીનો મોટો શિલ્ડ.

૧૨. નડિયાદમાં, સુરતમાં, વડોદરામાં અને રાજપીપળામાં સ્નાનાગારો, તાપી નદીમાં અને નર્મદા નદીમાં તરણ-હરીફાઈઓ, તથા અખિલ હિંદ ધોરણે સમુદ્ર તરણસ્પર્ધા યોજનાઓ તથા રાજ્ય કક્ષાએ હોડી હરીફાઈઓ તથા મેરેથોન દોડ-રેઈસ યોજના.

૧૩. યુનિવર્સિટી દ્વારા શ્રીઅરવિંદ તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા અને બીજી વ્યાખ્યાનમાળાઓ.

૧૪. ફળાઉ વૃક્ષારોપણ, પાણીની પરબ, તિતિક્ષા હરીફાઈ. વિદ્યાર્થીને મદદ, નાનાં ગામોમાં નિશાળોનાં બાંધકામોમાં મદદ, પક્ષીને ચણ, દવા-મદદ વગેરે વગેરે.

૧૫. વેદની ઋચાઓના અર્થો આમજનતાને સુલભ બને એ માટેનાં પ્રકાશનો.

૧૬. વિજ્ઞાન, ખેતી, મૅડિસિન, સર્જરી, ઇલેક્ટ્રોનિક્સ, પ્લેનેટરી એન્ડ સ્પેસ સાયન્સીસ, ગામડાંમાં અને શહેરોમાં સસ્તાં અને મજબૂત મકાનોનાં બાંધકામ આદિ ક્ષેત્રોએ એન્ડાઉમેન્ટના વ્યાજમાંથી પ્રતિવર્ષે મોટી રકમોનાં અખિલ હિંદ કક્ષાએ માતબર પારિતોષિકોની યોજનાઓ.

૧૭. વિદ્યાર્થીઓમાં શ્રમનું મહત્ત્વ પ્રકટે, તેનાં ટ્રસ્ટો અને કન્યા-વ્યાયામશાળાઓને ઉત્તેજન.

૧૮. હાઈસ્કૂલ કક્ષાનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે સાઇકલ અને દોડસ્પર્ધા પારિતોષિક ટ્રસ્ટો.

૧૯. પર્યટનો, પર્વતારોહણો, બોટિંગ, પગપાળા પ્રવાસો અને રમતગમતો દ્વારા ગુજરાતની બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓમાં સાહસ, હિંમત, નીડરતા આદિ ગુણોના વિકાસાર્થે જુદાં જુદાં ટ્રસ્ટો અને યોજનાઓ.

૨૦. સંગીત-વાદ્ય-નૃત્ય અને ચિત્ર જેવી લલિતકળાઓની સ્પર્ધાઓની યોજના અને વાર્ષિક પારિતોષિકો.

૨૧. બ્રિટિશ એન્સાઈક્લોપીડિયાની ઢબની કક્કાવારી કોશની ગ્રંથશ્રેણીઓ તથા ગુજરાતી સાહિત્યકોશ.

૨૨. ગુજરાત સ્ટેટ કક્ષાએ બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા વિષયોની પ્રતિભા શોધ અને ઉત્કર્ષ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા પારિતોષિકોની યોજના.

૨૩. રામાયણ, મહાભારત, ભાગવત આદિ ગ્રંથોની ત્રિરંગી સચિત્ર સરળ શૈલીમાં વાર્તાઓના પ્રકાશન ટ્રસ્ટોની યોજનાઓ.

૨૪. ગુજરાત કક્ષાએ લીલીસૂકી ખેતી, બાગાયત, રેશમ અને તેના રેસા, સમુદ્રશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, બાયો-જીઓ-સોઈલ કેમિસ્ટ્રી, બોટની પ્લાન્ટસ્ અને પ્લાન્ટ પેથોલોજી, ટ્રોપીકલ ડીસીસીઝ, ઍજિનિયરિંગ અને ટેક્નિકલ વિષયો, રંગ અને રંગની બનાવટો, પ્રાણીવિજ્ઞાનશાસ્ત્ર આદિ જુદા જુદા વિષયોની ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓ દ્વારા સ્પર્ધાત્મક પારિતોષિકોની યોજનાઓ.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ.

મન વાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજબ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો....ૐ શરણ.

— શ્રીમોટા

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

| | |
|---|---|
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

૩. શ્રીમોટા સાથે હિમાલયયાત્રા ૧૯૯૪
૪. શ્રીમોટાની મહત્તા ૧૯૯૫
૫. મળાયું પણ ભળાયું નહિ ૧૯૯૫
૬. મળ્યા ફળ્યાની કેડી ૨૦૦૧
૭. મોટા - મારી મા ૨૦૦૩

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |

૮. ચિદાકાશ ૨૦૦૦
૯. પ્રાર્થના પોથી ૨૦૧૦
૧૦. શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ ૨૦૧૪
૧૧. શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ ૨૦૧૬
૧૨. શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) ૨૦૧૮
૧૩. બધું આપણામાં જ છે ૨૦૧૮
૧૪. સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા ૨૦૧૮


●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट


| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |


●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**


| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |


●

॥ હરિ:ૐ ॥

શ્રીસદ્‌ગુરુનું બહુ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું સ્મરણ થાય. એમનો આભાર હું શબ્દોથી માનું તે કોઈ રીતે યોગ્ય નથી. એ તો એવા સદ્‌ગુરુનું ઋણ ત્યારે જ ફીટે, કે એણે જે દીવો મારામાં પેટાવ્યો, એવો સદ્‌ભાવ કોઈ જીવમાં પેટાવી શકાય. ભગવાનની કૃપાથી તો જ એનું ઋણ ફીટી શકે. એવું ઋણ વાળવાને માટે આ મૌનમંદિરો આશ્રમમાં મેં કાઢેલાં છે.

- શ્રીમોટા

*'શ્રીમોટાવાણી-૧-૨', ત્રીજી આ., પૃ. ૯*

કિંમત : રૂ. ૧૦/-